હમ્દ ૭૮૬ / ૯૨ નાઅત

સીરૂ ફીલ અર્દ (પા. ૨૧ સુ. રૂમ)
(અર્થ :- ધરતીનું પર્યટન કરો)

# હિજાઝની વાદી અને ફુરાતનો કીનારો

-: પ્રકાશક :-
સુન્ની મુસ્લિમ કમિટી
હવેલી શેરી, વેરી દરવાજા, ગોંડલ-૩૬૦૩૧૧. ફોન : ૨૪૭૮૬

(ઝેરે સરપરસ્તી મૌલાના પીર હાજી કમરૂદ્દીન
બાવા એ. પીરઝાદા દરિયાઈ કારંટવી મદઝિલ્લહુ)

# હિજાઝની વાદી
## અને
# ફુરાતનો કિનારો


: સંપાદક :

**પીરઝાદા સૈયદ હાજી દાદા મિંયા શમ્સુ દીન કાદરી**
**(મુહિબ)**

મુ. રૂપાલ વા. બાવલા પીન : ૩૮૨૨૨૦ જી. અહમદાબાદ



-: પ્રકાશક :-

**સુન્ની મુસ્લિમ કમિટી**

હવેલી શેરી, વેરી દરવાજા, ગોંડલ-૩૬૦ ૩૧૧. ફોન : ૨૪૭૮૬

પોસ્ટકાર્ડ લખી ફ્રી મેળવો

સવાલ હી. ૧૪૨૦ — જાન્યુઆરી સને. ૨૦૦૦
પ્રત, ૧૦,૦૦૦ — ઈશાઅત નં. ૨૩૦

હમ્દ/નાઅત

મુઝે આપને બુલાયા યે કરમ નહીં તો કયા હે?
મેરા મર્તબા બઢાયા યે કરમ નહીં તો કયા હે?

# બે બોલ

તમામ તારીફો તે પાક ઝાત માટે છે. જે તમામ જહાનોનો રબ છે. કરોળો દરૂદો સલામ નાઝીલ થાય તે મહાન ઉપકારક નબી ઉપર જે તમામ જહાનો માટે રહેમત છે.

અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તેના પ્યારા હબીબ, મોહસીને કાયનાત, રહમતે આલમ, હુઝુર પુરનૂર અહમદે મુજતબા, મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સદકા અને તુફૈલમાં હઝરત ગૌસે આઝમ પીરાને પીર દસ્તગીર (રદી યલ્લાહો અન્હો) હઝરત ખ્વાજા ગરીબ નવાઝ (રદી યલ્લાહો અન્હો) અને હઝરત સુલતાન હાજી હુદ (રદી યલ્લાહો અન્હો)ની નઝરે કરમથી મુઝ નાચીઝ હજ્જે બયતુલ્લાહ, ઝિયારતે મદીનાએ મુનવ્વરા તેમજ (દમીશ્ક) સીરીયા અને ઈરાકમાં બગદાદ મુકદ્દસ, કરબલાએ મુઅલ્લા, કુફા, નઝફ અશરફ વિગેરે પવિત્ર સ્થળોની ઝિયારતો કરવાનો લ્હાવો હાસિલ થયો.

મારી હજ અને ઝિયારતની યાત્રા શરૂ થાય તે પહેલા જ મારા કેટલાક મિત્રોએ પૂછ્યું આપતો હજ્જની વાપસી પછી હજ્જ અને ઝિયારત પર કિતાબ લખશોને? મૈ કહ્યું હતું, ઈન્શા અલ્લાહ! હજ્જ

અને ઝિયારત દરમિયાન મને પણ એ વાતની અનુભૂતિ થઇ કે ખરેખર આ પ્રવાસ પર એક નોંધ લખું અને મારી આંખોએ જે જોયું મારી અલ્પ જ્ઞાન ધરાવતી બુધ્ધીએ જે સમજયું તે આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદ સાથે ગૌરવ અનુભવું છું. માનવ માત્ર ભૂલને પાત્ર કયાંક ઉણપ જણાયતો ઉદાર દિલે ઈસ્લાહ કરી લેવા વિનંતી.

આપનો વિશ્વાસુ
**પીરઝાદા સૈયદ દાદામિયાં શમ્સુદ્દિન કાદરી**
**''મુહિબ''**
રૂપાલ તા.બાવલા-૩૮૨૨૨૦
તા.૩/૯/૯૯

૭૮૬/૯૨

## નહમદોહુ વનો સલ્લી અલા રસુલેહીલ કરીમ

**તેરા શુક્ર જીસ સે અદા કરૂં, મેરે મુહમેં અયસી ઝબાં નહિ**
**યે ઈનાયતેં તેરી પય-બ-પય યે નવાઝીશે તેરી દમ-બ-દમ**
**તેરા ફઝલ હોસ્લામંદ હય, તુજે ખુયે ઈજઝ પસંદ હય,**
**વહી સર જહાં મેં બુલંદ હય, તેરી બારગાહ મેં જો હય ખમ.**

મારી હજ્જ વ ઝિયારતના સફરનો આરંભ તા.૧૫-૩-૯૯ને સોમવારે બપોરે લગભગ એક (૧) વાગે થયો અમો રૂપાલથી સરખેજ તરફ રવાના થયા ત્યાં હઝરત બાબા અલીશેર રહેમતુલ્લાહ અલયહની મસ્જીદમાં નમાઝે ઝોહર અદા કરી. સરખેજ સમ્રાટ હોટલ પાસેથી કડીથી આવનાર લકઝરી બસ દ્વારા મુંબઇ જવાનું હતું તેની પ્રતિક્ષા હતી. બસ આવી ગઇ અને લગભગ ૫-૩૦ વાગે બસ મુંબઇ જવા રવાના થઇ. લકઝરી બસ સતત ચાલી રહી હતી વાપી નજીક ટ્રાફીક જામ થઇ જવાથી લગભગ ૪-૫ કલાક ખોટી થવું પડયું. તા.૧૬/૩/૯૯ મંગળવારે સાંજે લગભગ ૭ વાગે મુંબઇમાં ડોંગરી ખાતે ભીસ્તી મહોલ્લા ઘાંચી જમાતખાના ઝકરીયા મસ્જીદ સ્ટ્રીટ પહોંચ્યા બીજા દિવસે તા.૧૭/૩/૯૯ને બુધવારે મુંબઇમાં ફરવા નિકળ્યા. મુંબઇના બુઝુર્ગાને દીન પૈકી હઝરત બાબા હાજી અલી (રહેમતુલ્લાહ અલયહ) હઝરત બાબા મખદુમ (રહેમતુલ્લાહ અલયહ) ગેટ વે ઓફ ઇન્ડિયા, ડીસકવરી ઓફ ઇન્ડિયા અને સાંજે ચોપાટી પર જઇ આવ્યા જ્યાં સગવડ મળતી હતી ત્યાં સમયસર નમાઝ અદા કરી લેતા હતા. બીજા દિવસે એટલે કે તા.૧૮/૩/૯૯ને ગુરૂવારે કલ્યાણ બાબા હાજી મલંગ રહેમતુલ્લાહ અલયહની દરગાહે જવાનું હતુ પણ સમાચાર એવા મલ્યા કે આપણી

તા.૧૯/૩/૯૯ની ફલાઈટ નથી હવે તા.૨૧/૩/૯૯ને રવિવારે જવાનું છે. આ સમાચારથી થોડી ચિંતા થઇ સાથીઓ પણ ફીકરમાં મુકાઇ ગયા કારણ કે આ વખતે ઘણા હાજીઓ કે જે ટુરથી જવાના હતા તેમને વીઝા નહી મળવાથી તકલીફ થયેલી જો કે અમને વીઝા તો મળી જ ગયા હતા ફક્ત ટીકીટ ચોક્કસ કરવાની બાકી હતી. આખી રાત જાત-જાતના વિચારોમાં પસાર થઇ ગઇ. રાત્રે એવું નક્કી કર્યુ કે હવે જાતે જ એર ઈન્ડિયાની ઓફિસ પર જઇને જાત માહિતી મેળવી લેવી. સવારે ઉઠી નમાઝ બાદ ચા નાસ્તો કરીને અમો ચાર જણા જેમાં હું, જનાબ સૈયદ ઉસ્માનમીયાં રૂપાલના ઉસ્માનભાઇ અને નુરશાહ ટેક્ષી કરીને એર ઈન્ડિયાની ઓફિસે તપાસ કરી તો જાણવા મલ્યું કે તમારી ફલાઈટ તા.૨૧/૩/૯૯ની જ છે. જે ચોક્કસ છે. અમારી ચિંતા ઓછી થઇ. કડીથી જે ટુર અમને મુકવા આવી હતી. તેમને રાત્રે પાછી રવાના કરી બપોરે જમીને બેઠા હતા ત્યાં અમારા ટુર ઓર્ગેનાઇઝર હાજી ગુલામ રસુલ દલાલ આવ્યા અને કહ્યું બાવા સાહેબ આવતીકાલ તા.૧૯/૩/૯૯ શુક્રવારની ફલાઈટમાં ૬ સીટો મળી છે. તમે બે (૨) અને કલોલવાળા હાજી ગુલામ રસુલ બસરની ચાર ટીકીટો કુલ છ જણા સવારે રવાના થઇ જાવ અમો તા.૨૧ના ફલાઈટમાં આવીશું. તમો સવારે તૈયાર રહેજો. આ ખુશખબરથી અમો ઘણાંજ રાજી થયા.

તા.૧૯/૩/૯૯ને શુક્રવારે સવારે અમો મુંબઇ સહારા ઇન્ટરનેશનલ એરપોર્ટ પર જવા રવાના થયા. પોતાનો સામાન લઇને અંદર દાખલ થઇએ તે પહેલા મારી નજર મૌલાના કમરૂદ્દીન પીરઝાદા કારટવી સાહેબ પર પડી જુના મિત્રને ઘણાં લાંબા સમય પછી મુંબઇ એરપોર્ટ પર મલ્યાનો અનહદ આનંદ થયો. હઝરત અમદાવાદ દારૂલ ઉલુમ શાહે આલમમાં તયબાહ (માસિક)ના સહતંત્રી હતા ત્યારે તો મહિનામાં એકાદ વખતતો જરૂર મળતા અને રૂપાલ પણ બે વખત

આવી ગયેલા તેઓ પણ હજ અને ઝિયારત અર્થે જ આવ્યા હતા પણ તે અમદાવાદના નાસીરભાઈની કલાપી ટુરમાં હતા. હઝરતનું અસલ નામ કમરૂદ્દીન નહિ પણ કમાલુદ્દીન છે. તે તો તેમના પાસપોર્ટ અને વીઝા જોવાથી જાણવા મળ્યું.

અમો ૪-૩૦ વાગે એર ઇન્ડિયાના વિમાનથી જીદદાહ જવા માટે ઉડયા. કયારેક કયારેક બારીએથી બહાર એટલે નીચે જોવાની કોશીશ કરતો જમીન તટ પર કોઇ શહેર હોય તેવું લાગ્યું ત્યાં તો કોઈએ કહ્યું એ તો તહેરાન છે. બરાબર રાત્રે ૯-૩૦ વાગે અમો સાઉદી અરબના જીદદાહ અબ્દુલ અઝીઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા જીદદાહ ખાતે ૩ એરપોર્ટ છે. એક સાઉદી અરબનું લોકલ બીજુ હજજ ટર્મીનલ અને ત્રીજુ સાઉદી ઇન્ટરનેશનલ એરપોર્ટ હજ ટર્મીનલ ફક્ત હજની મૌસમ પુરતુ કાર્યરત રહે છે. દરેક એરપોર્ટ અતિ આધુનિક સાધનોથી સજજ છે. હજજની મોસમ દરમિયાન આ એરપોર્ટ પરથી દર ૩ મિનિટે એક વિમાન ઉડે છે. અમો જીદદાહ ઉતર્યા ત્યાંની ઘડિયાળમાં ૭ વાગ્યા હતા. મેં મારી ઘડીયાળને ત્યાંના ટાઇમ સાથે મેળવી લીધી. એરપોર્ટ પર દરેક પ્રકારની તપાસણી પછી અમો રાત્રે ૨-૩૦ વાગે ફારીગ થયા અને મક્કાએ મોઅઝઝમાં જવા માટે મોઅલ્લીમની બસની રાહ જોવા લાગ્યા. લગભગ પરોઢીયે ૪ વાગ્યાની આસપાસ બસ આવી અને અમારો જીદદાહથી મક્કાએ મોઅઝઝમાં તરફનો આ રૂહાની પ્રવાસ શરૂ થયો. થાક અને ઉજાગરો આંખો મીચાવી દેતો હતો. ઇચ્છા હતી કે બધુ જોતા જોતા જઇએ. પણ ઉંઘના ઝોકા એમ થવા દે ખરા. ફજરની નમાઝ માર્ગમાં એક મસ્જીદમાં અદા કરી. પછી જયારે વિશ્વના હૃદય સ્થાન સમા મહાન પવિત્ર નગર મક્કામાં પ્રવેશતા જ મારા કલ્બો જીગર પર ના વર્ણી શકું તેવા ભાવ ઉત્પન્ન થયા. અલ્લાહના પ્યારા હબીબ આપણા આકા અને મૌલા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના

વહાલા વતનમાં મુજ ગુનેહગારને ફરવાનુ સદ્દભાગ્ય સાંપડયું અલ્લાહ તઆલાનો શુક્રિયા જેટલો અદા કરૂ તેટલો ઓછો છે. મક્કા શરીફની આજની જાહો જલાલી જોઇને આજથી ૧૪૦૦ વર્ષ પૂર્વે મુખબીરે સાદીક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કરેલી ભવિષ્ય વાણીના એક એક અક્ષર સાચા જોવા મળ્યા. હુઝુરે ફરમાવ્યું હતું. એક દિવસ અરબની જમીનમાંથી સોનું નીકળશે. સુબહાનલ્લાહ! આ આપણાં આકા અને મૌલા હુઝુર તાજેદાર અંબિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઇલ્મે ગૈબ નહીં તો બીજુ શું છે?

અમો તા.૨૦/૩/૯૯ શનિવારે મક્કાએ મોઅઝ્ઝમાના જબલેહીંદ મહોલ્લામાં આવેલ દારે સરહાન ગેસ્ટ હાઉસમાં મુકામ કર્યો અહિંથી હરમ શરીફ ખૂબ નજીક હતું. બીલ્ડીંગના પાંચમાં માળનાં ધાબા પરથી હરમના બધા જ મીનારા સ્પષ્ટ જોઇ શકાતા હતા. થોડોક આરામ કરવો જરૂરી હતો કારણ કે જીદદાહ એરપોર્ટ પરનો થાક અને ઉજાગરો હતો જ સામાન રૂમ પર મુકી સૂઇ ગયા અસર બાદ હરમ શરીફમાં જવું તેમ નક્કી હતું. અલ્લાહ તઆલાના એ અજમતવાળા ઘર કાબાતુલ્લાહના દિદાર માટે આંખોની તરસ વધી રહી હતી. અમો હરમ શરીફના ગેટ નં.૭૧થી દાખલ થયાં.

હરમની જાહોજલાલીની ચાડી તો તેની બહારની આબેહુબ કલાત્મક બાંધણી અને ઝાકમઝોળ રૌશની જ ખાઇ રહી હતી. અંદરની તો વાત જ નિરાલી નીકળી ઈટાલીયન આરસની ભવ્ય ઈમારતના થાંભલાઓમાંથી આવતી એ.સી.ની ઠંડી હવાઓ ઝુમ્મરોની નુરાનીયત દુનિયામાં જન્નતના મહેલ જેવા અલ્લાહના ઘર ને જોઇને સુબહાનલ્લાહ! અલ હમ્દોલ્લિાહ! અને અલ્લાહો અકબરના નારાઓ સંભળાતા હતા. માનવ મહેરામણનો આના જેવો પૃથ્વી પર બીજે કયાંય જોવા ના મળે અહિં માણસ બધુ ભૂલી જાય છે. અલ્લાહ પાકની અઝમત

અને તેણે બંદાને તેના ઘર સુધી બોલાવ્યાનો શુક્રિયા અદા કરવાનું જ યાદ આવે છે. હરેક બંદો અને બંદી અલ્લાહની યાદમાં તલ્લીન હોય છે. મોટા ભાગે તવાફમાં કાબાની ચારે તરફ વર્તુળાકારે ફરતા હજારોની માનવ મેદની જોવાની ફક્ત આ એક જ જગ્યા છે. કોઇ કુર્આન પઢે છે. કોઇ દરૂદ શરીફ પઢે છે. તસ્બીહ ફેરવી રહ્યા છે. કોઇ નમાઝમાં ગરકાવ છે. કિતાબોમાં જોઇ જોઇને દુઆઓ માંગનારા પણ અગણિત નજરે પડે છે.

**"મુઝે આપને બુલાયા યે કરમ નહી તો કયા હૈ**
**મેરા મર્તબા બઢાયા યે કરમ નહી તો કયા હૈ"**

કાબા તુલ્લાહ પર પહેલી જ નજર પડતા દિલ અને આંખો રડી પડી અલ્લાહનો મારા પર કેટલો અહેસાન કે તેના ઘરના દિદારથી મારી પ્યાસી આંખોને તૃપ્તી બક્ષી દિલને શુકન અને ચૈન નશીબ થયું. કાબા પર પહેલી નજર પડે તે વખતે જે દુઆ માંગો તે કબુલ થાય છે. તેવું ઉલ્માઓથી સાંભળ્યું પણ હતું. અને કિતાબોમાં વાચ્યું પણ હતું. મેં દુઆ માંગી કે હું જે દુઆ માંગુ તે કબુલ ફરમાવે. પછી જેટલી દુઆ માંગી શકાઇ તે માંગી લીધી કારણ કે - **"દુઆમાં યાદ રાખજો ભૂલતા નહીં."** આવી અપીલો કરનારાઓનો પણ હિસાબ ન હતો દરેકના હકમાં દુઆ એ ખૈર કરી જેટલાના નામ યાદ હતા. એટલે કે જેટલાના નામ યાદ આવ્યા તેટલાના તો નામ લઇ લઇને તેમના માટે દુઆ એ ખૈર કરી.

અમારે ઉમરાનો તવાફ અને સઇ કરવાની બાકી હતી હું અને રેહાના ખાતુન સાથેજ તવાફ કરી રહ્યા હતાં. પ્રથમ ચક્કરનો રાઉન્ડ ઘણો મોટો હતો બીજા ચક્કરમાં જ જાણે કેમ જગ્યા થઇ ગઇ અને અમને એવો ધક્કો વાગ્યો કે છેક કાબા પાસે પહોંચી ગયા. કાબાને ચુંમી લેવાની લાલચને હું રોકી ન શકયો મેં કાબાને બોસો આપી જ

દીધો અને રેહાના ખાતુનને પણ તક મળી ગઇ. બાકીના છ ચક્કર પૂરા થયા અને મગરીબની અઝાન થઇ. ત્યાંજ નામઝ અદા કરી નમાઝ વખતે ભીડ એટલી બધી થઇ ગઇ કે નમાઝ સહી રીતે અદા થઇ હશે કે કેમ સવાલ છે? નમાઝ બાદ સફા અને મરવાની સઇ કરી હરમ શરીફની અંદરજ આ બન્ને ટેકરીયોને સમાવી લીધી છે. તેના ઉપર બે માળનું સુંદર બાંધકામ કરેલ છે. સફાથી મરવા અને મરવાથી સફા વચ્ચે સાત ચક્કર લગાવવાના હોય છે. સફા અને મરવા પર દુઆ કરવાની હોય દુઆ વખતે મોં કાબા શરીફ તરફ રાખવામાં આવે છે. જ્યાં દોડવાનું હોય છે. તે શફા અને મરવા વચ્ચે બે લીલી લાઇટોની નિશાનીઓ છે. ફક્ત પુરૂષોને દૌડવાનું હોય છે. સ્ત્રીઓને તો ચાલવાનું હોય છે. અશક્ત અને બીમાર હાજીઓ માટે વ્હીલ ચેરની સગવડ મળે છે. તવાફમાં પણ ડોલી અને વ્હીલચેર જોવા મળે છે. પછી મેં મુંડન કરી લીધું અને ઉમરાહનો અહેરામ ઉતારી લીધો.

સફા અને મરવાનું બયાન તો અલ્લાહ પાકે કુર્આને મજીદમાં કર્યુ છે. ***"ઈન્ન સફાવલ મરવતા મીન શઆએરીલ્લાહ"***. બેશક શફા અને મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે. એક ખાસ સમજવા જેવી વાત એ છે કે સફા અને મરવાને અલ્લાહે પોતાની નિશાની કેમ કહીં ત્યાં અલ્લાહ તઆલાની કોઇ યાદગાર છે? ના નથી તો પછી કેમ? સફા અને મરવા તે નાની નાની પહાડીઓ છે જેના પર અલ્લાહની નેક બંદી બીબી હાજરા પોતાના બાળકને પાણીની શોધમાં સફાથી મરવા અને મરવાથી સફા વચ્ચે સાત ચક્કર લગાવ્યા અલ્લાહની નેક બંદી એક પયંગમ્બરની બીબી અને બીજા પયગમ્બરની માં એવા બીબી હાજરાનું આ દોડવું અલ્લાહને પસંદ આવ્યું જે સફા અને મરવાની હાજરાની નિશાની કહેવી જોઇએ પણ નહીં અલ્લાહ જેને ચાહે છે તેની દરેક ચીજ અને અદાને પણ અલ્લાહ ચાહે છે. અલ્લાહ વાળા તો અલ્લાહ વાળા

હોય જ છે પણ અલ્લાહ વાળાની દરેક વસ્તુ અલ્લાહ વાળી હોય છે. અલ્લાહે સફા અને મરવાને હાજરાની નહીં પણ અલ્લાહની નિશાની કરાર આપી છે.

પણ હાય અફસોસ! સદ અફસોસ કે અલ્લાહના પ્યારા મહેબુબ તમામ નબીઓના સરદાર, બન્ને જહાનના માલીકો મુખતારની યાદગારોને મીટાવી દઈને હુઝુર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ખુલ્લી દુશ્મની છતી કરનારાઓને કેમ સફા અને મરવાની વાત પરથી કોઈ સબક મળતો નથી. જે મકાન, જે ગુફા, જે મસ્જીદોનો સંબંધ હુઝુર સાથે હતો આજે તેની કેમ સાચવણી થતી નથી. ત્યાં જવાના રસ્તા કેમ સુધરતા નથી ત્યાં કેમ કોઈ આધુનિક સગવડો કરાતી નથી ગારે સૌર અને ગારે હીરાનો કેમ વિકાસ થતો નથી. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર જન્મ સ્થળને સારી રીતે બનાવી દરેક ને જોવા માટે કેમ ખુલ્લુ મુકાતું નથી.

કુર્આને પાકથી સાબીત થયું કે હઝરત બીબી હાજરા રદીયલ્લાહો અનહાના કદમ (પગલાં) જે ટેકરીઓ પર પડયા તે ટેકરીઓને અલ્લાહે પોતાની નિશાની કરાર આપી દીધો તો પછી જે અલ્લાહના મહાન નબીની દીકરી હોય જે જન્નતી ઔરતોની સરદાર હોય જેના લાડકવાયાઓ ઈસ્લામ માટે કરબલામાં કુરબાન થઈ ગયા હોય તે બીબી ફાતેમાહ ખાતુને જન્નત રદીયલ્લાહો અન્હાની મુબારક કબ્ર જે એક રૂહાની અને ઐતિહાસિક યાદગારને બુલ ડોઝર ફેરવીને ખત્મ કેમ કરી? જરૂર જરૂર આ બધી યાદગારોને ખત્મ કરવા પાછળ તેમની રસુલ દુશ્મની ખુલ્લી દેખાઈ આવે છે. અલ્લાહ વાળા તો અલ્લાહ વાળા હોય છે. જે વસ્તુ અલ્લાહના મહેબુબ બંદા સાથે સંબંધ ધરાવતી હોય તે પણ અલ્લાહની મહેબુબ હોય છે. તેમા બેમત નથી. દાખલા આપવા ચાહુ તો એક બે નહીં અનેક મળી શકે છે પણ મારે વાત હજ્જ

વિશે કરવાની હતી અને સફા મરવાની વાત નીકળી એટલે કડવા છતાં સાચા બે શબ્દો લખવા મજબુર થવું પડયું.

હજના મોકા પર હરમ શરીફમાં ભીડ, હજરે અસ્વદના સ્થળે પડાપડી, એક હાથમાં ચપ્પલ અને બીજા હાથ વડે કાબાની દિવાલથી ચોંટેલા માણસો કુર્આન પાકની બે અદબી નમાઝ પઢતાં માણસને પકડીને ખસેડી દેવાની કુચેષ્ટાઓથી મને એમ થયું કે એક વખત હજ કરીને આવે તેને સળંગ પાંચ વર્ષ સુધી પ્રતિબંધ મુકી દેવો જોઇએ. કારણ કે કેટલાય એવા હાજીઓ જોવા મળે છે. જે પાંચ-પાંચ સાત-સાત વખત અને દશ-દશ વખત હજ કરવા આવેલા હોય છે. મોટા ભાગે ટુરમાં આવતા હોય છે. આવા લોકો પર અમુક વર્ષ સુધીનો પ્રતિબંધ હોય તો હજ્જ કરવા જનારાને ખોટી હાલાકીનો ભોગ ના બનવું પડે, તવાફ-સઇ-અને નમાઝ આસાનીથી સહી તરીકાથી અદા કરી શકાય.

તા.૨૧/૩/૯૯ના દિવસે અમારા બાકીના ૨૦ સાથીઓ આવવાના હતા. તેમની પ્રતિક્ષા હતી. દિવસ દરમ્યાન તો તેઓ આવ્યા નહીં મોડી રાત્રે આવ્યા હતા. અમો આજે હરમ શરીફના નજીકના બજારમાં લટાર મારી બીન દાઉદ એક આલીશાન અલ્ટ્રા મોર્ડન શોપીંગ સેન્ટર છે ત્યાં મને કલોલ વાળા બસર ગુલામ રસુલ લઇ ગયા. અહિંયા નજીકમાં વઝુખાનું છે. બીન દાઉદ માર્કેટની ઝરૂખાવાળી કાચની લીફટમાં બેસી ઉપર ગયા. વુઝુ બનાવી પાછા હરમ શરીફમાં ચાલ્યા ગયા. નમાઝથી ફારિગ થયા પછી બહાર આવી આજે રૂપાલ ફોન કર્યો પહેલા શેઠ નુરભાઇ સાથે વાત થઇ અને જોગાનું જોગ મહંમદભાઇ પણ હતા તેમની સાથે પણ વાત થઇ અને મક્કા ખૈરીયતથી પહોંચી ગયા છીએ તેના સમાચાર આપી દીધા. આજે હાજીઓની સંખ્યા વધી ગઇ હતી. મગરીબ અને ઇશા અદા કર્યા પછી અમો બે જણા ગુલામ રસુલ બસર તેમના અહેલીયા મુમતાજબેન અને તેમના બાળકો બાબો

સમીર (ઉ.વ.૯) બેબી મીન્હાજ (ઉ.વ.૧૧) જમીને બેઠા હતા અને અમારા બાકીના સાથીઓનો કાફલો આવી પહોંચ્યો. અમારી ચિંતા દુર થઇ.

તા. ૨૨/૩/૯૯ને સોમવારે સવારે ચા-નાસ્તાથી પરવારીને મૌલાના મો. શરીફ સાહબે ૨૦ સાથીઓને લઇને ઉમરાહના અરકાન અદા કરાવવા હરમ શરીફમાં લઇ ગયા. આજે મેં મારી ભાણી જે પાટણની છે તેની શાદી જીદદાહ થઇ છે. તેને ફોન કરી જાણ કરી એણે કહ્યું આપને લેવા આવીશ પણ આજે ભાઇ મો. ફારૂકને સાંજે મોકલીશ. રાત્રે મો. ફારૂક આવ્યો રાત્રે અમારી પાસે જ રહ્યો. મોડી રાત સુધી વાતો ચાલ્યા કરી સવારે ગયો અને તેની ભાભીના દાદા-દાદી પણ રાજકોટથી હજમાં આવેલા હતા પછી તેમને મળવા અમો બન્ને ગયા તેઓ ધોળકાની જીગરની ટુરમાં હતાં અને ત્યાંથી જુદા પડયા. હું સીધો હરમ શરીફમાં ગયો. આજે તો છેક ઉપર ત્રીજા માળે ગયો. ઉપરથી કાબા શરીફને જોવાની મજા પણ માણી લીધી ઉપર જઇને તવાફ કર્યો. આજ તા. ૨૩/૩/૯૯ને મંગળવાર સાંજે ફોન કરી દિકરી શાહીન સુલતાના અને ફરઝંદ ઇન્આમુલ હક્ક સાથે પણ વાત કરી સમાચારની આપ-લે કરી.

હરમ શરીફમાં લગભગ દરેક નમાઝ બાદ એક જનાઝો તો હોય જ કયારેક બે, કયારેક વધારે પણ મતલબ દરેક ફર્ઝ નમાઝ બાદ નમાઝે જનાઝા પઢવાનું એલાન થાય છે. તા. ૨૪/૩/૯૯ બુધવારનો આખો દિવસ આવતીકાલ તા. ૨૫/૩/૯૯ ગુરૂવારે મીના જવાની તૈયારીમાં પસાર થયો. જોહર બાદ એક મીટીંગ રાખી અને હજજની વિધિ સમજાવવા બધા ભેગા થયા એક રૂમમાં અમો બેસી ગયા. મને હજજની વિધિ માટે બોલવાનું કહેવામાં આવ્યું. મૈં મૌલાના મહંમદ શરીફ સાહબને કહ્યું તમો જ બોલો કારણ કે તેઓ આ સાતમી હજ કરવા

આવ્યા હતા અને હું તો પ્રથમ વખત હતો જો કે કિતાબમાં હજની વિધિ વાંચી જ લીધી હતી. તેમ છતાં અને અનુભવી તરીકે મૌલાના સાહબને જ મેં આગ્રહ કર્યો. તેમણે સારી રીતે સમજ આપી. આજે ઈશાં બાદ આઠમી (૮) ઝીલ્હજનો દિવસ બેસી જાય એટલે તે વખતે હજ્જનો અહેરામ બાધવાનો હતો. તવાફ અને સઈ કરીને મીના જવા રવાના થવાનું હતું.

અમો ઈશાં બાદ તવાફ અને સઈ કરવા હરમ શરીફમાં ગયા. ત્યાં જ અમારા સાથી જેનાબાદવાળા ઈબ્રાહીમભાઈ કુરેશી અને વેકરીયા વાળા બાવાભાઈ મલ્યા મને કહે બાપુ સઈ કરવામાં નીચે બહુ ભીડ છે. ચાલો ઉપર જઈને સઈ કરીએ અમો ઉપર જઈને સઈ કરી આવ્યા. રાત્રે બે વાગે ઉતારા પર પાછા ફર્યા. થોડોક આરામ કર્યો ફજરની નમાઝ બાદ મીના જવાનું હતું. ઉંઘતો આવી જ નહીં. ફજરની નમાઝ બાદ દરરોજ કરતાં આજે સૌએ નાસ્તો વહેલો કરી લીધો.

તા.૨૫-૩-૯૯ ગુરૂવાર ૮ ઝીલ્હજના દિવસે દરેકે એક બગલ થેલો ચાર-પાંચ દિવસ ચાલે તેટલો કોરો નાસ્તો અને એક જોડ કપડા ટુવાલ વિગેરે સાથે લીધા. હજના અહેરામમાં મીના જવા માટે મુઅલ્લીમ તરફથી આવતી બસની રાહ જોવા બહાર આવી રોડ ઉપર ઉભા રહ્યા. અમારે ૬૨ નં.ની બસમાં બેસવાનું હતું. તે બસ લગભગ ૧૦ વાગે આવી ત્યાં સુધી બહાર રોડ ઉપર બસની પ્રતિક્ષા કરતા રહ્યાં. કહેવાય છે કે પ્રતિક્ષા (ઈન્તેઝાર)ની ઘડીઓ ઘણી લાંબી હોય છે. મને ઓજશ પાલનપુરીનો શએર યાદ આવી ગયો.

*ચાલો આ રાતને પ્રાતઃની પાસે લઈ જઈએ,*
*પ્રતિક્ષા ક્યાં સુધી કરવી કે સૂર્યોદય થવાનો છે.*

અમો લગભગ ૧૨ વાગે મીના પહોંચ્યા અને ત્યાં D.H.A.64 નં.નાં તંબુમાં ધામો નાખ્યો મીના પર્વતોની વચ્ચે આવેલી તળેટી છે.

કતારબંધ બંધાયેલા તંબુઓને જોવાની મજા તો ત્યારે આવેલી જયારે અમારી બસ કોઇ ઉંચાઇથી પસાર થાય કે પુલ પરથી પસાર થતી હોય. તંબુઓમાં પાંચ દિવસ માટે હાજીઓને સગવડ પુરી પાડવાની સેવા ખરેખર પ્રશંસનીય છે. દરેક તંબુ પાસે પાણી લાઇટ-બાથરૂમ અને લેટરીનની અદ્યતન સગવડ મળી રહે છે. હવે તો તંબુઓ ફાયર પ્રુફ બનાવ્યા છે. અને દરેકમાં એર કુલર પણ મુકવામાં આવે છે. ૮ ઝીલ્હજનો દિવસ મીનામાં પસાર કરવાનો હોય છે. વારંવાર હેલીકોપ્ટર ઉપર ચક્કર લગાવી રહ્યું હતું. સીકયુરીટી પણ દાદને પાત્ર છે. અમો નમાઝ (લગભગ બધાજ હાજીઓ) તંબુમાં નમાઝ બા જમાત પઢતા હતાં. ક્યારેક હું ઈમામ બની જતો ક્યારેક મૌલાના મો. શરીફ કલોલવાળા ઈમામત કરતા મીનામાં ચુલો સળગાવવાની મનાઇ છે. અમારા ટુરવાળા મક્કાથી રાંધીને લાવતા અને અમો સાથે લાવેલા નાસ્તાનો પણ ઉપયોગ કરતાં.

તા. ૨૬/૩/૯૯ ૯મી જીલ્હજ (યૌમેહજ) આજે એ મુબારક દિવસ હતો. જે દિવસે અલ્લાહના લાખો બંદા હજ જેવી પવિત્ર ઈબાદતને અદા કરવા હજારો માઇલથી દુર અલ્લાહની રઝામંદી હાંસિલ કરવા ઘરબાર બચ્ચાઓ મા-બાપ સગા-વહાલા વહાલી મીલકતો મુકીને અહિં લબ્બેક કહેવા હાજર થયા હતાં. આજે એ પવિત્ર હજજની અદાયગી માટે મીનાથી અરફાતના મૈદાનમાં જવાનું હતું અને વળી આજની હજજ હજે અકબરી હજ હતી તેનું સૌને ગૌરવ હતું. (જુમ્આના દિવસે હજ થાય તે હજજે અકબરી ગણાય છે.) કહેવાય છે કે હજજે અકબરીનો સવાબ એક રીવાયત મુજબ ૭ હજજ જેટલો છે. અને બીજી રીવાયત મુજબ ૭૦ હજજ જેટલો છે.

અમો પણ અલ્લાહ ત્આલાની આ ઇનાયત અને નવાઝીશથી ભારો-ભાર આભારી હતા અને અરફાત જવા માટે ફરી વાર બસની

રાહ જોતા લાઇનમાં ઉભા હતા. ૧૦ વાગે બસ આવી અને ૧૨ વાગે અરફાત પહોંચ્યાં મીના અને અરફાત વચ્ચે કોઇ લાંબુ અંતર નથી પણ હાજીઓની ભીડ વાહનોની ટ્રાફિક એટલી હોય છે કે બસ કીડીની ગતિએ ચાલતી હોય છે. અરફાતમાં તંબુઓ સાદા હતા. અહિયા ફક્ત એક દિવસ માટે જ આ તંબુઓ લગાવવા પડે છે. કારણ કે હજની ફર્ઝ વિધિ વુકુફે અરફાત (અરફાતમાં રોકાવું) આ હજનો ફર્ઝ છે. જયાં રોકાઇને ફક્ત ઝોહર અને અસર બે નમાઝો અહીં પઢવાની છે. બાકીનો ટાઇમ તૌબા-અસ્તગફાર દરૂદ અને દુઆમાં પસાર કરવાનો છે. ઝોહર અમોએ અદા કરી પછી મૌલાના મો. શરીફ સાહેબ બાકીના સાથીઓ સાથે બીજી બસમાં આવી પહોંચ્યાં તેમણે પણ ઝોહર અદા કરી પછી બધા જ ભાઇઓ અને બહેનો તસ્બીહ અને તીલાવતમાં તલ્લીન થઇ ગયા. કયારેક કયારેક દુઆ અને તૌબા પણ કરી લેતા જેમણે જેમણે દુઆ માટે કહ્યું તેમના માટે યાદ કરી કરીને દુઆએ ખૈર કરી. પછી અસરનો સમય થતા અસર બા જમાઅત અદા કરી. પછી બધા જ તંબુથી બહાર નીકળી આવ્યા અને સામૂહિક દુઆ કરી. દરેક તંબુમાંથી આહોઝારી અને સીસકારાનો આવાજ આવી રહ્યો હતો. હરદીલ અને આંખ રડી રહી હતી. અલ્લાહનાં બંદા અને બંદીઓ પોતાના ગુનાહોની માફી માટે પરવરદિગારે આલમ પાસે કરમની જે ભીખ માંગે છે તે જોંઇને પથ્થર દિલ ઇન્શાન પર મોમ થઇ જાય તેવું દ્રશ્ય હોય છે. પોતાના વહાલા વતનથી હજારો માઇલ દુર એકજ લિબાસમાં આજે અલ્લાહના બંદા પોતાની વિવશતાની જાહેરાત કરે છે. સર્વ શક્તિશાળી અલ્લાહની બારગાહમાં શાહ અને ગદા (રાજા અને રંક) આજે એક સરખા નજરે પડે છે. એક જ દિવસે એક જ સ્થળે એક જ સમયે વિશ્વના વિવિધ મુલ્કોથી આવેલા અલ્લાહના બંદા જેમની ભાષાઓ જુદી છે. રહેણી કરણી જુદી છે. પણ અલ્લાહની તૌહીદ અને રસુલેપાક સલ્લલ્લાહો

અલયહે વ સલ્લમની રિસાલતનો એકરાર કરનારા અહિયા એક બની જાય છે. આવું દ્રશ્ય દુનિયામાં બીજે કયાંય જોવા મળતો નથી. આ પણ અલ્લાહ ત્આલાની કુદરતે કામેલાનો ખુલ્લો કરિશ્મો છે. અસરથી મગરીબ સુધી દુઆનો સીલ-સીલો જારી રહ્યો.

હવે અહિંયા મગરીબ પઢવાની ન હતી મગરીબ અને ઈશાં મુઝદલફામાં જ પઢવી પડે છે. દુઆથી ફારીગ થઇ એક બીજાને ભેટીને રડયા બોલ્યું-ચાલ્યું માફ કર્યુ કારણ કે આ હજનો મહત્વનો અરકાન અદા થઇ ગયો. હવે મુઝદલફા તરફ પ્રયાણ કરવાનું હતું. ફરી પાછા એજ બસની રાહ જોતા તંબુમાં બેસી રહ્યા.

ટાઇમ પસાર કરવા આંટા ફેરા મારતા તસ્બીહ ફેરવા થાકતા તો આડા પડી જતાં બસની રાહ જોઇ રહ્યા હતાં. અચાનક એક હાજી સાહેબ અમારી નજીક આવ્યા અને અમારો પરિચય માંગ્યો મેં મારો પરિચય આપ્યો તે ઘણાં ખુશ થયા. ચલો હમખયાલ મીલ ગયે તે સારા આલીમ હતા હઝરત સરકારે કલાં સૈયદ મુખ્તાર અશરફ કછોછવી રહેમતુલ્લાહ અલયહેના મુરીદ હતા. અને હઝરત મુફતી રીફાકત હુસૈન કાનપૂરી રહેમતુલ્લાહે અલયહેના શાર્ગીદ હતા. તેમણે પોતાનું નામ મૌલાના મોહમ્મદ નુરૂલએન અશરફી બતાવ્યું. તે હાલ મુંબઈમાં નુરબાગ મસ્જીદમાં ખિદમત અંજામ આપી રહ્યા છે. તેમણે પણ બસની રાહ હતી. સમય પાસ કરવા મારી પાસે બેસ્યા દીનની વાતો કરી પછી તેમણે કહ્યું ''જી ચાહતા હૈ એક દો ગઝલ સુનાવું.'' હું તો ખુશ થઇ ગયો કારણ કે ભાવતું હતું ને ભાણામાં આવ્યું કહેવાય તેમણે મીરઝા ગાલીબ અને ફૈઝ અહમદ ફૈઝની ગઝલ સંભળાવી.

ગાલીબની ગઝલનો મત્લા હતો.

*દિલકો તેરી તલાશ, તેરી જુસ્તજુતો હૈ,*
*મીલના તેરા મુહાલ, મગર આરઝુ તો હૈ,*

- ફૈઝની ગઝલનો મત્લા હતો -

ચાંદ ચમકા કીયા શમ્આ જલતી રહી,
હમ તરસતે રહે રૌશની કે લીયે.

રાત્રે ૧૧ વાગ્યે બસ આવી અને અમો અરફાતથી મુઝદલફા જવા રવાના થયા. ટ્રાફિકના કારણે મુઝદલફા પહોંચતા રાતના સાડા ત્રણ વાગ્યા. અહિંયા કોઇ તંબુ હોતા નથી. ખુલ્લી જગ્યામાં જ રોકાવાનું અને ખાસ બાબત એ કે મગરીબ અને ઇશાં બન્ને અહિંયાં જ પઢવાની હોય છે. ભલેને રાત્રે ગમે તેટલું મોડું થાય. વળી આ નમાઝનો ટાઇમ ચાલ્યો ગયો હોય તો પણ કઝા નહિ અદાજ ગણાય છે. અમો પણ મોડી રાત્રે જમાઅત સાથે પહેલા મગરીબ પછી ઇશાં અદા કરી. અહિંયા એક મુદો મને ખ્યાલમાં આવ્યો કે અમારા આકા અને મૌલા હુઝૂર પૂરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના અધિકાર તો જુઓ નમાઝની જે શર્તો છે . તેમાં એક શર્ત સમયનું હોવું પણ છે. સમય પહેલા નમાઝ થતી નથી અને સમય વિતી જાય પછી નમાઝ પઢો તો કઝા ગણાય છે. કોઇ પણ મસ્લક હોય કોઇપણ આલીમને આપ પુછી જુઓ કે સમય વિતી જાય પછી નમાઝ અદા ગણાતી જ નથી. પણ વાહરે ઇખ્તીયારે મુસ્તફા! હુઝૂરે ફરમાવ્યું કે હાજી મુઝદલફામાં રાતના ગમે તેટલા મોડા પહોંચે તો પણ તેની મગરીબ કઝા નહિં થાય. અદાજ ગણાશે. શું આ આપણા પ્યારા મદની મદીનાવાલા આકાનો વિશેષાધિકાર નથી તો બીજુ શું છે. નમાઝ બાબતે આવો વટહુકમ બહાર પાડવાનો કોઇને પણ અધિકાર ખરો? ના નથી અને છે તો ફક્ત અલ્લાહના આખરી નબી, રસુલોના સરદાર હુઝુર આકાએ નામદાર મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જ છે. જેને અલ્લાહ અક્કલ આપે તેજ મદની આકાની સલ્તનતને નિહાળી શકે છે. જેનામાં તે મહાનતા જોવાની શક્તિ હોય તેજ જોઇ શકે છે. કોઇએ સરસ કહ્યું છે.

**આંખ વાલે તેરે જોબનકા તમાશા દેખે,**
**કોરે દિદા હૈ આખિરતો ફીર કયા દેખે.**

ખૈર અમો મુઝદલફાથી મીના ચાલતા જ ગયા. તા.૨૭/૩/૯૯ શનિવાર દશમી ઝીલહજ્જ હતી. લગભગ ૧૧ વાગે અમારા તંબુએ પહોંચ્યા. આજના પ્રોગ્રામમાં પ્રથમ મોટા શયતાનને કાકરીયો મારવાની હતી. (નોટઃ શયતાનને જે કાંકરીયો મારવાની હોય છે તે મુઝદલફાથી જ વિણી લેવાની હોય છે. તેને ધોઇને એક થેલીમાં ભરી લેવાની હોય છે. ચણા જેટલી કાંકરીયો લેવી પડે છે.) અને કુરબાની આપીને હલક (મુંડન) કરાવવાનું હતું પણ અમારા સાથીઓએ એ નક્કી કર્યુ કે આપણે કુરબાની ૧૧ જીલહજજે કરીશું, પછી મુંડન કરાવી તવાફે ઝિયારત કરવા મક્કા જઇશું. અને વળતા ત્રણે શયતાનને કાંકરીયો મારતા આવીશું. ઈન્શા અલ્લાહ અને પ્રોગ્રામ મુજબ આજે ફક્ત અમોએ પ્રથમ મોટા શયતાનને એકને જ કાંકરીઓ મારી.

૧૧ જીલ્હજજ તા.૨૮/૩/૯૯ રવિવારે સવારે કુરબાન ગાહે ગયા. અહિયા દરેક જાનવરોના વાડાઓ હોય છે. મારી પ્રથમથી જ ઈચ્છા હતી કે કોઈ બીજા પાંચ ભાગીદાર મળી જાય તો ૭ જણા ભેગા થઈ ઉંટની કુરબાની આપવી. બન્યું પણ એવું જ ઘણાનું એમ જ કહેવાનું થયું કે અન્ય જાનવરની કુરબાની તો આપણે આપણા વતનમાં પણ આપીશું પણ ઉંટની કુરબાનીનો લ્હાવો તો અહિંજ મળી શકે છે. ૨૬માંથી કુલ ૧૪ જણા તૈયાર થયા અને અમો ૧૪ જણાએ મળીને બે ઉંટ ખરીદી લીધા અને તેની કુરબાની અપાવી. ઉંટની કુરબાની કરવાની રીત જોવાની મને ઘણી જ ઉત્સુકતા હતી. જે પ્રમાણે સાંભળતો હતો તે પ્રમાણે હતું જ નહિ ઉંટને બાંધવામાં કે નીચે પાડવામાં આવતો જ નથી. તે ઉભો જ હોય છે. અને હલક પર ઝીબાહ કરી દેવાય છે. પાંચ-સાત મિનિટમાં જ તે નીચે પડી જાય છે. પછી બાકીનું કામ આધુનિક

પદ્ધતિથી થાય છે. એક ઉંટની કુરબાનીમાં ફક્ત માંડ ૩૦ મીનીટ થતી હશે.

કુરબાની અપાવી અમારા તંબુએ પાછા આવ્યા હવે. મારે હલક (મુંડન) કરાવવાનું હતું. બાથરૂમ પાસે લોકો બાર જેને જયાં સગવડ મળતી હતી ત્યાં બેસીને મુંડન કરાવી રહ્યા હતાં. એક હજામ લગભગ ૫૦-૬૦ વર્ષના હશે. તેમની પાસે ગયો. ઉર્દુમાં વાત કરતા હતા. એટલે ભારતીય લાગ્યા હજ કરવા માટે આવ્યા હતાં પણ સાધન સાથે હતા એટલે તકનો લાભ લઈ રહ્યા હતાં. મૈં પૂછયું કયાંના છો તો કહ્યું હું તો ગોંડલનો છું. નામ અ.સત્તારભાઈ કારીગરે બતાવ્યું પછી મૈં કહ્યું રૂપાલવાળા દાદામિંયા બાપુને ઓળખો છો તો તેમણે કહ્યું હા નામથી ઓળખું છું. મુલાકાત લીધી નથી મૈં કહ્યું આ તમારી સામે હાજર છું. શું આપ પોતે તેમ કહી પછી અ. સત્તારભાઈએ મારા હાથ ચુમી લીધા હઝરત તમારી કિતાબો તો ઘણી પઢી છે. આજે મુલાકાત થઈ અને તે પણ મીનામાં અલ્લાહનો કેવો કરમ છે. *સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ*ના મુખ્ય કાર્યકર્તા મો. સુલેમાનભાઈ ઈસાણી સાહેબ અને મોહમ્મદ મિયાં નાગાણી બાપુ તેમજ સુન્ની મુસ્લિમ જમાત ગોંડલના બસીરમીયાં બાપુ વિગેરેની યાદ તાજા થઈ મારૂં મુંડન પણ કરી આપ્યું અને ચહેરો પણ બનાવી દીધો. પૈસા લેવાની ના પાડતા હતા. મૈં આગ્રહ કર્યો તો ૩ રિયાલ જ લીધા બીજા પાસેથી તેઓ પાંચ રિયાલ લેતા હતા. હવે ગુસ્લ કરીને તવાફે ઝિયારત માટે મક્કા શરીફ જવાનું હતું અને આજે ત્રણે શયતાનને કાંકરીઓ મારવાની હતી. ત્રણેને કાંકરીઓ મારીને ચાલતા જ મીનાથી મક્કાએ મોઅઝઝમાં જવા રવાના થયા પર્વતો ચીરીને વચ્ચે બનાવેલા બોગદામાં અમો મક્કા પહોંચ્યા. તવાફે ઝિયારત કર્યો જે કરવો વાજીબ છે. સઈ તો અમે પહેલા જ કરી લીધી હતી. પછી મકામે ઈબ્રાહીમ પાસે બે રકાત નમાઝ અદા કરી. (હઝરત ઈબ્રાહીમ અલય-

હિસ્સલામના પગ મુબારકના નિશાન પત્થર પર મૌજુદ છે. જે એક સોનાની જાળીમાં બંધ છે.) પછી બીરે ઝમ-ઝમ (ઝમ-ઝમના કુવા) પર જઈ ઝમ-ઝમ પીધું. પછી ઝમ-ઝમ પર ઉભા રહી કાબા તરફ ઉભા રહી દુઆ કરી. પાછા ચાલતા જ મક્કાથી મીના આવી ગયા અને આજે એવો થાક લાગ્યો હતો કે ના પુછો વાત. મીના આવવા માટે વાહન મળે છે. પણ ભીડ એટલી હોય છે કે ચાલતા આવીએ તો વહેલા આવી જવાય.

તા.૨૯/૩/૯૯ને સોમવાર ૧૨ જીલ્હજજ આજે પણ ફક્ત ૩ શૈતાનોને કાંકરીયો મારવાની હતી. ઝવાલ પછી ૩ શૈતાનને કાંકરીયો મારી તંબુમાં આવી ગયા આજે ઘણી ભીડ હતી. હજજની આ છેલ્લી વિધી પતાવીને હવે મીનાથી વિદાય લઈ મક્કા જવાનું હતું. મોઅલ્લીમની બસો આવી ગઈ હતી પણ અમો ૬ જણાએ તો ટેક્ષી કરી લીધી અને અમારા ઉતારાના મકાન દારસ્સરહાન પર આવી ગયા. તા.૩૦/૩/૯૯ મંગળવારે મૈં રૂપાલ ફોન કરીને ખૈરીયતથી હજ થઈ ગયાના સમાચાર આપી દીધા.

તા.૩૧/૩/૯૯ બુધવારે અમો બધાએ નિફલ ઉમરાહ કરવાનું નક્કી કર્યુ હતું. સવારે અહેરામ પહેરીને બસથી મસ્જીદે આઈશા ગયા. ત્યાં બે રકાત નમાઝ પઢી. ઉમરાહની નિય્યત કરી તો હું એકલો જ હતો સાથી પોત-પોતાની રીતે ચાલ્યા ગયા હતા. મેં ટેક્ષી કરીને હરમ શરીફ આવી યો. અને ઉમરાહનો તવાફ કર્યો. ૨ રકાત નમાઝ મકામે ઈબ્રાહીમ પર અદા કરી. ઝમ-ઝમ પીને સઈ કરવા સફા-મરવા ગયા. સઈ કરવામાં ભીડ હતી લગભગ ૧ાા દોઢ કલાક લાગી ગયો. બહાર આવી. ૪ રીયાલ આપી હલક (મુંડન) કરાવ્યું અને પગમાં ચમ્પલ પહેર્યા ન હતા પગ બળવા લાગ્યા એટલે સ્લીપર ખરીદીને પહેરી લીધા. (સ્લીપર ૪ રીયાલમાં એક હબસી ઘરડી ઔરત પાસેથી ખરીદી લીધા)

અને ઉતારા પર આવી ગયા. ક્રમે-ક્રમે બધા સાથીઓ આવી ગયા. આજે અસર બાદ હજ કમિટિથી હજ કરવા આવેલા મારા મામાના દિકરા ભાઇ પીરઝાદા શાહજીમિયાં સાહેબને મળવા જવાનું નક્કી કર્યુ. તેમની બીલ્ડીંગનો નંબર મને મીનામાં મળેલ જનાબ સૈયદ જહાંગીર મિયાં સાહેબે આપેલો. હું તેમને મળવા માટે જતો હતો. ત્યાં સાથે જ વડીલ ભાઇ શાહજીમિયાં સાહેબથી મુલાકાત થઇ. મારી સાથે મૌલાના હાફેઝ મો. શરીફ કલોલવાળા હતા. એક બીજાની ખૈર-ખબર પુછી અમારા ઉતારાનું સરનામું પણ લીધું અને પછી કહ્યું કે અમારા સાથીઓ પૈકીના એક અને તેમના મુરીદ જીજણીવાળા મકરાણી ઉસ્માનભાઇના અવસાનની ખબર આપી. ઉસ્માનભાઇ વયોવૃદ્ધ હાજી હતા. તેમની તબીયત ઘેરથી જ સારી ન હતી. ખૈર તેમની કિસ્મતમાં મક્કામાં મૌત લખી હશે. અલ્લાહ પાક તેમની મગફેરત ફરમાવે આમીન.

તા. ૧/૪/૯૯ના રોજ સવારે ઘરેથી લાવેલ કફન માટેનું કાપડ આબે ઝમ-ઝમથી ધોવાનું નક્કી કર્યુ હું અને કડીવાળા ગુલાબભાઇ મનસુરી, લીંચવાળા ઉમરભાઇ અછવા, જેનાબાદવાળા ઇબ્રાહીમભાઇ કુરેશી અને વેકરીયાવાળા બાવાભાઇ કફનના તાકા અને ડોલ લઇને ઉપડયા કફન ધોવા. પણ ત્યાં તો બહું મોટી લાઇન આપણો વારો કદાચ સાંજ સુધી પણ આવે એમ લાગતું ન હતું. મેં ૧૦ લીટર ઝમ-ઝમનો કેરબો ખરીદી લીધો. અને ડોલમાં પાણી નાંખીને કફનનું કાપડ પલાળી દીધું. પછી તો બધાએ એજ રીતે કર્યુ. ઉતારાના ધાબા ઉપર કપડા સુકવવાની સગવડ હતી. ત્યાં કફન સુકવી દીધું.

આજે ઇશાં બાદ કારંટાના મૌલાના અહમદ અલી પીરઝાદા હાલ કવાંટ (તા.છોટા ઉદેપૂર)થી મુલાકાત થઇ તેઓ અમદાવાદથી મુસ્લીમ ટુરમાં આવ્યા હતાં. અને તેમનો ગેસ્ટ હાઉસ અમારી પાડોશમાં જ હતો. તેમની સાથે વાતો કરતા નીચે ખુલ્લી જગ્યામાં બેસી રહ્યા રાત્રે

૧ વાગ્યો અને પછી રૂમ પર આવીને સૂતો.

તા. ૨/૪/૯૯ને શુક્રવાર એટલે આજે જુમ્આ હતી. જુમ્આની ખુશી તો ઈદ કરતા પણ વધારે હોય છે. હરમમાં જુમ્આ અદા કરવાની હાજીઓની તાલાવેલી જોવા જેવી હોય છે. આજે હું પણ વહેલાસર ગુસ્લ કરીને તૈયાર થઇ ગયો. ૯ વાગ્યાથી હરમ શરીફ ચાલ્યો ગયો. પહેલા તો તવાફ કર્યા પછી થાકયો એટલે કુર્આન શરીફ લઈને પઢવા બેઠો. લગભગ ૧૧ વાગ્યાની આસપાસ તો આખું હરમ ચીક્કાર ભરાઇ ગયું. બહાર પણ સફો થઇ ગઇ રોડ ઉપર પણ જગ્યા ના રહી. જયાં નજર કરો ત્યાં માનવ મેદની સિવાય કશુંય ના દેખાય! બરાબર ૧૨-૨૫ સે અઝાન થઇ સુન્નત પઢીને બેઠાં જ હતા કે ખુત્બા માટે અઝાને સાની થઇ પછી નમાઝ બાદ તરત જ લોકોની ભાગ દોડ શરૂ થઇ ગઇ.

હરમ શરીફમાં નમાઝ પઢતા લોકોને જોવાની પણ મઝા આવે છે. કેટલાક ખૂલ્લા માથે પઢે છે. કેટલાક ખુલ્લા હાથથી નમાઝ પઢી છે. કેટલાક રફે અદન કરતા હોય છે. જુદી-જુદી રીત-ભાતથી **એક જગ્યાએ નમાઝ પઢનારાઓનો આ મેળાવડો એકતામાં વિવિધતા જેવો લાગે છે.** નમાઝથી ફારીગ થઈને રૂમ પર આવીને જમવા બેઠા. અસર બાદ બજારમાં એક લટાર મારી આવ્યો મગરીબ એક નાની મસ્જીદમાં અદા કરી. રૂમ પર આવતા આજે ફરીવાર અહેમદ અલી બાવા અને મૌલાના કમરૂદીન કારંટવી સાહેબ પણ મલ્યા. કમરૂદ્દીન બાવા તો આ અગાઉ મુંબઇ એરપોર્ટ પર પણ મલ્યા હતા. તા. ૩ અને ૪ સાથીઓ સાથે અવારનવાર બજારમાં ખરીદી અને દવા વિગેરે માટે જવાનું થતું હતું. તા. ૫/૪/૯૯ રૂપાલ રાઇસ મીલમાં ફોન કર્યો. હાજી અબ્દુલભાઈએ કહ્યું હતું કે બાપુ હજ પછી એકાદ ફોન કરજો તેમની સાથે વાત થઇ ખેર-ખુશીના સમાચાર જાણ્યા સાંજે જીદ્દાહથી ભાણી આમેના ખાતુનનો ફોન હતો કે હું તમોને લેવા માટે બુધવારે મક્કા આવીશ.

તા.૫/૪/૯૯ સોમવાર ઝોહર બાદ હુઝૂર પૂરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પૈદાઇશ ગાહ (જન્મ સ્થળ) જોવાનું નક્કી કર્યુ. ઝોહર પછી અમો ચાર-પાંચ જણા ગયા. તે જગ્યાએ હાલ એક પુસ્તકાલય છે. વારા ફરતી એક-એક માણસને અંદર બે મીનીટ ડોકીયું કરવા દેવામાં આવે છે. હું તો આજથી ૧૪૦૦ વર્ષ પૂર્વે આ સ્થળ કેવું હશે જયારે જગતના મુક્તિદાતા સમગ્ર બ્રહ્માંડ કાંજે દયાના સાગર એવા અલ્લાહના અંતિમ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો જન્મ થયો હશે. તે વિચારોમાં હું ખોવાઇ ગયો. આજે તો એ પવિત્ર સ્થળ એક પાકા ધાબાવાળા મકાનમાં બદલાઇ ગયું છે. તેમાં પુસ્તકોને રહેવાનું સ્થાન પ્રાપ્ત થયું છે. કોઇ ઓફિસ (કાર્યાલય) જેવું લાગે છે. જેવું મેં અંદર ડોકીયું કર્યુ કે તરત જ મારી જીભથી શબ્દો શરી પડયા ***"અસ્સલાતો વસ્સલામો અલયકા યા રસુલુલ્લાહ!"*** દિલમાં એક સુકુન અને ચૈનની અનુભૂતિ થઇ એક ગૌરવ પ્રાપ્ત થયો ચાલો મદની આકાની જન્મ ભૂમિના દિદાર થયા.

તા.૭/૪/૯૯ બુધવારે સવારે જીદદાહથી ભાણી આમેના ખાતુનનો ફોન આવ્યો કે આજે સાંજે તમોને લેવા હું હરમશરીફમાં આવીશ જે જગ્યા બતાવી હતી તે જગ્યાએ તે આવી હતી પણ અમારી મુલાકાત ન થતા બીજા દિવસે તેણે પોતાના ભાઇ મો. ફારૂકને મોકલ્યો. અમો તા.૮/૪/૯૯ ગુરૂવાર ઇશાં બાદ મક્કાથી જીદદાહ જવા રવાના થયા. ટેક્ષીમાં બેઠા-બેઠા જીદદાહ શહેરની ઝાકમઝોળ રૌશની જોવાનો પૂરો લાભ લીધો. જીદદાહની રાત દિવસ કરતા રળીયામણી લાગી. જીદદાહ શહેર અલ્ટ્રામોર્ડન સીટી લાગ્યું. મદાયનફહદ વિસ્તારમાં રહેતા શેખ હશનમીર બંગલે પહોંચ્યા. સાધન-સંપન્ન એવા હસનમીર સાહેબે અમારી પરોણાગત કરવામાં કમી ના રાખી અમને આરામ માટે અલગ એ.સી. રૂમ ફાળવી આપ્યો. બીજા દિવસે જુમ્મા હતી.

મદાયન ફહદમાં આવેલ જુમ્આ મસ્જીદમાં જુમ્આ અદા કરી. અહિયાની મસ્જીદો પણ આલીશાન હતી. અહિયા વૃદ્ધ-બિમાર-અરબો વ્હીલચેરમાં બેસી પ્રથમ સફમાં નમાઝ ચેરમાં બેસી નેજ અદા કરતા જોયા. જુમ્આ બાદ જમવા બેઠા. મો. ફારૂકે બજાર સાંજે ખુલશે એટલે સાંજે બલદ જઈશું. અમો સાંજે બજારમાં ગયા. ગાડીમાં બેઠા-બેઠા બલદના બજારની જાહોજલાલી માણી. ફારૂક બે ત્રણ પાટણવાળાને ત્યાં મળવા લઈ ગયો, રાતના ૧૨ વાગી ગયા.

તા.૧૦/૪/૯૯ શનિવારે મીર હસન સાહેબ સાથે અમારા ૧૮ હજ પુરતા સાથીઓની તા.૨૪/૪/૯૯ની જીદદાહથી મુંબઈ એર ટીકીટ લેવા ગયા. એર ઈન્ડિયાની ઓફિસ ઘણી દૂર હતી ગાડીમાં બેઠા-બેઠા શેખ હસનમીર મને જીદદાહના જોવાલાયક સ્થળોની માહિતી આપતા હતા. શેખ હસનમીર ઉર્દુ અરબી, ઈંગ્લીશ, હિન્દી અને ગુજરાતી સારી જાણે છે. તેમણે અરબસ્તાનની વર્તમાન પરિસ્થિતિની વાતો પણ ઘણી કરી. જાપાનની ટોયેટા અને હોન્ડા કંપની પણ મક્કાના અરબોએ ખરીદી લીધી છે. અને તે બન્ને મૂળ ભારતના પાટણવાસી અરબો છે. વળતા માર્ગમાં હાલના રાજા શાહ ફહદનું જીદદાહ ખાતેનું જુનું મકાન પણ બતાવ્યું. ૩ દિવસ જીદદાહ રહ્યાં અને પછી મક્કા આવી ગયા.

તા.૧૨/૪/૯૯ સોમવારે સવારે બસથી મક્કા શરીફની ઝીયારતો કરવાની હતી. આજે સૌ પ્રથમ

(૧) ગારે સૌર અને જબલે સૌર જોવા ગયા. જે ગુફામાં હિજરતના મોકા પર હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત સીદીકે અકબર (રદીયલ્લાહો અન્હો) ૩ (ત્રણ) રાત રોકાયા હતા તે મહાન ઐતિહાસિક સ્થળ જોયું. જેના પર ચઢવું ઘણું જ મુશ્કેલ છે. ચાલુ હુકુમતે આ મહાન યાદગારના વિકાસ માટે કંઈજ કર્યુ નથી એ ઉજ્જડ જગ્યા આજે પણ એજ હાલતમાં છે. ઠેર-ઠેર બાગ-બગીચા અને રસ્તા પાછળ

કરોડો રૂપિયાનું ખર્ચ કરનાર સરકારે આવા સ્થળો પર સુધારા-વધારા કરવા જેઈએ.

(૨) પછી ત્યાંથી અમારી બસ મયદાને અરફાત તરફ આગળ વધી. આજે અરફાતના ખુલ્લા મૈદાનને જોવાની મજા પડી. અહિયા હજજમાં આવ્યા હતા પણ ત્યારે આ આખો વિસ્તાર તંબુઓથી ખીચો-ખીચ ભરેલો હતો. અરફાતમાં આવેલ મસ્જીદે નમરા જોઇ જે આલીશાન અને ભવ્ય છે. પણ આટલી મોટી મસ્જીદ વર્ષમાં ફક્ત એક દિવસે ખુલ્લી રહે છે. ૯મી જીલ્હજ પુરતી જ ખુલે છે. બાકી આખું વરસ બંધ રહે છે. અમે તેની ચોખટ પર તહયતુલ મસ્જીદ અદા કરી અને અમારી બસ ત્યાંથી જબલે રહેમત તરફ આગળ વધી.

(૩) જબલે રહેમત એ એક મહાન રૂહાની અને ઐતિહાસિક સ્થળ છે. આ તે પહાડી છે જેના ઉપર ચઢીને હુઝુરે મહાન યાદગાર ખુત્બ એ હજ્જતુલ વિદાઅ પઢયો હતો. ઈસ્લામી આલમમાં આ ખુત્બાનું ઘણું મહત્વ ગણાય છે. આ એ મહાન જગ્યા છે. જયાં હઝરત આદમ (અલૈહિસ્સલામ) અને બીબી હવ્વા સાથે મુલાકાત થઇ હતી.

(૪) મુઝદલફાનું મૈદાન અને તેમાં આવેલ મસ્જીદે મશઅરૂલ હરામ જોઇ બે રકાત નમાઝ અદા કરી. આ એ જગ્યા છે જયાં હાજીઓ મગરીબ-ઈશાં હજજના દીવસે ભેગી અદા કરે છે અને શયતાનને મારવા કાંકરીઓ વીણે છે.

(૫) મસ્જીદે ખૈફ અને ત્રણ શૈતાનને ફરી વાર જોયા મસ્જીદે ખૈફ મીનામાં આવેલી છે. મીનામાં લીમડાના વૃક્ષોનો ઉછેર સારો કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં અગર આ લીમડા ઉછરી ગયા તો આખું મેદાન લીમડાના ટાઢા છાયાથી ઢંકાઈ જશે ઈન્શા અલ્લાહ.

(૬) ગારે હિરા અને જબલેનૂર જોવા માટે અમારી બસ આગળ વધી. ગારે હિરાથી કોણ અજાણ્યું હોઈ શકે અલ્લાહનો કલામ વહી

રૂપે સૌ પ્રથમ આ મુકદ્દશ ગાર (ગુફા)માં હઝરત જીબ્રઈલ (અલૈહિસ્સલામ) અમારા આકા અને મૌલા હુઝૂર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાસે લાવ્યા હતા અને તે પ્રથમ વહી હતી *ઈકરા બીસ્મે રબ્બેકલ લઝી* (સૂરા ઈકરા. પારા. ૩૦)

(૭) પછી મક્કાનું પ્રખ્યાત કબ્રસ્તાન જન્નતુલ માલામાં આવ્યા હતા. ત્યાં ઝીયારત કરી બસ અમને પાછી લાવી અને ઉતારા પર આવી ગયા.

તા.૧૩/૪/૯૯ મંગળવાર આજે મક્કા મોઅઝઝમાંથી વિદાય લેવાની હતી. એક તરફ મદીનાએ મુનવ્વરા જવાની ખુશી હતી તો બીજી તરફ અલ્લાહ તઆલાના મુકદશ ઘર કાબા શરીફની વસમી વિદાય બન્ને પ્રકારના ભાવથી મન વિમાસણમાં હતું. સાથીઓ વિદાય તવાફની ચર્ચા કરતાં હતાં. કોઈ બિસ્તરા બાંધવા વ્યસ્ત હતો. મૈ નક્કી કર્યુ, છેલ્લો મોકો છે બને તેટલા તવાફ કરી લઉં લગભગ વધુ સમય હરમ શરીફમાં પસાર થયો. વારંવાર કાબાને જોતો અને રડી લેતો કારણ કે આજે કાબાના દિદારનો મારા માટે છેલ્લો દિવસ હતો. હવે કિસ્મત હશે અને બીજી વખત આવું તો ફરી કાબાને જોઈ શકું. નહી તો ફરી આ દિદારે કાબાનો લ્હાવો ક્યાં મળશે? મૈં અને જેનાબાદવાળા ઈબ્રાહીમભાઈ કુરેશીએ નક્કી કર્યુ. જે થવાનું હોય તે ભલે થાય પણ આજે તો હજરે અસ્વદને બોસો આપવો જ છે. મક્કમ ઈરાદાથી ગયા ભીડ તો પુષ્કળ હતી પણ આજે ન જાણે કેમ મારામાં હિમ્મત પણ ઘણી આવી ગઈ હતી.

હિમ્મતે મર્દા તો મદદે ખુદા સાચે જ ફક્ત ૧૦ મિનિટમાં ખુબ આસાનીથી મેં અને ઈબ્રાહીમભાઈએ અને બાવાભાઈએ હજરે અસ્વદને બોસો આપ્યો. મને તો બીક હતી કે આજે ચશ્મા કે ઘડિયાળ સલામત નહી રહે પણ કસુંજ ના થયું અલ્લાહે કરમ કરી દીધો અને હજરે અસ્વદને

ચુંબન કર્યાનો સંતોષ માણ્યો.

ઈશાં બાદ ટુરના બધા જ સાથીઓ સાથે અમો હરમ શરીફ તવાફે વિદાય માટે ગયા. પ્રથમ નફલ તવાફ કર્યો. પછી વિદાય તવાફ કરતા કરતા દિલ ભરાઈ આવ્યું આંસુ રોકી ન શકયા. કાબાનો છેલ્લો દિદાર હતો. જન્નતી મહેલ જેવો હરમનો મંઝર કેમ કરીને પણ ભૂલાય તેમ નથી. હરમમાંથી બહાર આવવાનું મન થતું ન હતું. ખૂબ-ખૂબ દુઆઓ માંગી. દુઆઓ કરનારાઓ આજે જાણે દુઆનો છેલ્લો મૌકોના હોય તેમ દુઆ માંગી રહ્યા હતાં. અમો પણ દરેકના હક્કમાં યાદ કરી-કરીને દુઆઓ કરી અને પાછા પગે કાબાને જોતા-જોતા બાબે ઉમરાથી હરમ શરીફના બહાર નીકળ્યાં. આ એક એવો દરવાજો છે જયાંથી કાબા શરીફ છેક સુધી નજરે પડે છે. પછી સીધા તરત જ ઉતારા પર આવી પોત પોતાનો સામાન લઈ મદીના શરીફ જવાવાળી બસમાં બેસવા માટે રોડ ઉપર આવી ગયા. બરાબર રાતના ૧૨-૦૭ વાગે બસ મક્કાથી મદીના જવા રવાના થઈ. અમારો મદીના શરીફનો સફર શરૂ થયો. માર્ગમાં બે ત્રણ જગ્યાએ તપાસ થઈ ફજરની નમાઝ રસ્તામાં આવી એક મસ્જીદમાં અદા કરી.

તા. ૧૪/૪/૯૯ બુધવારે સવારે ૯-૦૦ વાગે મદીનાએ મુનવ્વરાની પવિત્ર હદમાં દાખલ થયા ઉજાગરો અને થાક હતો જોકા પણ ખાતા હતા. પણ મદીના શરીફ આવી જતા હોશમાં આવી ગયા.

સૌ પ્રથમ મસ્જીદે કુબાના દિદાર થયા અને ખરેખર આ મસ્જીદ મદીના શરીફની સૌપ્રથમ મસ્જીદ છે. હરમે નબવી શરીફના મીનારા નજરે પડતા જ હું તો ભાવ વિભોર થઈ ગયો.

*"ઉસ ઝાઈરે તયબાહ કી કયા હોગી 'મુહિબ' હાલત*
*જબ ગુંબદે ખિદરા કે મીનાર નઝર આયે"*

બસ મારા ઉપરના શએર મારી હાલત બયાન થાય તેવી ન હતી.

અલ્લાહ ત્આલાનો ફઝલો કરમ મુજ ગુનેહગાર પર કેવો થયો અને મદની આકા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું આ ગુનેહગારનું તેડું આવ્યું આ એક કરમ સિવાય કાંઇ ન ગણાય. હું આ શએર પણ પઢવા લાગ્યો.

**"મુઝે આપને બુલાયા યેહ કરમ નહી તો કયા હૈ,**
**મેરા મરતબા બઢાયા યેહ કરમ નહીં તો કયા હૈ"**

મારામાં રહેલો હુઝૂર પૂરનૂર સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પ્રત્યેનો અજોડ વિશ્વાસ અને યકીન કે જરૂર એક દિવસ હું મદીના પહોંચીશ જરૂર એક દિવસ મને મારા આકા મદીના બોલાવશે જ અને એજ યકીન અને વિશ્વાસ સાથે આજથી બે વર્ષ પૂર્વે મેં એક નાઅત શરીફ લખી હતી અને તેના મક્તાનો આ શએર આ પ્રમાણે છે. જે અક્ષરસ: સાચો પડયો છે.

***"એક રોઝ તો પહુંચુંગા એક રોઝ તો દેખુંગા,***
***નિકલેંગે "મુહિબ" તેરે અરમાન મદીને મેં"***

મદીના શરીફમાં મકાનની તલાશમાં બસ ડ્રાઇવરને વાર લાગી હુઝૂરે પાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ગુંબદના ચાર વખત દિદાર બસમાં બેઠા-બેઠા કર્યા એમ સમજો કે અમારી બસે મસ્જીદે નબવીનો ચાર વખત તવાફ કર્યો. આ પણ જોગાનું જોગ કહેવાય. લબો પર દરૂદો સલામના નઝરાણા હતા. આંખો ગુંબદે ખિદરાના લીલા રંગથી પુર કેફ કરી. આખરે લગભગ ૧૨ વાગે સમ્માનીયા વિસ્તારમાં દારે અકિલ ગેસ્ટ હાઉસના ત્રીજા માળે મુકામ કર્યો. થાક અને ઉજાગરાના કારણે આરામ કરવો જરૂરી બની ગયો. થોડીક વાર આડા પડીને મોડા હરમ શરીફમાં જવાનું નક્કી કર્યુ.

આરામ કર્યા પછી લગભગ ૩ વાગે મસ્જીદે નબવીમાં ગયા. જન્નતને પણ ઈર્ષા થાય તેવી મદની આકા સલ્લલ્લાહો અલયહે વ

સલ્લમની મસ્જીદની જાહો જલાલી આંખોને આંજી નાંખે તેવી છે. નમાઝ બા જમાઅત પઢવાની ઈઝાઝત છે. અમોએ ઝોહરની નમાઝ મસ્જીદે નબવીમાં જમાઅત સાથે પઢી મને મસ્જીદે નબવીમાં ઈમામત કરવાનો લાભ મલ્યો. કરમ પર કરમ થઇ રહ્યો હતો. કયા શબ્દોમાં હુઝુરના અહેસાન બયાન કરૂં. પછી કરોળો મુસલમાનોના કલ્બની ધડકન એટલે ગુંબદે ખિદરા પર હાજરી આપી. સલાતો સલામ પેશ કર્યા. અહિંયાથી જે-જે લોકોએ સલામના તોહફા મોકલ્યા હતા એ પણ સરકારની બારગાહમાં પેશ કર્યા. પછી અસરનો સમય થયો. અસર બાદ બહાર નીકળવા જતા હતા ત્યાં જ પાછળથી કોઇએ કહ્યું દાદામિંયા સાહબ અસ્સલામો અલયકુમ મૈ કહ્યું વઅલૈકોમુસ્સલામ એ હતા જનાબ શમસૂદ્દીન પીરઝાદા સાહેબ (રી. સે સન્સ જજ) વિરમગામ વાળા એક સ્નેહીથી મસ્જીદે નબવીમાં મુલાકાત થવાનો આનંદ ઓર હતો. પછી હું અને કુરેશી સાહેબ જેનાબાદવાળા જન્નતુલ બકીઅમાં ઝિયારત કરવા ચાલ્યા ગયા.

જન્નતુલ બકીઅ મદીનાએ મુનવ્વરાનું મહાન ઐતિહાસિક અને રૂહાની કબ્રસ્તાન છે. પણ અહિંયા પગ મુકતાજ આ કબ્રસ્તાનની બે હાલી જોઇને જ લોકો રડી પડે છે. બુઝુર્ગોને દીનથી કેટલી બધી અદાવત છે. તે તેમના મઝારોની બે હાલીથી છતી થાય છે. જેમણે દીને ઇસ્લામના પ્રચાર માટે તન-મન-ધન અને પોતાની જાનો સુદ્ધા કુરબાન કરી દેનારા મહાન મોહસીનોની કબરો ઉપર બુલડોઝર ફેરવી દઈને બુઝુર્ગોની યાદગારોને મીટાવી દેવાના આ ના જાઇઝ કૃત્યને ખૂદ દેવબંદના એક આલીમે પણ વખોડી કાઢયો છે. ઇ.સ.૧૯૬૯માં પાકિસ્તાનમાં રહેતા દેવબંદના કટ્ટર પ્રચારક આંજહાની જનાબ ''શોરિશ'' કાશ્મીરી હજ્જે બયતુલ્લાહ માટે ગયા ત્યારે મદીના શરીફમાં આવેલ કબ્રસ્તાન ''જન્નતુલ બકીઅ''માં હાજરી આપી તે વખતે હઝરતે ફાતેમા ઝહરા

રદીયલ્લાહો ત્આલા અન્હાની વિરાન અને તારાજ કરી નાંખવામાં આવેલી બીજી કબરોને જોઇને રડી પડયા હતા. તે લખે છે કે ''જીસ પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઉમ્ર ભર પક્કા મકાન ન બનાયા ઉસ્કે નામ લેવા બંગલો ઔર મહેલોમેં રહેતે હૈ લેકીન જન્નતુલ બકીઅ હી એક ઐસી જગાહ હૈ જહાં કબ્રોંકો રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કી હિદાયતોં પર યારાને નજદને ઇબ્રત કે નવીશ્તે બના રખ્ખા હૈ ગોયા અસ્લાફ કી કબ્રો પર સુન્નતે નબવી. નાફીઝ હૈ લેકીન ખુદ ઝીંદા કબ્રે સંગે મર મર કે મહેલો મેં રેહ રહી હૈ હઝરત ફાતેમા ઝોહરા રદીયલ્લાહો ત્આલા અન્હા કે મઝારે અકદ્દસ પર મેરે અશ્કબાર દિલ કી જો હાલત હુઇ વોહ અર્ઝ કરના મુશ્કીલ હૈ એક વીરાને મેં માં પળી સોતી હૈ. ઝરા હટ કર હઝરત ઇમામ હસન, ઇમામ ઝેનુલ આબેદીન, ઇમામ જાફર સાદીક ઔર ઇમામ બાકીર રદીયલ્લાહો ત્આલા અનહુમાં આરામ ફરમાં રહે હૈ. ઉનકી જુડવા કબ્રોં કી રૂબરૂ હુઝૂર કે ચાચા હઝરત અબ્બાસ બીન અબ્દુલ મુત્તલીબ કી કબ્ર હય મેરે એ અશઆર ઉસી હાજરી કી યાદગાર હૈ.

**- શોરિશ કાશ્મીરી.**

## અઝીમ સદમા

ઈસ સાનેહા સે ગુંબદે ખિદરા હૈ પુર મલાલ
લખ્તે દિલ રસુલ કી તુરબત હૈ ખસ્તા હાલ
દિલમેં કટગ ગયા કે, નઝરમેં સીમટ ગયા
ઈસ જન્નતુલ બકીઅ કી તાઝીમકા ખયાલ
તયબાહમેં ભી હય આલે પયમ્બર પે અબ્તલા
ઈસ અબ્તલા સે ખાતિરે કૌનેન હૈ નિઢાલ.
સોયે હુવે હૈ માં કી લહદ હી કે આસપાસ
પોરે ખલીલ, સિબ્તે પયમ્બર, અલી કે લાલ
ઉળતી હૈ ધુલ મરકદે આલે રસુલ પર
હોતા હૈ દેખતે હી તબીયત કો ઈબ્તલાલ
ઉફતદગાને ખ્વાબ હૈ આલે અબુ તુરાબ
અબતક વહી હૈ ગરદીશે દૌરાં કી ચાલ-ઢાલ
ફર્ઝે શહીં રવાં હૈ, પયગમ્બર કે દીન મેં
લેકીન હરામ શય હૈ, મકાબીર કો દેખભાલ
ઈસ્લામ અપને મોબુદો મન્સામેં અજનબી
તેરા ગઝબ કહાં હૈ ખુદાવંદે ઝલજલાલ
તોંદે બલ્હી હુઈ હૈ ગરબોં કે ખુન સે
મહેલો કી આબો-તાબ હૈ હુક્કામ પર હલાલ
જીસકી નિગાહ મેં બીન્તે નબી કી હયા ન હો
ઉસ શખ્સ કા નવીશતએ તકદીર હય ઝવાલ
ફટતી હૈ પો તો સુબ્હ હોતી હૈ બીલ ઝરૂર
ફીરતે હૈ રોઝો શબ તો પલટતે હૈ માહો સાલ
કબ તક રહેંગી આલે પયમ્બર લુંટી હુઈ
કબ તક રહેંગે બાકરો-જાફર યું ગરતા હાલ

અઝ બસ કે હું ગુલામે ગુલામાને અહેલે બયત
હર લહઝા ઉનકી જાત પર કુરબાન જાનો માલ
કયા યુહીં ખાક ઉળેગી, મઝારાતે કુદસ પર
'ફયસલ' કી સલ્તનત સે હય "શોરિશ" મેરા સવાલ

ભાઈઓ દેવબંદી મૌલાના શોરિશ કાશમીરી તો આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. તેમણે પૂછેલા સવાલોના જવાબો કોણ આપશે? આ સવાલ ત્યારે થયો હતો જયારે હુકુમત પર રાજા ફયસલ હતા આજે તેમનાજ વારસો છે. ભાઈઓ મૌલાના દિલની કારમી વેદના સમજવા માટે તેમના આ અશ્આરને વારંવાર વાંચો સઉદી હુકુમત અને વહાબી-દેવબંદી અકીદાની વાહ વાહ કરનારા ગુમરાહોમાં આવી કડવી છતાં સત્ય વાત કહી નાખનાર બીજો કોઈ પૈદા થશે ખરો? બેશક સત્યતો આખરે જાહેર થઈને જ રહે છે. બે ચાર ઉર્દુ-ગુજરાતી કિતાબો પઢી લેનારા અને બે-ચાર તબ્લીગી ચિલ્લાના ચક્કરમાં ફસાઈ જનારા અધુરીયાઓ જે અમો સુન્ની બરેલ્લીઓને મુશરિક અને કબ્ર પરસ્ત તથા બિદઅતી કહેનારા દેવબંદી-વહાબી-નજદીઓના હાલ આખેરતમાં કેવા થશે? (તયબાહ ૧/૮/૯૨માંથી)

૧૪૦૦ વર્ષ પહેલાના બુઝુર્ગોની દીની ખિદમત અને કુરબાનીઓને ભુલાવી દેવામાં આવી રહી છે અને ઈસ્લામ માટે જેમણે કંઈજ કર્યુ નથી એવા પોતાના બાપ દાદાના નામો પાછળ કરોળો રૂપિયા બગાડી બાગ-બગીચા રોડ-રસ્તા, ઓવર બ્રીજ, અંડર બ્રીજ બનાવી તેમના નામ આપી દેવામાં આવ્યા છે. સહાબાએ કીરામ અને બુઝુર્ગોને દીનની યાદગારો ઈરાદાપૂર્વક મીટાવી દેવામાં આવી રહી છે. હઝરત ખાતુને જન્નત ફાતેમા ઝહરાના (રદીયલ્લાહો અન્હા) મઝારની વિરાન હાલત જોઈને ગુજરાતી ગઝલકાર 'ઘાયલ' કુતિયાનવી સાહેબના શએરને હું ભૂલી શકું તેમ નથી જનાબ 'ઘાયલ' લખે છે કે,

"જાણવા માંગો છો? દુનિયા કેટલી નિષ્ઠુર છે?
જોઈ આવો કબ્રે ઝહરા કયાં મદીના દૂર છે.
અઝમતે ઝહરા ભલા દેખાય કયાંથી એમને
જેમના અંતરની આંખો સર્વદા બે-નૂર છે."

- ઘાયલ કુતિયાનવી

જન્નતુલ બકીઅ કબ્રસ્તાનની બેહાલી વિશે હવે મારે વધારે કહેવાનું રહેતું નથી. ભલે સઉદીઓએ બુલડોઝરો ફેરવીને ખાતુને જન્નત અને હઝરત ઉસ્માનગની તેમજ હજારો સહાબાઓ, શહીદો અને અહેલે બયત હઝરાતના મઝાર તોડી નાંખ્યા હોય તો પણ એ માટીના ઢેર તેની અંદર રહેલી રૂહાનીયતની અસરથી ખાલી નથી. અકીદતમંદો અશ્રુ સારી ચાલ્યા જાય છે. અમે પણ ફાતેહા ખ્વાનીથી ફારીગ થયા ત્યાં કબુતરોને દાણા નાંખવામાં આવે છે. મેં પણ એક રીયાલની દાણાની થેલી ખરીદી કબૂતરોને દાણા નાંખ્યા અને મગરીબનો સમય થયો નમાઝથી ફારીગ થઇ મકાન પર આવી ગયા.

તા. ૧૫/૪/૯૯ ગુરૂવાર લગભગ આખો દિવસ મસ્જીદે નબવીમાં પસાર થયો. રીયાજુલ જન્નહ (જન્નતની કયારી) અહીંયા જમાઝ પઢનારને જન્નતમા નમાઝ પઢવાનો સવાબ મળે છે. હુઝુરેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે મારી કબ્ર એ મારી મહેરાબ સુધીની જગ્યા જન્નતના ટુકડા પૈકીનો એક ટુકડો છે. આ જગ્યાએ બે રકાત નમાઝ પઢવા માટે ઘણી ભીડ જામેલી હોય છે. પણ દરેકને મૌકો જરૂર મળે છે. નજીકમાં અસ્હાબે સુફ્ફા એટલે સહાબીઓનો ચબુતરો (એક ઓટલો છે.) જયાં સહાબાએ કીરામ કુર્આને પાક અને દીનની તાલીમ લેતા હતા આ જગ્યા વિશ્વની સૌ પ્રથમ ઈસ્લામી તાલીમનું કેન્દ્ર છે. અહિંયા લગભગ હાજીઓ કલામે પાકની તિલાવત કરતા નજરે પડે છે. હુઝુરની મહેરાબ અને મીમ્બર તેમજ મુકદ્દસ સુતુન પણ

દિલોને ચૈન અર્પે છે. અહિયા પણ દરેક જગ્યાએ નમાઝ અદા કરી દરૂદે પાક પઢતા રહ્યા. હુઝૂરની હરએક યાદગાર નુરૂન અલાનૂર છે અને મદની આકા રહેમતુલલીલ આલમીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આરામગાહ-ગુંબદે ખિદરાની તો શું તારીફ કરૂ જ્યાં ફરિશ્તા પણ અદબથી ચાલે છે. અહિંની શાંતી અને અદબો અહેતરામ બેમિસાલ છે.

**મીમ્બર હી નહીં નૂરી, મહેરાબ ભી નૂરી હય,**
**હર શય પે યહાં દેખે અનવાર મદીને કે,**

બીજા દિવસે જુમ્આ હતી અમારા માટે મદીના શરીફની જુમ્આ ઈદથી પણ વધારે ખુશીનો દિવસ હતો.

આજે બધાએ ચા નાસ્તો વહેલો પતાવી નાહવા ધોવામાં પ્રવૃત થઈ ગયા. હું લગભગ ૧૧ વાગ્યે તૈયાર થઈ ને મસ્જીદ નબવી શરીફમાં દાખલ થઈ ગયો. અંદરનો ભાગ તો ભરાઈ ગયો હતો. ધીમે ધીમે માણસો વધતા ગયા મેં પ્રથમ સુ. કહફ પઢી લીધી પછી તીલાવત કરવા બેઠો અને ૧૨ વાગ્યા પછી દુરૂદ શરીફ પઢતા પઢતા અઝાનની ઈન્તેઝારી હતી બરાબર ૧૨-૩૦ વાગે અઝાન થઈ. થોડીકવાર પછી તરત જ ખુત્બો થયો અને ૧-૨૦ નમાઝ પુર થઈ ગઈ હું ૧-૩૦ વાગે ઉતારા પર આવી જમવા બેઠો અને આવતી કાલ તા. ૧૭-૪-૯૯ શનિવારે મદીનાએ મુનવ્વરાની બાકીની ઝિયારતો કરવા જવાનું નક્કી થયું.

તા. ૧૭-૪-૯૯ શનિવારે સવારે લગભગ ૯ વાગે અમો મદીના શરીફની ઝિયારતગાહો જોવા નીકળ્યા.

(૧) પહેલા મૈદાને ઓહદ ગયા જ્યાં ઓહદ નામે એક નાનો પહાડ છે. જે પહાડ ઉપર ચઢીને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જંગે ઓહદનો નકશો બનાવ્યો હતો. ઓહદના શહીદોના

મઝારો પણ અંહિયા જ છે. અહિંયા પણ આ ઐતિહાસિક શહીદોની કબરોની કોઇ નિશાની રાખી નથી ફક્ત એક સૈયદુશ્શોહદા હઝરત અમીર હમઝા રદીયલ્લાહો અન્હોની કબરની આસપાસ થોડાક પથ્થરના ટુકડા પડયા છે. આ જગ્યાએ જંગે ઓહદની વાત યાદ તાજા થઇ જાય છે. મહાન શહીદો અને બુઝુર્ગોને દીન માટેની મહાન કુરબાનીની કોઇ ખાસ યાદગાર બનાવી નથી તેનો અફસોસ દરેકને જરૂર થતો હશે. પછી ત્યાંથી

(૨) મસ્જીદે કીબ્લતૈન (બે કાબાવાળી મસ્જીદ) જોવા ગયા અંહિયા ૨ રકાત તહયતુલ મસ્જીદ અદા કરી આ મસ્જીદનું મહત્વ એ છે કે અંહિયા કીબ્લા બદલવાનો હુકમ થયો હતો. હી.સ.૨માં ઝોહરની નમાઝમાં અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અલ્લાહે કીબ્લા બદલવાનો હુકમ કર્યો આપ નમાઝમા જ ફરી ગયા પહેલા કીબ્લા મસ્જીદે અકસા (બયતુલમુકદ્દસ) હતો હવે કયામત સુધી મોમીનો માટે કિબ્લા બયતુલ્લા શરીફ (મક્કાએ મોઅઝઝમા) બની ગયો બન્ને કિબ્લાની યાદ અપાવતી આ મસ્જીદ સુંદર છે.

(૩) મસ્જીદે કુબા- આ મસ્જીદ મદીના શરીફની પહેલી મસ્જીદ છે. મસ્જીદે કુબાની બુનીયાદ (પાયા વિધિ) ખુદ મદની મદીનાવાલા આકા તાજદારે તાજદારાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક હાથોથી મુકાઇ હતી. આ મસ્જીદમાં ૨ રકાત નમાઝ પઢવાનો સવાબ એક ઉમરાહ કરવા બરાબર છે. આ મસ્જીદને પણ સુસજ્જ કરવામાં આવી છે. ત્યાંથી અમો

(૪) ખંદક પાસે આવ્યા. આ જગ્યાએ નાની નાની મસ્જીદો હતી. હવે તો બે ત્રણ રહી ગઇ છે. બીજી તો જડતી પણ નથી. અહીંયા મસ્જીદે ઉમર, મસ્જીદે અલી, મસ્જીદે સલમાન ફારસી અને મસ્જીદે ફાતેમાહ આવેલી છે. ત્યાં ૨-૨ રકાત નમાઝ અદા કરી અમો અમારા

ગેસ્ટ હાઉસ પર આવી ગયા.

આજે સાંજે કલોલવાળા હાજી દાદાભાઇ રસુલભાઇ મલેકના અહેલીયા હજીયાણી છોટીબીબીએ ખુબ આગ્રહ કર્યો એટલે ઈશાંની નમાઝ બાદ તેમને મેં મુરીદા બનાવ્યા. મદીનાએ મુનવ્વરાની પવિત્ર સરજમીન પર મુરીદ બનાવવાનો આ મૌકો મારા માટે પણ આનંદ અને ગૌરવની વાત હતી. છોટીબીબી તો ઘણાં ખુશ થયા અને કહ્યું ''બાવા સાહબ હમારી દાવત કો કુબુલ કરના ઈન્ડીયા જાકર ફૌરન કલોલ આના'' મેં કહ્યું ઈન્શાઅલ્લાહ!

તા. ૧૮/૪/૯૯ રવિવારે રીયાઝુલ જન્નતમાં નમાઝથી ફારીગ થઇને હુઝુરના રોઝાએ અકદસ પર સલામ પેશ કરવા જતા હતાં પણ પોલીસે રોકયા આજે સઉદી હુકુમતના કોઇ પ્રધાન આવેલા હતા. પોલીસ બંદોબસ્ત ઘણો કડક હતો. પોલીસખાતાના વડા અધિકારીઓ તેમના બોડીગાર્ડ હતા. તે પ્રધાને રીયાજુલ જન્નતમાં નમાઝ પઢી પછી રોઝા મુબારક પર સલામ પેશ કરીને જન્નતુલ બકીઅ તરફ ચાલ્યા ગયા તે પછી અમે બારગાહે રિસાલતમાં હાઝરી આપી પ્રથમ સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ત્યાર બાદ ખલીફાએ અવ્વલ હઝરત સીદીકે અકબર રદીયલ્લાહો અન્હો અને ત્યારબાદ ખલીફાએ દોમ હઝરત ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો)ની પવિત્ર દરબારમાં સલાતો સલામ પેશ કર્યા. આજે કડીવાળા હાજી ગુલામ રસુલ (ટુર ઓર્ગેનાઇઝર) તરફથી અમારા ઉતરાપર મહેફીલે મીલાદ શરીફનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. એક મોટા રૂમમાં બધા ભેગા થઇ ગયા. બીજી ટુરના પણ માણસો સાંભળવા આવી ગયા હતા. સૌ પ્રથમ તીલાવત થઇ પછી એક નાઅત શરીફ પઢીને મેં લગભગ ૨૫ મીનીટ તકરીર કરી ત્યારબાદ મીલાના હાફેઝ મોહમદ શરીફ સાહેબે તકરીર કરી મહેફીલે મીલાદ જાનદાર અને શાનદાર બની સલાતો સલામ

પછી ફાતેહા ખ્વાની કરીને શીરખુરમા અને ખજુરની ન્યાઝ ખાધી.

તા. ૧૯/૪/૯૯ સોમવાર આજે મારે મુંબઈવાળા મહમદ હુસૈનભાઈ (દયારે હબીબ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)ને મળવાનું હતું. કારણ કે કડીની ટૂર તા.૨૦/૪/૯૯ મંગળવારે વતન તરફ રવાના થવાની હતી હવે અમે ફક્ત બેજ માણસો હતા અમારે ઝિયારત અર્થે ઈરાક, સીરીયા વિગેરે જવાનું હતું અને તેના માટે અમારે મદીના શરીફમાં વધુ ૯ દિવસ રોકાવાનું હતું. આજે સતત ૩૫ દિવસ સાથે રહેનારા અમારા ૨૪ સાથીઓ અમારાથી જુદા થવાના હતાં હું કડીવાળા ગુલામ રસુલ સાથે જઈને મુંબઈની ટુરવાળા મહંમદ હુસૈન સાથે મુલાકાત કરી આવ્યો. આજે રાત્રે ઈશાં પઢીને આવતો હતો માર્ગમાં વડોદરાવાળા હાજી સુલેમાન કાદરી મહેમુદી રીફાઈ સાહેબ સાથે મુલાકાત થઈ તે પણ વડોદરાથી ટુર લઈને આવ્યા હતા અને તેમને પણ સવારે રવાના થવાનું હતું.

તા. ૨૦/૪/૯૯ મંગળવારે સવારે ૯ વાગે હજના ૨૪ સાથીઓને વતન જવા વિદાય આપી, આવજો બોલ્યું ચાલ્યું માફ કરજો, કોઈ તકલીફ પડી હોયતો માફ કરજો, દુઆમાં યાદ રાખજો, જીભ ઉપર આ શબ્દો અને આંખમાં આસું સાથે સૌને વિદાય કરી અમો બે માણસો પોતાના ઉતારા પર આવ્યા સાવ સુનુ સુનુ લાગતું હતું કંઈ ગમતું ન હતું ગેસ્ટ હાઉસ ખાલી થઈ ગયો. ઉપરથી અમે પણ હવે નીચેના રૂમમાં આવી ગયા. ઘણાને તો મદીના શરીફમાં ૪૦ નમાઝો પઢવાનો સમય પણ મળતો નથી. અમને તો ૧૫ દિવસ મદીનાએ મુનવ્વરામાં મલ્યા તેની મનોમન ખુશી હતી. હવે બાકીના દિવસો નમાઝ અને સલાતો સલામ સાથે પુરા કરવાના હતા. તા. ૨૩/૪/૯૯ મને બીજી જુમ્આ પણ મદીના શરીફ પ્રાપ્ત થઈ આજે મેં મારો ખાનદાની શજરા શરીફ પઢવા લાગ્યો. હઝરત ખાતુને જન્નત બીબી ફાતેમાહ ઝહરા

(રદીયલ્લાહો અન્હા)ના મઝારથી ૨૫-૩૦ ફુટ દુર ઉભા રહેવા દે છે. કોઈ ફાતેહા પઢે છે. કોઇ સલામ પેશ કરે છે. કોઈ દુઆ માંગે છે. કોઈ આંસુ સારે છે. આજે પણ મેં ૧ રીયાલના ઘઉં ખરીદીને કબૂતરોને નાંખ્યા. હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો)ના મઝાર પાસેથી એક ટોળું આવી રહ્યું હતું તેમા એક ડોસો હતો. જે ખૂબજ ગુસ્સે થયો હતો. તે ડોસો મારી નજીક આવ્યો અને કહેવા લાગ્યો ''યે અરબ કે પુલીસવાલે કીતને બે અદબ હૈ મુઝે હઝરત ઉસ્માન ગની (રદીયલ્લાહો અન્હો) કે મઝાર પર ફાતેહા ભી ન પડને દીયા હમ કીતની દૂરસે આયે હૈ ઈતની બડી હસ્તી કે મઝાર કા કોઈ નિશાન બાકી નહીં રખ્ખા મુઝે ધક્કા મારકે હટાયા કમ સે કમ મઝાર પર સાહીબે મઝાર કા નામ લીખકર તો રખના ચાહીએ'' એમ કહી તે પોતાનો રોષ ઢાલવી રહ્યો હતો. બીજી કોઈ વ્યક્તિ બોલી અબ વક્ત ખત્મ હોતા હૈ સબકો હી બહાર નીકલના પડેગા તુમ કલ આના પેલા ડોસાએ કહ્યું કલ મૈં કૈસે આઉંગા કલ તો હમે કરાંચી જાનેકા હૈ? યે અરબવાલોંકો હીન્દુસ્તાન યા પાકિસ્તાન આકર દેખના ચાહીએ કે બુઝુર્ગો કે મઝાર કા અદબ કૈસે કીયા જાતા હૈ રડતી આંખે એ ડોસો બહાર નિકળ્યો. ખરેખર દરેક હાજીને જન્નતુલ બકીઅમાં એક તકલીફ જરૂર પડે છે કે આ કબર કોની હશે? ઘણા નકશા અને ગાઇડ લઈને આવે છે પણ તેત્પ્રમાણે શોધતા ઘણો સમય લાગે છે. હઝરત ખાતુને જન્નતના મઝાર નજીક જવા દેવામાં આવતા નથી. ફાતેહા અને સલામ તો માણસ પોતાના વતન (ઘર)થી પણ પઢી શકે છે. લાખોનું ખર્ચ કરીને આવનાર જો મઝારના નજીક પર ના જઈ શકે તો તેને કેટલો આઘાત લાગે. મને તો એવી બીક લાગે છે કે ભવિષ્યમાં આ હુકુમત ઝાઈરીનોને જન્નતુલ બકીઅમાં અંદર પ્રવેશ પણ નહીં કરવા દે. વિશ્વના સુન્ની મુસલમાનોએ આ માટે અસરકારક રજુઆત કરવી જોઈએ.

૯મી અને ૧૦ મહોર્રમના બે રોઝા રાખવાનો પાકો ઇરાદો હતો. આજે તા. ૨૫-૪-૯૯ રવિવાર ૯મી મોહર્રમ હતી આજે શબે આસુરા હતી મેં બજારથી ટોસ અને દુધનો ડબો લઇ લીધો અને તેનાથી શહેરી કરી રોઝો રાખી લીધો. અસર બાદ રીયાજુલ જન્નતમાં જગ્યા મલી ગઇ મદીનાથી હાજીઓ વિદાય લઇ રહ્યા હતાં. એટલે ભીડ ઓછી થઇ ગઇ હતી. અસ્હાબે સુફ્ફા પર થોડીક તીલાવત કરી રોઝાએ અકદસ પર સલાતો સલામ પેશ કરી ઉતારા પર આવી ગયો. બીજા દિવસે એટલે ૧૦મી મહોર્રમ તા. ૨૬/૪/૯૯ સોમવારે અસર બાદ મસ્જીદે નબવી તરફ જઇ રહ્યો હતો માર્ગમાં જનાબ મહંમદઅલી કાદરી (માજી ચેરમેન ગુજરાત રાજ્ય વકફ બોર્ડ) મલ્યા. તેમના મોટાભાઇ મુઝફ્ફર હુસૈન સાહેબ પણ હજમાં આવ્યા હતા પણ મુલાકાત થઇ શકી ન હતી એક બીજાના ખબર-અંતર પૂછી જુદા પડયા. હું આજે પણ રીયાજુલ જન્નહમાં બેસી ગયો ત્યાં ઈફતારી માટે ખજુર ઝમઝમની સગવડ હતી જ હું પણ ખીસ્સામાં ખજૂર લઇને ગયો હતો આજે મસ્જીદે નબવીના રીયાજુલ જન્નતમાં રોઝો ઈફતાર કરવાનો રૂહાની લ્હાવો પણ માણી લીધો. ઈફતારીનો પ્રબંધ પ્રશંસનીય હોય છે.

તા. ૨૭/૪/૯૯ મંગળવારે રૂપાલ ફોનથી જાણ કરી દીધી ઇન્શાઅલ્લાહ અમો તા. ૧૪/૫/૯૯ એ મુંબઇ આવીશું. હવે અમો બન્ને ને દયારે હબીબની ટુરમાં પાંચ કુલ સાત માણસો જ રહ્યા બાકીના મુંબઇ રવાના થયા હતા. અમારે સાતના ઝિયારત અર્થે ઇરાક જવાનું હતું હરમે નબવી પણ ખાલી ખાલી નજરે પડતું હતું. ટાઇમ પાસ કરવા જન્નતુલ બકીઅમાં જતો રહેતો. આજે હઝરત અલી કર્રમલ્લાહો વજહહુની અમ્મા હઝરત બીબી ફાતેમા બીન્તે અસદના મઝાર પાસે રોકાઇ ગયો. જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કાકી થતાં હતાં. ત્યાં એક અફઘાન યુવાન ઉભો હતો તેણે પૂછયું યે કીસકી કબર

છે? મૈં કહ્યું હઝરત અલી કી અમ્મા કી કબર હૈ તેણે વાંકી વળી કબર પરથી ચપટી માટી ઉપાડી લીધી માટીમાંથી કાંકરા રહેવા દીધા માટી નાખી દીધી કાંકરા પોતાના રૂમાલમાં બાંધીને પોતાના ખીસ્સામાં મુકી દીધા. શું કામ લીધા? લઈને શું કરીશ તેની પંચાત મેં ના કરી!

અમે મદીના શરીફમાં સમ્માનીયાના દારે અકીલમાં રોકાયા હતા દારે અકીલથી થોડેક દુર એક શુટકેશ-બેગની દુકાન હતી. લગભગ ૭૦ થી ૮૦ વર્ષના વૃદ્ધ હાજી સાહેબ દુકાનની બહાર ખુરશી પર બેઠા-બેઠા તસ્બીહ પઢયા કરતા હતાં. આવતા-જતા મારે દુવા-સલામ થતી આજે તેમણે મને નજીક બોલાવ્યો અને પૂછયું હાજી સાહબ કબ ઈન્ડીયા જાઓગે? મૈં કહ્યું હમે યહાંસે ઈરાક જાના હૈ પહેલે સીરીયા જાએગેં ફીર ઝીયારત કા પ્રોગ્રામ ખત્મ હોને પર ઈન્ડીયા જાયેંગે મને પાસે બેસાડી પોતાનો પરિચય આપ્યો. હમ પાકિસ્તાની હૈ ૩૦ સાલસે યહાં આયે હૈ. ૩૦ સાલમેં એક ભી હજ છોડી નહી હૈ યે ઉસ્કા કરમ હૈ. મેરે પીરો મુરશીદ ઈન્ડીયા મેં આરામ ફરમા રહે હૈ ઉન્કા નામ બહુત મશ્હુર હૈ હઝરત મૌલાના સદરૂશ શરીઆ નઈમુદીન મુરાદાબાદી (રહેમતુલ્લાહ અલયહ) મૈં ઉનકા મુરીદ હું. મૈં કહ્યું ઉન્હોને તો તફસીર લીખી હૈ જો આલા હઝરતકે તરજુમેં કે સાથ હૈ હાં વહીં વોહ તો બહુત બડે બુઝુર્ગ હૈ. પછી તેમણે પોતાનું નામ હાજી નૂરમહંમદ નૂરબક્ષ અને પાકીસ્તાનમાં લાહોર નજીક નાના ગામના રહેવાસી કહ્યું મેં ઈન્ડીયા આયા થા અબ અગર જીંદગી રહી તો ફીર આના હૈ મુરાદાબાદ બરેલી ઔર અજમેર કી ઝિયારતે કરને કી તમન્ના રખતા હું મૈં કહ્યું આપ જબ ભી ઈન્ડીયા આયે રૂપાલ જરૂર આના તેમણે રૂપાલનો ફોન નંબર લખી લીધો મારૂં સરનામું પણ લખ્યું અને તેમનું મદીના શરીફનું એડ્રેસ અને ફોન નં. મને પણ આપ્યો છે. તેમણે કહ્યું આપ ખુશનશીબ હૈ બહુત દીન મદીને મેં મીલે.

*રહેમત હી બરસતી હૈ હર આન મદીને મેં,*
*ખુશ હાલ હી રેહતે હૈ ઈન્શાન મદીને મેં.*

ખરેખર મદીના શરીફમાં રહેમતની વર્ષા તો ૨૪ કલાક ચાલુ રહે છે. ઈશ્કો મહોબ્બતથી ભરપૂર અકીદતમંદીની સાથે જોનારને જોવા મળે છે. અમે ૧૫ દિવસના રોકાણ દરમિયાન બે વખત વરસાદ જોયો ૧૬ એપ્રિલ અને ૨૯ એપ્રિલ મદીના શરીફમાં ઝરમર ઝીણા મેહ વર્ષ્યા હતાં.

તા.૩૦/૪/૯૯ જુમ્આના દિવસે સવારે વહેલા મદીનાએ મુનવ્વરાથી વિદાય લેવાની હતી. બીસ્તરા બાંધવાની તૈયાર કરી. રાત્રે જ લારીવાળાને કહ્યુ વહેલા ૪ વાગે લારી લાવજે અમારા બીજા મ સાથીના ગેસ્ટ હાઉસ પર જવાનું હતું. ત્યાંથી ફજરની નમાઝ બાદ તરત જ રવાના થવાનું હતું. સલાતો સલામ પેશ કરવા મસ્જીદે નબવીમાં ગયા ન જાણે કેમ આજે એક ખૌફ તારી થઈ ગયો હતો પગ કેમ ઉપડતા ન હતા શરીરમાં એક ધ્રુજારી હતી આંખોમાં અશ્રુઓની ધારા હતી. આકા ના નુરાની ગુંબદ પર નજર નાખી કંઈ આ રીતે બોલ. રહ્યો હતો યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ ગુનેહગારની હાજરીને કુબુલ ફરમાવશો. યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસ્સલમ આ ગુનેહગારના અને લોકો મોકલેલા સલામને કુબુલ ફરમાવશો. યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મારાથી આપના દરબારે અકદસમાં કોઈ બે અબદી થઈ ગઈ હોય તો માફ ફરમાવશો યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરીવાર આપના દરબારમાં જરૂરથી બોલાવશો. અસ્સલાતો વસ્સલામો અલયકા યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પછી જન્નતુલ બકીઅ તરફ મોં કરી જન્નતુલ બકીઅ વાળાઓને સલામ પેશ કરી અમારા ઉતારા પર આવી ગયા ઉંઘના આવી સવારે ૪ વાગે લારીવાળો આવી

ગયો સમાન ગોઠવી દારે ઈબ્નેમાઝી ગયા પેલા પાંચ મુંબઈવાળાને જગાડયા પછી ફજરની નમાઝ માટે હુઝુરની બારગાહમાં હાજરી આપી ફરીથી સલાતો સલામ પેશ કરી હું અને ઈબ્રાહીમભાઈ નગરીયા મુંબઈવાળા ચા પીવા હોટલમાં ગયા અને ઉતારા પર આવ્યા બરાબર ૭ વાગે ગાડી લેવા આવી ગઈ સામાન ગાડીમાં ગોઠવી મદીનાથી વસ્મી વિદાય લીધી.

અમારી ગાડી જીદદાહ જનારી બસ સ્ટેન્ડ પર આવી અમને મુકી ગઈ અમારા મોઅલ્લીમનો માણસ સાથે હતો. પછી જીદદાહ જનારી બસમાં બેઠા જીદદાહ એરપોર્ટ પર સાંજે ૪-૩૦ વાગે પહોંચી ગયા. અમારા ગ્રુપ લીડર જે મુંબઈ જનારા હાજીઓને મુકવા બે દિવસ અગાઉ જીદદાહ ગયા હતા. તેમની અમો વાટ જોઈ રહ્યા હતા. તેમને આવવામાં ઘણી વાર લાગી અમો ૭ જણા ચિંતામા મુકાઈ ગયા હવે શું થશે? જાતજાતના વિચારોમાં ખોવાઈ ગયા રાતના ૧૧-૩૦ વાગે મહંમદહુસૈનભાઈ આવી પહોંચ્યા અને અમારા જીવમાં જીવ આવ્યો! કેમ આટલું મોડું થયું? તેમણે કહ્યું મારે તકલીફ થઈ આજે હું જુમ્આ પઢવા હરમ શરીમાં ગયો અને હોટલ પર શુટકેશ મુકીને ગયો હતો મારે શુટકેશમાંથી પૈસા ગુમ થઈ ગયા શોધખોળ અને દોડધામમાં બધો ટાઈમ ચાલ્યો ગયો પછી કહ્યું ચાલો સવારે ૭ની આપણી ફલાઈટ છે. આપણે અહીંથી દમીશ્ક (સીરીયા) જવાનું છે. પહેલા લગેજ કરાવી બોર્ડીંગ પાસ કઢાવી લઈએ હું અને મહંમદ હુસૈન ગયા બોર્ડીંગ પાસ કઢાવીને આવ્યા ભુખ તો લાગી જ હતી મહંમદ હુસૈને પછૂયું તમે ખાધું મેં કહ્યું ક્યાંથી તમારી ચિતામાં ખાવાનું પણ ભૂલી ગયા છીએ તે તરત જ હોટલ પર ઉપડી ગયા અને આઠ માણસ ખાઈ તો પણ વધે એટલું લઈ આવ્યા બધા એ શાંતીથી જીદદાહ એરપોર્ટ પર ખાઈ લીધું અને પોતાના સામાન પાસે જ આડા પડી ગયા. ફજરની નમાઝ એરપોર્ટ પર

જ અદા કરી.

તા.૧-૫-૯૯ શનિવારે સવારે ૭-૪૦ની ફલાઈટ હતી. સાઉદી એરલાઈન્સ ફલાઈટ નં.૬૯૧માં સવાર થયા એ પ્લેન પણ જીદદાહથી મદીના થઈ દમીશ્ક જવાનું હતું ન જાણે કેમ જતાં જતાં પણ ફરીથી મદીના એ મુનવ્વરાની હવા ખાઈ લીધી બરાબર ૧૧-૩૦ વાગે અમો દમીશ્ક (દમાસ્કસ) ઈન્ટર નેશનલ એરપોર્ટ પર ઉતર્યા બહું મોટું એરપોર્ટ છે. દમિશ્ક (સીરીયા)ની રાજધાની છે. આ ધરતી પર પગ મુકતા જ મને મારા પૂર્વજ હઝરત સુલતાન સૈયદ હાજીહુદ (રદીયલ્લાહો અન્હો)ની યાદ તાજા થઈ હઝરતનો જન્મ આજ ધરતી પર આજથી ૧૦૦૦ વર્ષ પહેલા દમીશ્ક નજીક ખનફુર કસ્બામાં થયો હતો મારા જદે અજમદની જન્મભૂમિ જોવાની તક મારા માટે આનંદ સાથે ગૌરવરૂપ હતી. આ એજ ધરતી છે જયાંથી મારા પૂર્વજ ગુજરાતમાં દીનની તબ્લીગ અર્થે પધાર્યા હતા.

વળી બીજી ખુશી એ વાતની હતી કે આ મુલ્ક એટલે શામ જેને આજે સીરીયા તરીકે ઓળખવામાં આવે છે. તે મુલ્ક પહેલાથી જ સમૃદ્ધ હરિયાળો ગણાય છે. આપણા આકા અને મૌલા મદની તાજદાર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પણ બે વખત આ મુલ્ક એટલે શામ (સીરીયા)ની મુસાફરી કરી હતી. ચાલો મુજ ગુનેહગારને એક સુન્નત અદા કરવાની પણ તક મળી ગઈ.

અમને દમિશ્કના એરપોર્ટ પર ટ્રાવેલ્સ એજન્સી તરફથી બસ લેવા માટે આવી હતી. બસમાં બેસી 'હાસ્મીયા બિલ્ડીંગ' ગેસ્ટ હાઉસ પર આવી ગયા આ બીલ્ડીંગ ઘણીજ સારી છે. તમામ સગવડોથી ભરપૂર છે. આઠ માણસો વચ્ચે ચાર રૂમ એક રસોડું, બે બાથરૂમ અને બે સંડાસ મળી ગયા. અમે સામાન પોતપોતાના રૂમમાં મુકી થોડોક આરામ કરી લીધો એરપોર્ટથી ગેસ્ટહાઉસ આવતા ખાસો એક કલાક લાગ્યો દમિશ્ક

શહેર પણ સુંદર લાગ્યું રોડ, મકાન લગભગ આપણા જેવા હતા. બાગ-બગીચા પણ ખરા સીરીયા (શામ) રમણિય પ્રદેશ છે. ખેતીવાડી બધુ સારૂં છે. પર્વતની હારમાળાઓ પણ ખરી. લોકો પણ સ્વભાવે શાંત અને માયાળુ લાગ્યા. દમિશ્ક બે ભાગમાં વહેચાયેલું લાગ્યું નવું દમિશ્ક અને જુનુ દમિશ્ક નવુ દમિશ્ક પ્રગતિકારક અને આધુનિક શહેર જેવું લાગે છે. નવા મકાનો, રસ્તા, અંડરબ્રીજ ને ઓવરબ્રીજમાં આધુનિકતા ટપકતી હતી.

તા. ૨/૫/૯૯ રવિવારે દમિશ્ક (દમાસ્કસ)ની ઝિયારતો કરવા જવાનું નક્કી થયું હતું સવારથી અમો તૈયાર થઇ ગયા હતા. ૯ વાગે એક મેટાડોર આવી જેમાં ડ્રાઈવર અને એક ગાઈડ (માર્ગદર્શક) હતા. ગાઈડ ગુલામ હૈદર મૂળ લખનૌ (યુ.પી.)ના રહેવાસી હતા છેલ્લા ૯ વર્ષથી દમિશ્કમાં છે. અહીં ભણવા આવ્યા હતા અને પછી અહિંજ રોકાઇ ગયા છે. ઉર્દુ, હિન્દી, ફારસી, અરબી અને અંગ્રેજીના જાણકાર હતા. એટલે અમને તો ઝિયારતો કરવામાં કોઇ તકલીફ જેવું રહ્યું જ નહિ. બપોર માટેનું ટીફીન પર સાથે જ લઇ લીધું અને અમે નીકળ્યા દમિશ્કની ઝિયારતો કરવા.

## દમિશ્કમાં આવેલ ઝિયારત ગાહો

(૧) સૌ પ્રથમ ***હઝરત બીબી ઝયનબ બીન્તે અલી*** (રદીયલ્લાહો અન્હા) જે હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ના બહેન થાય છે. તેમના ભવ્યાતિ ભવ્ય રોઝાની ઝિયારત કરી આપનો મઝાર અમારા ગેસ્ટ હાઉસની નજીક હતો આપના શાનદાર રોઝા વિશે એટલું જ કાફી છે કે દમિશ્કમાં જેટલી દરગાહો છે તેમાં સૌથી શાનદાર દરગાહ આ બસાય છે.

(૨) ત્યાંથી એક બહુ વિશાળ કબ્રસ્તાન છે. તેની ઝિયારત કરવા ગયા આ કબ્રસ્તાનમાં લગભગ બધી જ કબરો પાકી આરસના પત્થરની

બનેલી છે. દરેક પર નામ અને વફાત તારીખતો ખરીજ ખુબજ સુકુનવાળી જગ્યા છે. ઠેરઠેર ફુલ-છોડ પણ ખરા આ વિશાળ કબ્રસ્તાનમાં ઘણા મોટા મોટા બુઝુર્ગોના રોઝાઓ (મકબરાઓ) પણ આવેલા છે. તેમાં જે ખાસખાસ મકબરાઓ જોય તે પૈકીના

(૧) હઝરત **બીબી ઉમ્મે હબીબા** (રદીયલ્લાહો અન્હા) અને હઝરત **બીબી ઉમ્મે સલ્મા** (રદીયલ્લાહો અન્હા)ની કબરો પાસે પાસે છે. જે હુઝુર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની અજવાઝે મોતહહરામાંથી છે. એટલે ઉમ્મતની માઓ પૈકી છે. તેમની ઝિયારત કરી.

(૨) એજ કબ્રસ્તાનમાં આગળ વધીએ તો હઝરત **અબ્દુલ્લાહ બીન ઈમામ ઝેનુલઆબેદીન** (રદીયલ્લાહો અન્હો)નો મઝાર છે. આપ બહુ નાની વયના હતા. કરબલાથી પાછા ફરતા દમિશ્કમાં આપ વફાત પામ્યા હતા. આપના મઝાર પર રોઝો બાંધવામાં આવ્યો છે. પછી ત્યાંથી થોડેક દૂર

(૩) હઝરત **અબ્દુલ્લાહ બીન મકતુમ** (રદીયલ્લાહો અન્હો)નો મઝાર છે. જે સહાબાઓમાંથી છે. હઝરત બીલાલ (રદીયલ્લાહો અન્હો) પછી મસ્જીદે નબવીમાં અઝાન આપવાનું કામ એટલે મોઅઝઝીન તરીકેની સેવા બજાવતા હતા.

**ખાસ નોંધ :-** હુઝુરેપાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લલમના બન્ને મોઅઝઝીન દમિશ્કમાં આરામ ફરમાવે છે. હઝરત બિલાલ પણ દમિશ્કમાંજ આરામ ફરમાવે છે. તેમની ઝિયારતની વાત ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

(૪) **શોહદાએ કરબલાના સરમુબારક** -કરબલાથી કુફા અને કુફાથી દમિશ્ક અહેલેબયત હઝરાતનો લુટાયેલો કાફલો અને શહીદોના માથાઓ નેઝા (ભાલાઓ) ઉપર ચઢાવીને અહિંયા લાવવામાં આવ્યા

હતા. જે જગ્યાએ આ પવિત્ર માથાઓ એક રાત રાખવામાં આવ્યા હતા. તે જગ્યાએ એક રોઝો બાંધવામાં આવ્યો છે. કેટલાકનું કહેવું છે, કે શહીદોના માથા અંહીં દફન કર્યા છે પણ તે રિવાયત કેટલી સાચી એ તો સંશોધનનો વિષય છે. પાસે એક નાની મસ્જીદ છે. જેમાં હઝરત બીમાર ઝેનુલ આબેદીન (રદીયલ્લાહો અન્હો) એ નમાઝ પઢી હતી અને પઢાવી પણ હતી.

(૫) ત્યાંથી આગળ જઈએ તો હઝરત બીબી ઉમ્મે **કુલસુમ બિન્તે અલી** (રદીયલ્લાહો અન્હા)ની દરગાહ છે.

(૬) હઝરત **સકીના બીન્તે હુસૈન** (રદીયલ્લાહો અન્હા)નો મઝાર પણ અહિંયા છે. આ હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા (રદીયલ્લાહો અન્હો)ની પુત્રી નહીં પણ ત્રીજી કે ચોથી પેઢીએ આપની પૌત્રી થાય છે. ત્યાંથી આગળ હઝરત બીબી ફાતેમા સુગરા બીન્તે ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હા) નો મઝાર પણ દમિશ્કના કબ્રસ્તાનમાં જ આવેલ છે.

(૭) પછી ત્યાંથી અમો હઝરત **અબ્દુલ્લાહબીન હઝરત ઈમામ જાફર સાદીક** (રદીયલ્લાહો અન્હો)ની દરગાહ પર ગયા અને એક મોટો રોઝો પણ જોયો જેમાં ત્રણ કબરો હતી.

A. હઝરત **બીબી અસ્મા** (રદીયલ્લાહો અન્હા) જે હઝરત જાફરે તૈયાર (રદીયલ્લાહો અન્હો)ના જોઝઅ (પત્નિ) હતા.

B. હઝરત **બીબી મેમુના** બીન્તે ઈમામે હસન (રદીયલ્લા હો અન્હા)

C. હઝરત **બીબી હમીદા** બીન્તે હઝરત મુસ્લિમ બીન અકીલ (રદીયલ્લાહો અન્હો) નો મઝાર છે.

(૮) આજ કબ્રસ્તાનમાં એક રોઝામાં મહાન આશીકે રસુલ, મોઅઝઝીને મસ્જીદેનબવી હઝરત **બિલાલ બીન રબાહ હબસી** (રદીયલ્લાહો અન્હો) આરામ ફરમાવી રહયા છે. આપનો મઝાર એક

રૂહાની ખેંચ કરે છે. અહીં અનેરી ખુશ્બુ માણવા મળે છે હુઝુર તાજદારે તાજદારાં સલ્લલ્લાહો અલયહે વસ્સલમે દુનિયાથી પરદો કર્યો આ મહાન આશીકે રસુલ આપની જુદાઇ સહન ન કરી શકયા મદીના છોડી મુલ્કે શામ (સીરીયા) આવી ગયા હતા. અહીં જ આપ રહયા એક વખત આપને ખ્વાબમાં સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના દિદાર થયા આપને મદીના કેમ છોડયું તેમ કહયું આપ ફરીવાર મદીના શરીફ આવ્યા. મદીનામાં આપના આગમનની ખબર પડતા લોકો આપને મળવા દોડી પડયા અને ફરીવાર અઝાન પઢવા આગ્રહ કર્યો આપ ઈન્કાર કરતા રહયા. પણ જયારે નવાસાએ રસુલ હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન (રિદવાનુલ્લાહ ત્આલા અજમઈન) ફરમાઇશ કરી આપ ના પાડી શકયા નહીં પણ જયારે અઝાનમાં ''અશહદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ'' આવ્યું ત્યારે બેહોશ થઇને પડી ગયા હતા અને હોશમાં આવ્યા બાદ ફરીવાર દમિશ્ક આવી ગયા હતા. આપના મઝારની પાસે દરગાહના ખાદીમોની કબરો પણ આવેલી છે. આપની કબર ઘણી મોટી અને ઉંચી છે. અને લાંબી પણ ખરી.

(૯) અહીંયા એક રોઝામાં **હઝરત બીબી હફસા** બીન્તે ઉમર (રદીયલ્લાહો અન્હા) આરામ ફરમાવે છે. જો કે આપનો મઝાર જન્નતુલ બકીઅ મદીના શરીફમાં પણ બતાવવામાં આવે છે. અહીંયા દમિશ્કમાં આપનો રોઝો સુંદર ઘુંમટ વાળો છે. રોઝાના દરવાજા પર આપનું નામ લખવામાં આવ્યું છે. સાચું શું? વલ્લાહો આલમો બિસ્સવાબ.

(૧૦) લગભગ કબ્રસ્તાનના મધ્યભાગમાં એક નાના ઘુમટવાળા રોઝામાં હઝરત **બીબી ફીજ્જા** (રદીયલ્લાહો અન્હા) કનીજે ખાતુને જન્નત (રદીયલ્લાહો અન્હા) આરામ ફરમાં છે. હઝરત બીબી ફીજ્જા

હબસના બાદશાહની શાહજાદી (રાજકુમારી) હતા. ઈસ્લામ અંગીકાર કર્યા પછી તેમણે એવું નક્કી કર્યુ કે બાપનો રાજમહેલ અને આ દુનિયાની સુખ સાહબી છોડી હવે પછીની ઝિંદગી બન્ને જહાનના બાદશાહ એવા મહાન નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાહજાદી એટલે ખાતુને જન્નત બીબી ફાતેમા ઝહરા (રદીયલ્લાહો અન્હા)ની સેવામાં દાસી (કનીજ) તરીકે ગુજારવી અને સાચેજ આપ દુનિયાની તમામ દૌલત અને સમૃધ્ધિ છોડી ફકીરી જીવન જીવતા નબવી ખાનદાનમાં દાસી તરીકે આવી ગયા ફીજ્જાનો અર્થ ચાંદી જેવો થાય છે. આપને ચાંદી બનાવવાનો હુન્નર આવડતો હતો પણ અહિંયા મરજીએ ખુદા મુજબ જ જીવન જીવવાનું હતું આપ અરબીના બહુ મોટા આલીમા પણ હતા દરેક સવાલનો જવાબ આપ કુર્આને પાકની આયતથી આપતા હતા. ઔરતો (સ્ત્રીઓ)માં આપના જેવી આલીમા આજસુધી કોઈ થઈ નથી. આપે અહેલેબયત હઝરાતની ચાર પેઢીઓ જોઈ હતી કહેવાય છે કે જંગે કરબલામાં પણ આપ સાથે હતા અમે તે બીબી ફીજ્જા (રદીયલ્લાહો અન્હા)ના રોઝામુબારકની ઝિયારત પણ કરી.

દમિશ્કના કબ્રસ્તાનમાં આવેલ ઝિયારતો પુરી કરી હવે અમો દમિશ્કથી લગભગ ૫૦ કિ.મી. દૂર હુજરા નામના સ્થળે ગયા.

(૩) જયાં મહાન સહાબીએ રસુલ અને આશીકે અહેલે બયત હઝરત **હુજર બીન અદી** (રદીયલ્લાહો અન્હો)ની શાનદાર દરગાહ અને મસ્જીદ જોવા ગયા. આપની શહાદત ઘણીજ દર્દનાક છે. આપના નાના નાના બાળકોને આપની સામે શહીદ કરવામાં આવ્યા હતા. દમિશ્કની સેન્ટ્રલ જેલ પણ આ વિસ્તારમાંજ આવેલી છે.

(૪) પછી ત્યાંથી અમો જુના દમીશ્કમાં ગયા. જામે ઉમવી એટલે હાલ જે દમિશ્કની જુમ્આ મસ્જીદ છે. તે જોવા જતાં માર્ગમાં વિરાન

ખંડેર હાલતમાં યઝીદ જાલીમનું મકાન જોયું જેના પત્થરો લોકોની ઠોકરો ખાતા હતા.

(૫) યઝીદના વિરાન મકાનની પાછળના ભાગમાં બયતુલમુકદસના મહાન વિજેતા ગાઝી હઝરત **સુલતાન સલાહુદ્દિન ઐયુબી** (રહેમતુલ્લાહ અલયહ)નો રોઝો આવેલ છે. આ મહાન યોદ્ધાના મઝાર પર હાજરી આપવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું આપની બે કબરો છે જે પાસે પાસે જ છે. એક જ ઘુમ્મટમાં છે. એક અસલી છે. બીજી નકલી છે. મૈં ગાઇડને પુછયું બીજી નકલી કબર શા માટે બનાવી છે. તો ગાઈડે કહ્યું ગાઝી સલાહુદ્દીનની અસલી કબર લોકોએ બનાવી પછી તે વખતના જે શાસક હતા તેમને ખ્વાબમાં એવો આદેશ મલ્યો કે તારી ફરજ કેમ ના બજાવી તો તે શાસકે પોતાના તરફથી એવીજ એક બીજી કબર બનાવી દીધી.

(૬) **જામે ઉમવી** (એક મસ્જીદ) જે યઝીદના દરબાર તરીકે ઓળખાય છે. પણ એ યઝીદનો દરબાર ન હતો. ઈસ્લામના ઉદય પહેલા તે ઈસાઈઓનું ચર્ચ હશે, ઈસ્લામના ઉદય પછી તે મસ્જીદમાં તબદીલ થઇ ગયો. આ ભવ્ય ઇમારત બહુજ મોટી અને ખુબ જુની દેખાય છે. તેનું બાંધકામ જોતાજ તેના ભૂતકાળની જાહોજલાલીની ઝાંખી થાય છે. હાલતો એક મસ્જીદ છે. અને બરોબર વચ્ચેના ભાગમા મહાન **પયગમ્બર હઝરત યાહયા (અલૈહી સ્સલામ)**નો મઝાર છે. જે ઘણો ઉંચો લાંબો અને પહોળો છે. કાચના કેબીનથી બંધ કરવામાં આવેલ છે. બહારથી આપનો મઝાર દેખાય છે. મસ્જીદના એક ભાગમાં એક નાનો કુવો છે. તેની પાસે જ સફેદ આરસની કુંડી જેવી છે. જે હઝરત ઇસા ઇબ્ને મરીયમ (અલૈહીસ્સલામ)ના વખતથી છે. જે હાલ બંધ કરી દીધો છે. લોકવાયકા એવી છે કે તે કુંડીમાં યઝીદ શરાબ બનાવતો હતો પણ તે વાતને કોઇ મજબુત રિવાયત મળતી નથી. મસ્જીદની

સહનમાં એક કમરો છે. જેમાં હઝરત ઈમામ ઝેનુલ આબેદીન (રદીયલ્લાહો અન્હો)નો મુસલ્લો છે. જયાં આપ ઈબાદત કરતા હતાં અને તેની પાસે જ એક ગોખલો (તાક) છે જેની ચારેબાજુ ચાંદીથી મઢી લીધી છે. જયારે હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ના સરમુબારકને યઝીદ સમક્ષ લાવવામાં આવ્યો હતો. ત્યારે આપનો સર આ જગ્યાએ મુકવામાં આવ્યો હતો. શ્રદ્ધાળુઓ આ ગોખલાને બોસા આપે છે.

(૭) જુના દમીશ્કમાં યઝીદના દિકરા જેમનું નામ પણ મોઆવીયા હતું તેમનો મઝાર અને મસ્જીદ પણ છે અમે તે પણ જોઈ આ મુઆવીયા બીન યઝીદ પોતે અહેલેબયતના આશીક હતા.

(૮) દમિશ્ક શહેર વચ્ચે રોડ ઉપર મહાન બુઝુર્ગ હઝરત ઐય્યુબ કુર્દી (રહમતુલ્લાહ અલયહ)નો રોઝો છે. જે બંધ હતો. અમે બહારથી કાતેહા પઢી તેમની મશહુર ઝીંદા કરામત એ હતી કે આપનો એક પગ કબરની બહાર હતો જે છેલ્લા બે વર્ષથી કબરમાં મુકી દેવામાં આવ્યો છે.

(૯) ગારે અસ્હાબે કહફ-જબલે કાસીમ નામનો પહાડી વિસ્તાર છે. ખુબ ઉંચાઈ ઉપર આ ગાર (ગુફા) આવેલી છે. અંહિયા લોકોનો વસવાટ છે એટલે શહેર જેવું લાગે છે નાની ગાડી છેક ઉપર સુધી જાય છે. અમારી મેટાડોર છેક ઉપર ચઢી અસ્હાબે કહફની ગાર જોવાની મારી તાલાવેલી જોવા જેવી હતી કારણ કે જે અસ્હાબે કહફનું બયાન અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં કર્યુ છે. તેમની સંખ્યા વિશે મતભેદ જરૂર છે. મોટાભાગે કહેવાય છે કે છ માણસો અને એક કૂતરો છે. જે આ ગુફામાં સુઈ રહ્યા છે. કેયામત પર જાગશે દર મહોર્રમની દશમી તારીખે પડખુ બદલે છે. હાલ આ ગુફાના મોં સુધી જવા દેવામાં આવે છે. આગળ પ્રવેશ બંધ છે. તેના ઉપરના ભાગમાં મદ્રસો ચાલે છે. બાળકો દીની તાલીમ લે છે. અસ્હાબે કહફ ઝીંદા છે અને જન્નતી છે.

(૧૦) દમિશ્કથી લગભગ ૬૦ થી ૭૦ કિ.મી. દુર લેબનોન અને બૈરૂતની સરહદ નજીક ખુબ ઉંચે પહાડોની ચટાન ઉપર હઝરત આદમ (અલૈહીસ્સલામ)ના દિકરા **હાબીલ બીન આદમ**નો શાનદાર રોઝો છે. મસ્જીદ અને મુસાફરખાનું પણ છે. અત્યંત રમણિય શાંત અને આનંદદાયક સ્થળ પહાડોની ખીણો અને લીલી વનરાજી આપણા કાશ્મીરની યાદ અપાવે છે. દૂર લેબનોનમાં બરફનો પહાડ છે. ત્યાંથી આવતો ઠંડો પવન મનને પ્રફુલ્લીત કરે છે. અહિયા ફક્ત આ દરગાહ સિવાય બીજું કાંઈ નથી.

(૧૧) દમિશ્કમાં સૌથી શાનદાર ઝિયારત તરીકે જેમ હઝરત બીબી ઝયનબ (રદીયલ્લાહો અન્હો)ની દરગાહ છે. જે હઝરત ઈમામ હુસૈન રદીયલ્લાહો અન્હાના બહેન છે તેમ આપની દિકરી **હઝરત બીબી રૂકૈયા બીન્તે હુસૈન** રદીયલ્લાહો અન્હાની શાનદાર દરગાહ પણ બધા જ ઝિયારતગાહોમાં શિરોમણી સમાન છે. આપના રોઝાની જાહોજલાલી તારીફની મહોતાજ નથી.

તા.૪/૫/૯૯ના રોજ અમારે દમિશ્ક (સિરીયા) થી બગદાદ (ઈરાક) જવાનું હતું અમો આઠ મુસાફરો માટે એક લકઝરી બસ આવી. અમે આઠ અને ગાઈડ સાથે ઈરાકની બોર્ડર તરફ બસ રવાના થઈ. ઈરાકની બોર્ડર આવી એટલે દમિશ્કના ગાઈડ ઉતરી ગયા પછી ત્યાંથી ઈરાકના બે ગાઈડ અમારી બસમાં ચઢયા એકનું નામ અબુ અમીર હતું બીજાનું નામ અબુ નાશર ઈરાક બોર્ડર પર તપાસણી વિગેરેમાં લગભગ ૪ કલાક પસાર થયા અમારી બસનો માર્ગ સાવ સીધો અને ખુલ્લો હતો લગભગ ૧૦ કી.મી. સુધી તો નજર પહોંચે ત્યાં સુધી રોડ સ્પષ્ટ દેખાતો હતો સાવ સુમસાન વિસ્તાર રોડની બન્ને બાજુ રણ જેવું હતું. ૮-૧૦ કી.મી. થાય ત્યારે કદાચ એકાદ વાહન મળે બાકી તો કાંઇ મળે નહીં. ફક્ત ૧૦ માણસો આવા લાંબા સફરમાં હતા. આવો સફર પણ એક લ્હાવો હતો. લગભગ અડધા ભાગ પસાર થયા પછી થોડીક હરિયાળી

દેખાણી. આપણા ભારત જેવી જમીન હવે દેખા દેવા લાગી. એક બે નદીઓ પણ આવી અને જેમ જેમ બગદાદ નજીક આવતું ગયું તેમ તેમ હરિયાળી વધતી ગઇ ખજૂરીઓની વાડીઓ વચ્ચે નાના નાના છતાં પાકા મકાનો જોવા મલ્યા. બીજા દિવસે સવારે ૯ વાગે અમો બગદાદ શીરફમાં દાખલ થયા. અમારો ઉતારો હોટલ અલ-બયદામાં હતો. ત્યાં જઇ નાહી-ધોઇ પછી જમીને થોડોક આરામ કર્યો ઝોહર બાદ ઝિયારતોનો સીલસીલો ચાલુ થવાનો હતો.

## ઇરાકની ઝિયારતગાહો

નાનપણથીજ બગદાદ નગરની અલબેલી વાતો સાંભળતો હતો અને કિતાબોમાં પઢતો પણ હતો. દજલા નદી અને ખજૂરો તેમજ સફરજનની વાડીઓની વાતો. હઝરત ગૌસે પાક (રદીયલ્લાહો અન્હો)ના ખાંનદાનની હાલાત સાથે સુસંગત હતા કયારેક કયારેક ખૂબ ઊંડા વિચારોમાં ખોવાઇ જતો કે બગદાદ સુધી મારી રસાઇ (પહોંચ) થશે ખરી મારી નબળી આર્થિક હાલત જોતા હું એક આહ ભરી લેતો હતો પણ એક ખ્વાબ હકીકત બની શકે છે. તેનો સાચો દાખલો મારી આ ઝિયારતની સફર છે. સાચી લગન, ઈશ્ક અને અકીદત અને પછી કિસ્મત જરૂર પોતાનું કામ કરે છે. ઘણા સમય પહેલા મેં એક મનકબત લખી હતી અને તેનો એક શેઅર આ પ્રમાણે છે, જે હવે કબુલ થયો.

બુલાલો મુઝે હીંદ સે, દર પર બુલાલો
કે બગદાદ આઉં મૈં, કબ ગૌસે આઝમ

(૧) આજે **બગદાદ શરીફ**ની ઝિયારતગાહોની મુલાકાતની શરૂઆત કરવાની હતી અમો સૌ પ્રથમ **હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદ અબુ મોહમ્મદ મોહયુદિન શયખ અબ્દુલ કાદિર જીલાની બગદાદી (રદીયલ્લાહો અન્હો)**ની દરગાહ શરીફ પર હાજરી

આપવા માટે ગયા. રોઝા બપોરના ટાઈમે બંધ રહે છે. અસર બાદ અંદરનો ભાગ ખુલે છે. બહારથી ફરીને દરગાહ શરીફ અને મસ્જીદ તેમજ સહેન જોયું પછી ગાઈડે કહ્યું અસર વખતે પાછા આવીશું ત્યાં સુધી ચાલો આપણે બીજી ઝિયારત કરીએ અને અમો અમારી બસમાં સવાર થયા અને સાલચીયા વિસ્તારમાં ગયા જ્યાં રેલવે ફાટક પાસે રસ્તો જાય છે.

(૨) અહીંયા મહાન બુઝુર્ગ **હઝરત બેહલોલ દાના** જેઓ બેહલોલ કુફી (રદીયલ્લાહો અન્હો)ના નામથી મશ્હુર છે. તેમની દરગાહ શરીફ આવેલી છે. આપની ઝિયારત્ત કરી આપની મશ્હુર કરામત મેં ઘણી વખત તકરીરમાં બયાન કરી છે. હઝરત દુનિયામાં રહીને જન્નતના મહેલનો વહેપાર કરતા હતા. આપ બાદશાહ હારૂન અલરશીદના જમાનામાં થઈ ગયા. તેમના નજીક ગુરૂનાનકની ગાદી (જગ્યા) પણ જોઈ જયારે ગુરૂનાનક ઈસ્લામ ધર્મ પાળતા હતા ત્યારે હજ કરવા ગયેલા અને ત્યાંથી પછી તેઓ ઝિયારત કરવા માટે બગદાદ પણ આવ્યા હતા. ત્યાંના ખાદીમે કહ્યું ભારતના સ્વ. વડાપ્રધાન ઈંદીરા ગાંધીએ આ સ્થળની મુલાકાત લીધી હતી. અહીં નજીકમાં હઝરત્ત ઈબ્રાહીમ ખવાસ રહેમતુલ્લાહ અલયહનો મઝાર મુબારક આવેલ છે. ત્યાંથી થોડેક દૂર

(૩) પયગમ્બર **હઝરત યુશા બીન નુન** (અલૈહિસ્સલામ)નો મઝાર શરીફ છે. આ મહાન પયગમ્બર હઝરત મુસા કલીમુલ્લાહ (અલૈહીસ્સલામ) સાથે હઝરત્ત ખિઝર અલૈહીસ્સલામને મળવા ગયા હતા જેનું વર્ણન કુર્આનેપાકની સુ. કહફમાં અલ્લાહપાકે કર્યુ છે. હઝરત યુશાબીનનુન (અલૈહિસ્સલામ)ની કબર પર આ રીતે તેમનો શજરએ નસબ લખેલો છે. યુશા બીન નુન બીન ઈફરાહીમ બીન યુસુફ બીન યાકુબ બીન ઈસ્હાક બીન ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)

(૪) નજીકમાં હઝરત **અબુ અહમદ અલ અસમ** નકશબંદી

(રહેમતુલ્લાહ અલયહ) અને આપની બાજુમાં (હઝરત અબ્દુલ્લાહ બીન **આબીદ અબુ ઝયનબ** (રહેમતુલ્લાહ અલયહ)ના મઝાર શરીફ છે. હઝરત અબુ અહમદ હઝરત ગૌસે પાક (રદીયલ્લાહો અન્હો)ના વંશજ છે. જે આપના શજરા પરથી જાણવા મળે છે. પછી ત્યાંથી

(૫) **હઝરત જુનેદ બગદાદી** રદીયલ્લાહો અન્હો અને **હઝરત સીરી સકતી રદીયલ્લાહો** અન્હોના રોઝા પર લગભગ અસરની નમાઝના ટાઈમે પહોંચ્યા મસ્જીદ પણ છે. અસર અદા કરી. પછી બન્ને બુઝુર્ગો જે પીર અને મુરીદ છે. તેમની ઝિયારત કરી આ મહાન હસ્તીઓ પરિચયની મોહતાજ નથી. ત્યાંથી પછી બસમાં સવાર થયા અને બગદાદના કાઝમૈનમાં ગયા જ્યાં બાર ઈમામો પૈકીના એક મહાન ઈમામનો આલીશાન રોઝો છે.

(૬) કાઝમૈનમાં **હઝરત ઈમામ મુસા કાઝીમ રદીયલ્લાહો અન્હો**નો ભવ્ય રોઝો આવેલો છે. દુરથી જ તેના ઉંચા મીનારા આલીશાન દરગાહની નિશાની રૂપ છે. અંદરની સુંદર કલાત્મકતા કાબીલે તારીફ છે. કાચનું બેનમુન કામ પણ જોવા જેવું છે. હઝરતની ઝિયારતનો રૂહાની લુત્ફ હાંસિલ કર્યો. આપ હઝરત ઈમામ જાઅફર સાદીક (રદીયલ્લાહો અન્હો) ના ફરઝંદ છે. આપની દરગાહના વિશાળ કંપાઉન્ડમાં એક સુંદર મસ્જીદ અને એક બીજી શાનદાર દરગાહ છે.

(૭) એ દરગાહ **હઝરત ઈમામ યાકુબ ઉર્ફે ઈમામ અબુ યુસુફ** (રદીયલ્લાહો અન્હો)ની છે. આ મહાન ઈમામની ઈલ્મી કાબેલીયત વિશે મેં ઘણું વાંચેલું છે. આપ અમારા ઈમામ હઝરત ઈમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો)ના શાગીર્દ છે. ફીકહ હનફીયાહ માટે આપે ઘણી કિતાબો લખી છે. આપની ઈલ્મી ફઝીલત કોઈ છુપી વાત નથી. અહિયા લગભગ દરેક દરગાહમાં કબરના ફરતે કઠેરો બાંધેલો હોય છે. ચારે બાજુથી અને ઉપરથી પણ બંધ હોય છે. મતલબ

કે દરેક મઝારને કેબીનમાં લઈ લીધા છે. બહારની સાઇડમાં જાળી હોય છે. અંદરના ભાગમાં કાંચ હોય છે. મઝારના દિદાર થઈ શકે છે. તમે મઝારને હાથ લગાવી શકતા નથી ઉપરના ભાગમાં કાંચ હોતો નથી અકીદતમંદ હુઝરા ઉપરની જાળીમાંથી પૈસા નાંખે છે. કેટલાક લોકો અત્તરનો છંટકાવ પણ કરે છે. દરેક કેબીનમાં પૈસા (નોટો) પડેલી જોવા મળે છે. હું પણ હઝરત ઈમામ અબુ યુસુફ (રદીયલ્લાહો અન્હો)ના પંગાતીએ ઉભો રહી ફાતેહા પઢી રહ્યો હતો ફાતેહાથી જેવો ફારીગ થયો કે મારી પાસે એક ખુબ ઉંચા ગોરા અરબી જબ્બામાં સજ્જ માથે લાલ તુર્કી ટોપી તેના ફરતે લીલો પટ્ટો બાંધેલો શાહી પુરૂષ જેવા લાગતા એક બુઝુર્ગ નજીક આવ્યા અને પોતાના ખીસામાંથી ચાવીનું ઝુમખુ કાઢયું અને તે કેબીન એટલે મઝાર શરીફના ફરતે જે કઠેરો હોય છેતે ખોલ્યો અને હાથથી ઈશારા સાથે કહ્યું "અંદર જાકર ફાતેહા પઢો" હું ખુબજ અદબપૂર્વક મઝાર પાસે ગયો. બોસો પણ આપી દીધો. મારી આંખમાં હર્ષના આંસુ હતાં. મુઝ ગુનેહગારને આપના મઝારના કુર્બની નેઅમતથી નવાજી દીધો મારી પાછળ બીજા કોઈ ભાઈએ અંદર દાખલ થવા કોશીશ કરી તો તેમને રોકી લીધા હું બહાર આવ્યો તે બુઝુર્ગ સાથે હાથ મીલાવ્યા દસ્તબોસી કરી પછી કહ્યું આપ ઈન્ડીયાસે આયે હૈ ચલો યહાઁ ભી આવો એમ કહી તેમના વાલીદ સાહેબ અને દાદા સાહેબની કબર પાસે લઈ ગયા. તેમની ઝિયારત કરી પછી તેમણે પોતાનો પરિચય આપતા કહ્યું.

મૈં ઈસ દરગાહ વ મસ્જીદ કા મુતવલ્લી હું હમ હુસૈની સૈયદ હૈ હઝરત મુસા કાઝીમ (રદીયલ્લાહો અન્હો) સે હમારા શજરા મીલતા હૈ મૈં કહ્યું હઝરત મૈં ભી હુસૈની સાદાત હું મેરા શજરાભી હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (રદીયલ્લાહો અન્હો) સે મીલતા હૈ. બન્નેએ એક બીજાના શજરા વાંચી સંભળાવ્યા તેઓ પણ ઘણા ખુશ થયા પછી તેમણે

ચા મંગાવી અમને પોતાની ખાનકાહમાં લઈ ગયા આપની ખાનકાહનો ઠાઠ શાહી રાજ દરબાર જેવો લાગ્યો. અમો આઠે જણા સોફાઓ ઉપર બેઠા ત્યાંના રિવાજ મુજબ દૂધ વિનાની કાળી ચા આવી, પીધી પછી હઝરતે ખાદીમને કહ્યું એટલે અંદરથી અમામો (નાની પાઘડી) લઈ આવ્યો તેમણે મને પાઘડી બંધાવી અને કહ્યું હું ઇન્ડીયા આવેલો છું અને ફરીવાર આવવાની ઈચ્છા છે. મારું સરનામું પણ લીધું તેઓ અજમેર શરીફ આવેલા છે. ત્યાંના ખાદીમનું સરનામું બતાવ્યું પોતાનું નામ તેમણે **સૈયદ સબાહુદ્દિન હુસૈની હન્ફી** બતાવ્યું હાલના પ્રમુખ સદામ હુસૈન સાથે તેમનો ફોટો પણ બતાવ્યો. સદામ હુસૈન હાલ દરગાહ અને મસ્જીદના તામીરી કામમાં ઘણો રસ લઈ રહ્યા છે. તેમના કહેવાથી પણ જાણવા મળ્યું તેમણે પોતાના ખીસ્સામાંથી ચોકલેટો કાઢી બેચાર મને આપી મેં એક ખાધી બાકીની બીજા સાથીઓને આપી ફુલ નહીં પણ ફુલની પાંખડી રૂપે મેં થોડીક રકમ ત્યાં ન્યાજમાં આપી. અમારા મુંબઈના સાથીઓ તો ઘણા ખુશ થયા મને મુબારકબાદીઓ આપતા હતા. કેહતા હતા હઝરત આપકી ઝિયારત કુબુલ-મકબુલ હો ગઈ લગભગ મગરીબનો ટાઈમ થવાની તૈયારી હતી. જનાબ સૈયદ સબાહુદ્દીન સાહેબને મળી દુઆની દરખાસ્ત કરી અમો ત્યાંથી એક કબ્રસ્તાન તરફ આવ્યા જયાં

(૮) હઝરત **શયખ અબુબકકર શીબલી** (રદીયલ્લાહો અન્હો)ના રોઝા પાસે આવ્યા આપની ઝિયારત કરી આપ બહુ મોટા દરજજાના બુઝુર્ગ છે. એક વખતે આપથી નમાઝે તહજ્જુદ કઝા થઈ ગઈ હતી તો આકાશ ઉપર ફરિશ્તાઓમાં એવી ચર્ચા થઈ કે હઝરત શીબલીનો ઈન્તેકાલ થઈ ગયો તે ફરિશ્તાઓની ચર્ચા જીન્નાતો અને પ્રાણીઓ અને પક્ષીઓ પણ કરતા થઈ ગયા પણ ખરેખર આપનો ઈન્તેકાલ થયો ન હતો ઝિંદગીમાં તેમનાથી ફક્ત પ્રથમ વખતે આ એકજ નિફલ નમાઝ

કઝા થઇ તે સ્વીકારવા ફરિશ્તાઓ તૈયાર ન હતા. જરા વિચાર કરો જો આ બુઝુર્ગ તહજજુદના આટલા પાબંદ હોય તો તેમની ફર્ઝ નમાઝની પાબંદીનો શું આલમ હશે? આપના મઝારથી થોડે દૂર

(૯) **હઝરત ખ્વાજા બશર હાફી** (રદીયલ્લાહો અન્હો)ની ઝિયારત કરવા ગયા. હાફીનો અર્થ થાય છે. ઉઘાડા પગે ફરનાર પગમાં કદી જોડા પહેરતા ન હતા તેથી તેમનો મશ્હુર લકબ હતો હાફી આપ જયાં સુધી. બગદાદ મુકદ્દસમાં રહ્યાં ત્યાં સુધી જાહેર માર્ગ પર કોઇ જાનવર કે પંખી ઝાડો કે પેશાબ કરતા નહીં અલ્લાહના આ મહાન વલી ઉઘાડા પગે ફરતા હતા એટલે તેમના પગ નાપાકના થાય તે માટે ખુદાની એ માસુમ મખ્લુક પણ વલીના આદર જાળવતી હતી. કહેવાય છે કે આપ પોતાની પાછળની ઝિંદગીમાં શરાબ પીતા હતા શરાબના નશામાં એક દિવસ લથડીયા ખાતા ખાતા ચાલતા તેમની નઝર એક કાગળની ચબરખી પર પડી જેના પર કુર્આને મજીદની આયાત ''બીસ્મીલ્લાહ હીર રહમા નીર રહીમ'' લખેલું હતું આપે નશાની હાલતમાં પણ તે ચબરખીને ઉપાડીને માથા પર મુકી અને કહેવા લાગ્યા આતો અલ્લાહનો કલામ છે. જેને માથા પર મુકવું જોઇએ એ પગોમાં ના રગળાય ઘરે જઇ તેને માનપૂર્વક ઉંચી જગ્યાએ મુકી દીધી એજ રાત્રે તેમને એક સ્વપ્ન જોયું કોઇ ગેબી અવાજ હતો અય બશર તે મારા કલામ (કુર્આન)નો અદબ કર્યો છે તેના બદલા રૂપે અમે તને મારા નેક કહ્યા ગરા બંદાઓમાં સ્થાન આપીએ છીએ એજ વખતથી આપ શરાબ પીવાનું છોડી દઇ તૌબાહ (પ્રશ્ચાતાપ) કરે છે અને પછી મહાન વલી અલ્લાહ બની જાય છે. અમો ત્યાંથી

(૧૦) **હઝરત શયખ હસન નુરી** (રદીયલ્લાહો અન્હો)ના મઝાર પાસે આવ્યા આ મહાન બુઝુર્ગ આપના હિંદના શહેંશાહ હઝરત સુલતાનુલ હીંદ ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી અજમેરી (રદીયલ્લાહો

અન્હો)ના દાદા થાય છે. હવે બરાબર મગરીબનો સમય થવાનો હતો. અમે અહીંયા જ વોઝુ બનાવી આપની ઝિયારત કરીને મગરીબ અદા કરવા આપણા ઈમામ હઝરત ઈમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો)ના આલીશાન રોઝા અને શાનદાર મસ્જીદે ગયા.

(૧૧) લાખો નહીં કરોળો હન્ફીઓના લાડીલા રૂહાની રહેબર **હઝરત ઈમામે આઝમ અબુહનીફા નૌમાનબીન સાબીત (રદીયલ્લાહો અન્હો)**ની દરગાહ નો ચળકાટ કંઈક જુદો જ રંગ બતાવે છે. તાજેતરમાં જ હુકુમતે ઈરાકે આપની દરગાહ શરીફ અને મસ્જીદનું સમારકામ કર્યુ છે, અંદરનો ભાગ તો જાણે જન્નતી મહેલનો કોઈ હીસ્સો ના હોય બહાર નીકળવાનું મન તો થાય જ શાનું? પ્રથમ મગરીબની નમાઝ અદા કરી પછી આપના મઝાર મુબારક પર હાજરી આપી અકીદતના ફુલ પેશ કર્યા ઘણા સમમ પહેલામેં ઈમામે આઝમ નામની કિતાબ લખી હતી ત્યારથી એક લગન હતી કે કયારે આ મહાન ફકીહે આઝમની દરગાહ પર પહોંચું આજે આપના રોઝામાં ઉભા ઉભા એમ વિચારતો હતો કે બુઝુર્ગોથી અગર સાચી લગન અને અકીદત હોય તો જરૂર તેમના નજીક પહોંચી શકાય છે. પછી

(૧૨) **ગૌસ નહીં ગૌસુલઆઝમ, પીર નહીં પીરાને પીર કુતુબ નહીં બલ્કે કુત્બુલ અકતાબ, સરકારે બગદાદ અબુમોહમ્મદ મહેબુબે સુબહાની, કુત્બેરબ્બાની પીરે લાસાની હઝરત સૈયદ મહયુદ્દિન શયખ અબ્દુલકાદિર જીલાની રદીયલ્લાહો અન્હોના** દૈદીપ્યમાન આસ્તાના એ આલીયા પર આવી પહોંચ્યા. દરગાહ શરીફ પર ઝાઈરીનોની મેદની અસંખ્ય હતી. બરાબર લંગર વહેંચવાનું કામ ચાલુ હતું. સ્ત્રીઓ અને પુરૂષોની લાઈન અલગ-અલગ હતી ગરીબો અને ફકીરોની ભીડ અંહિયા પણ ઓછી નથી. અહિંયા અવિરત પણે બન્ને ટાઈમ લંગર (તૈયાર ભોજન) વહેચાય છે. લંગર કયાં રંધાય છે. વહીવટ કોણ કરે

છે. તેની જાણકારી અર્થે અમો લંગર જયાં રંધાય છે ત્યાં ગયા. કારણ કે અમારી ટુરને પણ ન્યાજ બનાવવાની ઈચ્છા હતી તે માટે પુછપરછ કરવી જરૂરી હતી. અમો અંદર ગયા તો હઝરત મૌલાના કમરૂદીન કારટંવી સાહેબ અને તેમના સાથીઓ ત્યાં પણ મળી ગયા આજે ન્યાજ તેમની ટુર તરફથી હતી અમો બન્ને છેક મુંબઈથી એક બીજાને અવાર-નવાર મળતા આવ્યા આજે સરકારે બગદાદના આશ્તાના પર પણ મળી ગયા મૌલાના સાહેબે અમને પણ ન્યાઝ આપી. રોઝા મુબારકના એક ભાગમાં થોડાક આદમી એક દાયરો બનાવી ઝિક્ર કરી રહ્યાં હતાં. જે સીલસીલો ઈશાં સુધી જારી રહ્યો. પછી અમે બારગાહે ગૌસીયતમાં હાજરી આપી અંહિયા જે રૂહાની કૈફીયતની પ્રતિતિ થઈ તેનું વર્ણન અશકય છે. સલાતો સલામ પેશ કર્યા. જેમણે સલામના તોહફા મોકલ્યા હતા. હુઝુરે ગૌસેપાક રદીયલ્લાહો અન્હોને પેશ કર્યા મારા મુંબઈના મિત્ર ઈસ્માઈલભાઈએ અત્તરની શીશી આપી હતી અને કહ્યું હતું કે અત્તર બારગાહે ગૌસીયામાં પેશ કરજો એટલે તેમનું અને મારા પાસે હતું તે બન્ને શીશી અત્તર મઝારે ગૌસુલ આઝમ (રદીયલ્લાહો અન્હો) પર છીડકી દીધું. મઝાર શરીફ તો ચારે બાજુથી બંધ હોય છે. પણ ઉપરના ભાગમાંથી અત્તર કે પૈસા નાંખી શકાય તેટલી જગ્યા હોય છે. ફાતેહા ખ્વાની કરી દુઆઓ માંગી ઈશાંની નમાઝ આપની મસ્જીદ જે આપના મઝારને અડીને જ છે. તેમાં અદા કરી મસ્જીદની સુંદરતા પણ કાબીલે તારીફ છે. હાલ ત્યાં સમારકામ પણ ચાલુ છે. ખાદીમો બખ્શીશ અને અત્તરની માંગણી કરે છે. ગરીબ સ્ત્રીઓ બંગડીઓ માંગે છે. હઝરત ગૌસુસ્સકલૈન (રદીયલ્લાહો અન્હો)ના આશ્તાના પર જે આધ્યાત્મિક આનંદ માણવા મળે છે.તે ની વાત જ નિરાળી છે.

**શહેરે બગદાદ મુઝકો હૈ પ્યારા,**
**ખુબ દિલકશ વહાંકા નઝઝારા,**

**મેરા મુરશિદ જો જલ્વા આરા હે,**
***વાહ! કયા બાત હે ગૌસે આઝમ કી.***

પછી અમો અમારી હોટલ પર આવી ગયા આજે તો આખો દિવસ બગદાદ નગરની સહેલ અને મહાન બુઝુર્ગોની ઝિયારતમાં પસાર થયો હતો. થાકી ગયા હતા જમીને સીધા સુઇ ગયા.

તા.૬/૫/૯૯ ગુરૂવાર આજે સવારે ૭ વાગે બસ આવી ગઇ. બગદાદ શહેરની નજીકમાં આવેલ સ્થળોની મુલાકાત કરવાની હતી.

(૧) બગદાદ શરીફથી થોડેક દૂર ફુરાત (યુફ્રેટીસ) નદીના કીનારે કીનારે અમારી બસ ચાલી રહી હતી. અમો આજે સૌ પ્રથમ હઝરત **ઐયુબ (અલૈહિસ્સલામ)**ને જે કુવાના પાણીથી ફૈઝ મલ્યો હતો. (એટલે તેમની બિમારી દુર થઇ હતી) તે કુવો જોવા ગયા અહિયાનો વિસ્તાર લીલોછમ છે. આ જગ્યા ફુરાત નહેરને અડીને છે. ખજૂરીઓની વાડીઓથી હર્યો ભર્યો આ વિસ્તાર નયનરમ્ય છે. અહિયા ખચ્ચર ગાડી જોઇ અને ખેતીકામમાં ખચ્ચરનો ઉપયોગ થતો જોયો. આ કુવાઓ પાસે એક દરગાહ પણ છે. જે ઐયુબ અલૈહીસ્સલામની કહે છે. પણ એ વાત સાચી નથી કારણ કે હઝરત ઐયુબ અલૈહીસ્સલામનો મઝાર હીલ્લા નામના સ્થળે આવેલો છે.

(૨) બગદાદ શરીફથી લગભગ ૧૫૦ કિ.મી. દૂર **કુફા** આવેલ છે. **કુફા** એક જમાનામાં હઝરત અલી કરમલ્લાહો વજહહુનું પુરાણું મકાન મૌજુદ છે. તે અમે જોયું તેમાં ચાર પાંચ રૂમ છે. એક નાનો કુવો પણ છે. કુફામાં **હઝરત મુસ્લીમબીન અકીલ** (રદીયલ્લાહો અન્હો)નો રોઝો છે. આપ હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો અન્હો)ના કાકાના દિકરા ભાઇ થાય છે. આપને કુફાવાળાઓ દગાથી શહીદ કર્યા. આપની શહાદત તરત જ યાદ આવી જાય છે. આંસુ રોકી શકાતા નથી. આપના રોઝા મુબારકના એક ખૂણામાં બાદશાહ મુખ્તાર સકફીની કબર છે.

જેણે કાતીલાને હુસૈનને કત્લ કર્યા હતા અને બીજા એક ખૂણામાં હાનીની દરગાહ છે. જેના મકાનમાં હઝરત મુસ્લીમ બીન અકીલ રદીયલ્લાહો અન્હો રોકાયા હતા. અને રોઝાની બહાર ખુલ્લી જગ્યાએ હઝરત નુહ (અલૈહિસ્સલામ)ના જમાનામાં પાણીનો પ્રકોપ જ્યાંથી શરૂ થયો હતો તે જગ્યાએ જેને **'તન્નુરેનૂહ'** કહેવામાં આવે છે. તે પણ જોઈ.

(૩) કુફાથી લગભગ ૭ કિ.મી. દૂર **નજફઅશરફ** આવેલું છે. અહિયા વિશ્વમાં જેટલી સારી દરગાહો છે તેમાં પ્રથમ સ્થાન મેળવી જાય એવી સૌથી અનોખી દરગાહ આવેલી છે. જેની બેનમૂન કલાકારીગરીમાં કાચ, ચાંદી અને સોનાનો ઉપયોગ તેની ભવ્યતાનો ખ્યાલ આપે છે. આ શાનદાર રોઝો ***હઝરત અલી શેરેખુદા કરમલ્લાહો વજહહુનો છે.*** આપની ઝિયારત કરી અને એક મૈયતને હઝરત અલી (રદીયલ્લાહો અન્હો)ના મઝારનો તવાફ કરાવતા પણ જોઈને મને આશ્ચર્ય થયું તો અમારા ગાઈડે કહ્યું કે અહીંયા શીયા લોકોમાં જયારે કોઈ મરી જાય છે તો તેની મૈયતને અહીંયા લાવવામાં આવે છે અને આ રીતે મઝારની ચારેબાજુ પ્રદક્ષિણા કરાવવામાં આવે છે.

(૪) નઝફ અશરફનું કબ્રસ્તાન કહેવાય છે કે ***દુનિયાનું સૌથી મોટું કબ્રસ્તાન ગણાય છે.*** તેનો ઘેરાવો લગભગ ૨૪ કિ.મી.નો છે. અમે એ કબ્રસ્તાનની ઝિયારત માટે ગયા આખુંય કબ્રસ્તાન ખીચોખીચ ભરેલો છે. લગભગ બધી જ કબરો પાકી છે. દરેક કબર પર નામ અને વફાત તારીખ અરબીમાં લખેલી હોય છે. આ કબ્રસ્તાનના મધ્ય ભાગમાં એક રોઝો છે. (બીજા પણ ઘણા રોઝા છે.) જેમાં ***હઝરત હુદ અલૈહીસ્સલામ*** અને હઝરત ***સાલેહ અલૈહીસ્સલામ***ની મઝાર છે. તેમની આ બન્ને પયગમ્બરોની ઝિયારત કરી બહર નીકળતા હતા. ત્યાં કબ્રસ્તાનના એક ખૂણામાં હઝરત ઈમામ જાઅફર સાદીક (રદીયલ્લાહો અન્હો)નું પુરાણું મકાન આવેલું છે. તેના દિદાર કરવાનો

લાભ પણ મલ્યો. ત્યાંથી અમો હીલ્લા ગયા.

(૫) હિલ્લા નામના સ્થળે પયગમ્બર **હઝરત ઐય્યુબ અલૈહીસ્સલામ**ની દરગાહ આવેલી છે. આ મહાન સાબીર નબીની ઝિયારત કરવાની તક પણ સાંપડી બગદાદથી ઘણા દૂર આવી ગયા હતા. અમારી બસ અહીંથી અમારા ઉતારા તરફ ચાલી બસ તો ખાલી જ હતી અમો ફક્ત આઠ પેસેન્જર વચ્ચે એક બસ અને બેગાઇડ મલ્યા હતા. બસમાં બેઠા બેઠા ઈરાકની હરિયાળી ધરતી નદી-નાળા રોડ, ઓવરબ્રીજ, અંડરબ્રીજ જોતા જોતા મોડી રાત્રે હોટલ પર આવી પહોંચ્યા.

તા.૭/૫/૯૯ શુક્રવાર. આજે જુમ્આ હતી. **જુમ્આની નમાઝ હઝરત ગૌસુલઆઝમ (રદીયલ્લાહો અન્હો)**ની મસ્જિદમાં અદા કરવાનું નક્કી કર્યુ હતું. આજે આકાશમાં વાદળ ઘેરાયા હતા. વરસાદ થવાની વકી હતી ઝરમર ઝરમર વરસાદ ચાલુ પણ થયો મારા આ હજ અને ઝિયારતના સફરમાં બે વખત મદીનાએ મુનવ્વરામાં અને આજે બગદાદ મુકદસમાં પણ રહેમતે ઈલાહી વરસતી જોવાની મજા માણી ચાલુ વરસાદમાં જ અમોએ બાકીની ઝિયારતો કરવાનું નક્કી કર્યુ નમાઝ પહેલા નજીકની ઝિયારતો કરવા અમારી બસ ઉપડી.

(૧) **હુજ્જતુલઈસ્લામ હઝરત ઈમામ મોહમ્મદ ગીઝાલી (રદીયલ્લાહો અન્હો)**ના આસ્તાના મુબારક પર ગયા. દર શુક્રવારે જ્યાં ઘેટા-બકરાનું બજાર ભરાય છે તેની સામે જ આ દરગાહ શરીફ આવેલી છે. ઈસ્લામી જગતમાં હઝરત ઈમામગીઝાલી (રદીયલ્લાહો અન્હો)ની ફઝીલતથી ભાગ્યેજ કોઇ અજાણ્યો હશે. આ મહાન તત્વજ્ઞાનીએ પુસ્તકો જ નહીં મોટા મોટા ગ્રંથો લખ્યા છે. જેના પર દરેક મુસ્લિમ ગૌરવ કરે છે. એ મહાનુ બુઝુર્ગના મઝાર શરીફની ઝિયારત એક સદ્‌ભાગ્યતાની નિશાની છે. આપે જે કિતાબો લખી છે.

તે જ્ઞાનનીતરસ ધરાવતાઓ માટે એક અનમોલ જ્ઞાન પરબ સમાન છે. આપની ખ્યાતનામ કૃતિઓમાં (૧) **અહયાઉલ ઉલુમ** (૨) **કીમીયાએ સઆદત** (૩) **મકાશીફતુલ કોલુબ** (૪) **મીન્હાજુલ આબેદીન** વિગેરેનો સમાવેશ થાય છે.

(૨) **પાણીમાં કબરઃ-** હઝરત ઈમામ ગીઝાલી (રદીયલ્લાહો અન્હો)ની દરગાહથી થોડેક દૂર હઝરત અલ ઈમામ અશશેખ મોહમ્મદ ઈબ્ને **દરવેશ સુલેમાન અબુ ખુમરા મલકબ હીન્દી કાદરી રફાઈ (રદીયલ્લાહો અન્હો)**ની દરગાહ આવેલી છે. આ દરગાહનો મઝાર શરીફવાળો ભાગ થોડાક નીચાણ ભાગમાં છે. અને કબરની આસપાસ ચારે તરફ પાણી ભરેલું રહે છે. મતલબ કે આ બુઝુર્ગની કબર પાણીમાં છે. આપની કબર સુધી જવું હોય તો આપને પાણીમાં જ જવું પડે અમે પાણીમાં ચાલ્યા અને આપની કબર સુધી પહોંચીને ફાતેહા ખ્વાની કરી દરગાહ શરીફની ઉપરના ભાગમાં ત્યાંના સજજાદાનશીન સાહેબની ખાનકાહ છે. જયાં મરીઝો અને તકલીફવાળા લોકો ફૈઝ હાંસિલ કરવા તાવીજ અને પાણી લેવા આવે છે. અમો પણ ખાનકાહમાં ગયા. મારે જવાનું કારણ એ હતું કે આ બુઝુર્ગના નામની પાછળ હીન્દી લખેલું હતું એટલે તે હીન્દી શા માટે કહેવાય છે તે જાણવા માટે ગયો. અમોને સૌને ત્યાં આસન પર બેસાડયા પહેલા પાણી આપ્યુ પછી ત્યાના રીવાજ મુજબ રમકડા જેવા નાના કપમાં કાળી ચાહનો ઘુંટડો આવ્યો તે ન્યાજ સમજી પી ગયા. મેં અમારા ગાઈડને પુછયું આ બુઝુર્ગને હીન્દી કેમ લખે છે શું તે અમારા હીન્દના રહેવાસી છે? ગાઈડે સજજાદાનશીન સાથે વાત કરી અને કહયું કે આ બુઝુર્ગ ઉર્દુ અને હીન્દી ભાષાના નિષ્ણાંત હતા અહિ બગદાદના મદ્રસામાં વિદ્યાર્થીઓને ઉર્દુ- હિન્દી ભણાવતા હતા એટલે તેઓ બગદાદના રહેવાસી હતા છતાં તેમને હીન્દી તરીકે ઓળખતા હતા પછી મેં પ્રશ્ન કર્યો કે આ કબર પાણીમાં કેમ છે? જવાબ

મલ્યો કે હઝરતની દફન વિધી પછી ઘણા ટાઈમ બાદ કુદરતી રીતે આ પાણી ફુટી આવ્યું આ પાણી આટલું જ રહે છે. લોકો શિફા મેળવવાની ગરજથી શીશીમાં ભરી જાય છે. શ્રધ્ધાળુઓ ને જરૂર લાભ થાય છે. પછી ત્યાંથી આગળ

(૩) સીલસીલાએ સોહરવર્દીયાના અગ્રેસર બુઝુર્ગ **હઝરત શયખ શહાબુદીન ઉમર સોહરવર્દી** રદીયલ્લાહો અન્હોના રોઝા મુબારક પર ગયા. દરગાહ બંધ હતી પછી ખાદીમ આવ્યા અમને પરદેશી સમજી દરગાહ ખોલી આપી અંદર શાનદાર મસ્જીદ પણ છે. આપની કબર ઉપર ઉંચા મીનારા ઘાટનો ઘુમ્મટ છે. હઝરતની ઝિયારત કરીને.

(૪) બાદશાહ હારૂન અલ રશીદની **બેગમ ઝુબેદાખાતુન**નો મકબરો જોયો જેનો ઘુમ્મટ પણ ઉંચા મીનારા જેવો હતો.

(૫) બગદાદ શરીફના કબ્રસ્તાનમાં ગયા જ્યાં વચ્ચે ખુબ ઉંચી જગ્યાએ મહાન બુઝુર્ગ **હઝરત મઆરૂફ કરખી (રદીયલ્લાહો અન્હો)**નો મઝાર અને આપની મસ્જીદ આવેલી છે. હાલ અહિંયા મસ્જીદ અને દરગાહ ફરીથી બની રહી છે. મસ્જીદ ગોળાકાર બની રહી છે. હઝરતની દરગાહનું કામ તો લગભગ પુરૂ થવા આવ્યું છે. આખુંય કબ્રસ્તાન કબરોથી ભરપુર છે. મસ્જીદ વિશાળ બનાવવા કબરો તોડવીના પડે તે માટે એક સ્તંભ ઉપર ઉંચી લઈને મસ્જીદ મોટી બનાવવામાં આવી રહી છે. અહિંયા હદીસોના **ઈમામ હઝરત દારેકુતની રદીયલ્લાહો** અન્હો પણ આરામ ફરમાવી રહયા છે. તેમની પણ ઝિયારત કરી હઝરત શયખ માખરૂફ કરખી રદીયલ્લાહો અન્હોની ઈબાદતગાહ જે ઉંડે એક ભોયરા જેવી જગ્યામાં છે તેના પણ દિદાર કર્યા અહિંયા ચાર પૈડાવાળી જેવી આપણાં ત્યાં ઉંટગાડી હોય છે. તેવી ઘોડાગાડી જોઈ અને ઘોડાનો ઉપયોગ બળદની જેમ ખેતીકામમાં થતો હોય તેવું લાગ્યું હવે જુમ્આની નમાઝનો સમય નજીક આવી ગયો હતો. અમો બસમાં બેસી હઝરત

ગૌસેપાક (રદીયલ્લાહો અન્હો)ના આસ્તાનાએ આલીયા પર આવી ગયા બરાબર ૧ વાગે અઝાન થઈ પછી અમોએ જુમ્આની નમાઝ ત્યાંજ અદા કરી નમાઝ બાદ ઝીકર શરૂ થયો. મસ્જીદની બહાર રફાઇયા ઝીકર દફ સાથે થયો. ત્યાંથી ફારીંગ થઇ અમો અમારી હોટલ અલ-બયદામાં આવી ગયા જમીને થોડોક આરામ કરી લીધો. ફરી સાંજે બસ લેવા આવી હવે અહીંથી મદાયન જવાનું હતું જે બગદાદ શરીફથી લગભગ ૫૦ કી.મી. દૂર હશે. અમો મદાયન પહોંચ્યા જ્યાં.

(૧) મહાન સહાબીએ રસુલ **હઝરત સલમાન ફારસી (રદીયલ્લાહો અન્હો)**ના રોઝામુબારક પર ઝિયારત અર્થે ગયા. તાજેતરમાં જ આ દરગાહને પણ નવુ રૂપ અપાયું છે. ઘુમ્મટના અંદરના ભાગની ડીઝાઇન લેટેસ્ટ લાગી નવા બાંધકામની તા.હી. ૧૪૧૮ લખી છે. એટલે એક વર્ષ પહેલા જ નવું કામકાજ થયું છે.

(૨) હઝરત સલમાન ફારસી (રદીયલ્લાહો અન્હો) ના નજીકમાં જ સહાબીએ રસુલ **હઝરત હઝીફહ યમાની** રદીયલ્લાહો અન્હોનો મઝાર પણ છે. અને તેમના નજીક.

(૩) હઝરત **ઈમામ તાહીર બીન ઈમામ બાકીર** બીન ઈમામ ઝેનુલઆબેદીન બીન ઈમામ હુસૈન શહીદે કરબલા રદીયલ્લાહો અન્હોનો મઝાર છે. અને તેમના નજીકમાં

(૪) હઝરત **અબ્દુલ્લાહ બીન જાબીર** (રદીયલ્લાહો અન્હો) નો મઝારેપાક પણ આવેલ છે. આ તમામ બુઝુર્ગોની ઝિયારત મદાયનમાં કરી.

હઝરત હઝીફા યમાની અને હઝરત અબ્દુલ્લાહ બીન જાબીર (રીદવાનુલ્લાહે અજમઇન)ના મઝાર પહેલા નદીના કાંઠે હતા. એક વખતે નદીમાં પુર બહુ મોટા પ્રમાણમાં આવેલું પાણી આ બન્ને બુઝુર્ગોની કબરમાં પહોંચી ગયું આ બન્ને બુઝુર્ગોએ બશારત આપી અમારી

કબરની જગ્યા બદલી કાઢો પાણી અમારા કફનને પલાળી રહયું છે. બશારત ને સાચી માની આપની કબરો ખોલવામાં આવેલી બન્નેના કફન નવા જ હતા અને નદીનું પાણી કબરમાં ઘુસી ગયું હતું બન્ને બુઝર્ગોના જીસ્મ સહી- સલામત હતા ઘણી જ આન-બાન અને શાનથી ઈરાકની હુકુમતે જબરદસ્ત બંદોબસ્ત સાથે આ બુઝુર્ગોને ત્યાંથી અહીં હઝરત સલમાન ફારસી (રદીયલ્લાહો અન્હો) ના મઝાર પાસે દફન કરવામાં આવેલા આ મહાન ઐતિહાસિક ઘટના કોઇ છુપી વાત નથી અલ્લાહવાળા ઝિંદા છે અને ઝિંદા જ રહેશે ઈન્શા અલ્લાહ! ત્યાંથી અમો કીસરાનો મહેલ જોવા માટે ગયા જે અહીંથી નજીકમાં જ આવેલ છે.

**કૈસર** અને ***કીસરા*** આ બે શબ્દો આપણે ઈતિહાસમાં વાંચતા આવ્યા છીએ. એક જમાનામાં એટલે ભૂતકાળમાં ફારસ અને રોમ બે મહા સત્તાઓ ગણાતી હતી ફારસ એટલે આજનું ઈરાન અને તે વખતે તેનો રાજા કીસરાના નામથી ઓળખાતો અને રોમનો રાજા કૈસર કહેવાતો. અમે આજે જે જર્જરીત હાલતમાં પોતાનો વિપુલ હર્યો ભર્યો ઈતિહાસ લઈને ઉભેલો ખંડેર કીસરાનો મહેલ જોવા ગયા એક સમય જેની બોલબાલા હતી કીસરાના મહેલમાં અખંડ અગ્નિ હજારો વર્ષથી પ્રવજજલીત હતી. તેના કાંગરા જોવા માટે લોકો દૂર દૂરથી સફર કરીને આવતા હતા. આજ કીસરાનો મહેલ ધ્રુજી ઉઠયો હતો, વર્ષોથી જલતી આગ બુઝાઈ ગઈ હતી તેના ચમકતા અને દમકતા કાંગરા ખરી પડયા હતા જયારે અલ્લાહના લાડલા નબી રસુલોના સરદાર પયગમ્બરે આખરૂઝઝમાં હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે દુનિયામાં તશરીફ લાવ્યા હતા મતલબ કે જયારે આપનો જન્મ થયો હતો.

એજ મહાન ત્રિકાળજ્ઞાની નબીએ હિજરતના મૌકા પર સુરાકાબીન

માલીકને વચન આપેલું કે તારા હાથોમાં એક દિવસ કિસરા બાદશાહના કંગન પહેરાવીશું સમય તેનું કામ કરતો રહયો છેક ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોના સમયમાં ઈરાન (ફારસ) પર વિજય પતાકા લહેરાવી કીસરાનો તાજ અને કંગન કીસરાને મહેલ અને તેની શાહઝાદી શહેરબાનુ જયારે માલે ગનીમતમાં હાથ લાગ્યા ત્યારે રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વચન પ્રમાણે અતિવૃધ્ધ થઈ ગયેલા પેલા સુરકાબીન માલીકને કીસરાના કંગન અર્પણ કરેલા અને શાહઝાદીનો નિકાહ નવાસાએ રસુલ હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા (રદીયલ્લાહો અન્હો) સાથે કરવામાં આવ્યો. આ ઐતિહાસિક મહેલ આજે તો પડું પડું હાલતમાં છે. છતાં તેની ભૂતકાળની ભવ્ય જાહોજલાલીનો ખ્યાલ તો આપી જ દે છે. અહિંયા અમને એક ફોટોગ્રાફર મલ્યો જેણે ફોટો પડાવવા ખુબ આગ્રહ કર્યો કે એક કોપી પડાવી લો મને એવું લાગ્યું કે આજે આ ભાઈને હજુ કોઈએ બોણી કરાવી નથી અમો આઠ અને બે ગાઈડ કુલ દશ જણા હતા. તેમાંથી મો- સઈદ અને મો. ઈરફાને ના પાડી અમારે ફોટો પડાવવો નથી. તેઓ અમારા ગૃપમાં સામીલ ના થયા અમો બાકીના આઠ જણાએ એક ગૃપ એવી રીતે ફોટો પડાવ્યો કે કીસરાનો આખો મહેલ દેખાઈ આવે તેની કોપી બીજા દિવસે અમારી હોટલ પર બગદાદમાં પહોંચાડી દીધી એ કોપી આજે પણ મારી પાસે છે. આમ તો દરેક જગ્યાએ ફોટાગ્રાફરો લગભગ હોય છે. પણ અમે આખાય સફર દરમિયાન ફક્ત આ કીસરાનો મહેલ કેવો છે તે મારા બાળકોને બતાવવાની ગરજથીજ ફોટો પડાવેલો. કારણ કે બીજા બુઝર્ગોના મઝારના ફોટા તો બધે જ મળતા હોય છે. ત્યાંથી અમો એક બંકર જે અલ-અમરીયા સેન્ટરના નામથી ખ્યાતી ધરાવે છે તે જોવા ગયા ત્યાં યુધ્ધ વખતે અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાક પર જે ઝુલ્મો સિતમનો વરસાદ

વરસાવેલો તેની એક નાની એવી આછી ઝલક આ સેન્ટર જોવાથી જાણવા મલે છે. અમારી બસ કીસરાના મહેલથી રવાના થઇ અલ-અમરીયા સેન્ટરની તબાહી જોવા અમો લગભગ મગરીબના ટાઇમે પહોંચ્યા હતા એક યુરોપીયન જેવી લાગતી સ્ત્રી ત્યાં જોવા આવનારની સાથે રહે છે. આ બંકરની મજબુતી કયા શબ્દોમાં બયાન કરવી એજ સમજ પડતી નથી આ સેન્ટરમાં ઈરાકના ભવિષ્યના સર્વ શ્રેષ્ઠ બને તેવા નાગરિકો જે યુધ્ધ વખતે તો નાના બાળકો હતા તેમના માટે આ શિક્ષણ સંકુલ બનાવાયું હતું બાળકો લગભગ ૧૦ થી ૧૫ વર્ષની વયના હશે જેમની સંખ્યા ૨૦૦થી વધુની હતી અને તેમના શિક્ષકો અને વહીવટકર્તાઓ કુલ ૪૦૦થી વધુની સંખ્યાને કેમીકલ બોમ્બથી આ સેન્ટરને તોડી તેમાં આગ લગાડી આ નાના નાના માસુમ બાળકોને જીવતા જ સળગાવી નાખવામાં આવ્યા છે. આગ એટલે ભયંકર હતી કે તેને બુઝાવવા નીચેના ભોયરામાં ૬ ફુટ સુધી પાણી ભરી દેવામાં આવ્યું તે પાણી એટલું ગરમ થઇ ગયું કે જે બચ્યા હશે તે ઉકળતા પાણીથી બળીને મરી ગયા જયાં જયાં તેમના બળેલા શબો દિવાલોને ચોટયા હતા ત્યાં ત્યાં આજે પણ એ નિશાનીઓ મૌજુદ છે. ગમે તેવા પત્થરદિલ ઈન્સાનને રડાવી દે તેવી કરૂણ કથની દર્શાવતી આ જગ્યા અલ-અમરીયા સેન્ટર જોનારા માટે એજ હાલતમાં ખુલ્લી રાખવામાં આવી છે. અહીંથી અમો દજલા (ટાઇગ્રીસ)નો એ સુંદર કિનારો જે હરવા ફરવા અને મૌજશોખ કરવા માટેનો ચોપાટી જેવો આરો છે જે ગેરાહટના નામથી પ્રખ્યાત છે.

તે જોવા ગયા અહિંયા બહુજ સારી સારી હોટલો છે. અહીંની સાંજ જાણે પેરીસ કે લંડનની સાંજ હોય તેવી લાગે છે. અમારા ટુર ઓર્ગેનાઇઝર મહંમદહુસૈન મુંબઇવાળા મને કહે સૈયદ સાહબ આજ ખાના અહીં ખાયા જાયે. મેં કહયું જૈસી આપકી મરઝી અમે ત્યાંની

પ્રખ્યાત હોટલ અલ- બલામ જે નદીના કીનારે છે. તેનો એક ભાગ બોટમાં હોય છે. લાઇટોની ઝળહળાટ રોશની દજલાના પાણીમાં જાણે નુર પૈદા કરતી હોય તેવું લાગે છે. રાત્રે પણ બોટમાં લોકો લટાર મારવા જાય છે. બોટમાં બેઠા બેઠા નાશતા કરતા જોવા મળે છે. અહિંયાનો માહોલ તદ્દન મોર્ડન દેખાય છે. જાણે કે આ બગદાદ છે જ નહીં કોઇ યુરોપીયન દેશ હોય તેવું લાગે છે. અમે ત્યાંજ જમી લીધું અહીંની પ્રખ્યાત વાનગીમાં સેકેલી માછલી (જે આગની નજીક રાખીને શેકાય છે. આગની ઉપર રાખીને શેકાતી નથી)નો આ સ્વાદ માણ્યો ખરેખર આ લાહવો લેવા જેવો ખરો! પછી અમો અમારી હોટલ પર આવી ગયા.

(૧) તા. ૮-૫-૯૯ શનિવાર આજે અમો સવારે ચા- પાણીથી પરવારીને અલ- મુસય્યેલ ગયા અહિંયા હઝરત **મુસ્લીમ બીન અકીલ** (રદીયલ્લાહો અન્હો)ના બે ફરઝંદોનો શાનદાર રોઝો છે. બન્ને ભાઈઓના મઝાર પર કલાત્મક ઘુમ્મટ શોભી રહયા છે તેમના વાલીદની શહાદત પછી આ બન્ને માસુમ ભુલકાઓ જે બાપની સાથે કુફા આવ્યા હતા એકનું નામ છે. **મોહમ્મદ બીન મુસ્લીમ** અને બીજાનું **ઈબ્રાહીમ બીન મુસ્લીમ** (રદીયલ્લાહો ત્આલા અન્હુમ) ને ખુબજ નિર્યદયતાપૂર્વક શહીદ કરવામાં આવ્યા હતા તેમની શહાદતની દાસ્તાન ઘણી જ કરૂણ છે. આ બાળ શહીદોની ઝિયારત કરીને અમો.

(૨) હઝરત **ઔન બીન અબ્દુલ્લાહ** બીન જાઅફરે તૈયાર બીન અબુતાલીબ (રદીયલ્લાહો અન્હો)ના મઝારની ઝિયારત કરીને ત્યાંથી થોડેક દૂર.

(૩) હઝરત **હુરબીન યઝીદ રીયાહી** (રદીયલ્લાહો અન્હો)ની મઝાર પર આવ્યા આ હુર પ્રથમ તો યઝીદી ફૌજના સરદાર હતા પણ જયારે તેમને ખબર પડી કે હઝરત ઇમામે હુસૈન (રદીયલ્લાહો અન્હો)

સાથે દગો કરવામાં આવ્યો છે. તો આપે તરત જ યઝીદી ફોજને છોડી દીધી અને હુસૈની કાફલામાં દાખલ થઇ ગયા અને યઝીદીઓ સામે લડતા લડતા શહાદતને વર્યા. સચ્ચાઇનો સ્વીકાર કરીને યઝીદીઓથી છેડો ફાડી હુસૈનીઓમાં દાખલ થઇ જન્નતના હક્કદાર બનનાર આ એકજ ખુશનશીબ વીરલો હતો. પછી અમો ત્યાંથી કરબલાએ મોઅલ્લા જવા રવાના થયા.

**કરબલા શરીફ**માં આવેલ શહીદે આઝમ (રદી યલ્લાહો અન્હો)ના રોઝા મુબારકના બુલંદ મીનારાતો અમે બસમાં બેઠા બેઠા દૂર દૂરથી જોઇ રહયા હતા. જેમ જેમ બસ કરબલાએ મોઅલ્લા તરફ આગળ વધતી હતી તેમ તેમ હૃદયનાં ભાવ ના કલ્પી શકાય તેવા થતા હતા. કલ્પનાઓમાં જે કરબલા હતી તેનાથી અહિંયા કંઇજ જુદુજ જોવા મલ્યું કરબલા આજે તો એક ધમધમતું શહેર છે. એક જમાનામાં વિરાન ઉજ્જડ મૈદાન હશે. હઝરત ઇમામે આલીમકામના આશ્તાનાએ આલીયાથી થોડેક દૂર નહેર ફુરાત વહેતી પણ જોઇ. ઇમામે આલી મકામના રોઝાને અડીને રોડ પસાર થાય છે અમો રોડ ઓળંગીને રોઝાના વિશાળ સંકુલમાં દાખલ થયા. પ્રથમ વોઝુ બનાવી દરગાહ શરીફમાં બાઅદબ હાજીર થયા દાખલ થતાની સાથે જ આપની ભવ્ય શહાદતની યાદ તાજા થઇ આંખો સહજભાવે ટપકવા લાગી વારંવાર આપના મઝારને જોતો કયારેક નજરો નીચે કરી સલાતો સલામ પેશ કરતો, કયારેક રડી લેતો, કયારેક દુઆ માંગતો, પછી ફાતેહાખ્વાની કરી અંદર રોઝામાં ફર્યા **હઝરત ઇમામે હુસૈન (રદીયલ્લાહો અન્હો)નો મઝાર જાણે નુરની ખાણ હોય** તેવું લાગ્યું સોના અને ચાંદીનો કોઇ પાર નહીં કાચનું કામ ગમે તેવાને આંજી નાખે તેવું ભવ્ય તો ખરૂં જ હઝરતના રોઝામાં એક બીજી કબર છે. જેમાં બાકીના તમામ શહીદોને એકજ કબરમાં દફન કરવામાં આવેલ છે. અને રોઝાના બીજા એક ખુંણામાં

જયાં નમાઝની હાલતમાં આપ શહીદ થયા હતા તે જગ્યા પણ છે. અમે તે જગ્યાના પણ દિદાર કર્યા. રોઝામાં ખુબ રોકાયા બહાર જવાની ઈચ્છા ન હતી પણ મજબુર હતા. અહિંયા પણ એક મૈયતને લોકો લાવ્યા જે શિયા હશે. જનાઝાને મઝારનો તવાફ કરાવીને લઈ ગયા પછી અમો બહાર નીકળ્યા અહીંથી નજીકમાંજ એક આવોજ શાનદાર રોઝો છે. જયાં હઝરત અબ્બાસ અલમ બરદાર (રદીયલ્લાહો અન્હો) આરામ ફરમાવે છે. આપની ઝિયારત કરીને અમો અમારી બસમાં સવાર થઈ કરબલામાં આવેલ એક હોટલમાં જમવા ગયા અને મને ખુશી એ વાતની હતી કે ઘણા સમય પહેલા મેં એક મનકબત લખી હતી અને તેમાં મેં એક અરજ કરી હતી મારી એ અરજ આજે સાંભળી લીધી. શુક્રીયા.

**બુલાલો મુજકો દરપર અય અલી કે લાલ બુલવાલો.**
**લબો પર ઈલ્તેઝા હય ઔર આંખો મેં રોઝે કી જાલી હૈ.**
**અય ફાતેમાહ કે ચાંદ મેરી ઈલ્તેજા સુન લો.**
**કરમકી એક નઝર કરદો "મુહિબ" અદના સવાલી હૈ.**

તા.૯/૫/૯૯ રવિવાર આજે અમો બલદ જવા રવાના થયા. બલદ બગદાદથી લગભગ ૪૦ કી.મી. દૂર હશે. આ વિસ્તાર 'ઘણોજ રળીયાણો હર્યો ભર્યો લીલોછમ છે. નહેરે ફુરાતના પાણીથી ખેતીવાડી સારી છે. અંહિયા દ્રાક્ષ, અંજીર, તીન, જેતુર અને સફરજનની વાડીઓ આવેલી છે. એ વાડીઓ રસ્તાની બન્ને બાજુએ હતી બસમાં બેઠાબેઠા હરિયાળા પ્રદેશને જોતા અમો બલદ પહોંચ્યાં જયાં

(૧) હઝરત સૈયદ **મોહંમદ ઈબ્ને ઈમામ અલી તકી** નો મઝાર છે. જે અગીયારમાં **ઈમામ હસન અસ્કરી** (રદીયલ્લાહો અન્હો)ના ભાઈ થાય છે. તેમની ઝિયારત કરીને અમો સામરા જવા નીકળ્યા સામરા, બગદાદથી લગભગ ૧૩૦ કી.મી.ના અંતરે આવેલું ઈરાકનું

સુંદર પદ્ધતિસર બનાવાયેલું નાનું નગર છે. સામરા જયાં ફુરાત (યુફ્રેટીસ) નદી પર મોટો બંધ બાંધવામાં આવ્યો છે. આ બંધથી ઈરાકની ખેતીવાડીને ઘણોજ લાભ થયો છે.

સામરામાં દશમા **ઈમામ હઝરત અલી નકી** (રદીયલ્લાહો અન્હો) અને અગીયારમાં ઈમામ **હઝરત હસન અસ્કરી** (રદીયલ્લાહો અન્હો)ના મઝાર મુબારક આવેલ છે. એક શાનદાર રોઝામાં આ બન્ને ઈમામ આરામ ફરમાવી રહ્યા છે અને **બીબી હકીમાખાતુન** અને **બીબી નરગીસખાતુન**ના પણ મઝાર આવેલ છે. અમે તેઓની પણ ઝિયારત કરી. આ દરગાહ શરીફ પર સમારકામ ચાલુ જ છે. ઈરાકમાં ઘણી મસ્જીદો અને દરગાહોનું રીપેરીંગ અને આધુનિકરણ થઈ રહ્યું છે. આ રોઝાની બહાર સહેનમાં એક ગાર (ગુફા) આવેલી છે. તેને ગારે મેહદી કહે છે જે નીચે છે પગથીયા છે. હું તે ગારને જોવા અંદર ઉતરીને જોવા ગયો.

**ગારે મેહદી**માં અંદર એક હુજરાં (ઓરડો) છે. જેમાં મુસલ્લો અને કુર્આને પાક મુકેલા છે. ઝાઈરીન ત્યાં જઇ નમાઝ પઢે છે. તીલાવત કરે છે. મેં ગાઇડને પૂછયું આને ગારે મહેંદી કેમ કહે છે? તો ખાદીમથી પુછીને ગાઈડે કહ્યું કે કયામત પહેલા **બારમા ઈમામ મેંહદી જાહેર થશે** અને તેઓ આ જગ્યાએથીજ જાહેર થશે ઈન્શાઅલ્લાહ પછી અમો સાંજે પોતાના ઉતારા ઉપર આવી ગયા ઈશાં બાદ અમો ટેક્ષી કરીને કાજમૈન ગયા જે બગદાદનું એક સારૂં બજાર છે. સાથીઓએ અહીંથી થોડીક ખરીદી કરી ઉતારા પર આવી ગયા.

તા.૧૦/૫/૯૯ સોમવાર આજે બપોર પછી અમારે બગદાદ શરીફથી વિદાય લેવાની હતી. સાત દિવસ તો ઘડીકમાં પુરા થઈ ગયા બગદાદની એ ખુશનુમા આબોહવા, દજલા નદીનું અલ્હાદક દ્રશ્ય, બુઝુર્ગાનેદીન આસ્તાનાઓનો રૂહાની માહોલ યુનોના પ્રતિબંધના કારણે

આર્થિક ભીંસ વેઠી રહેલી ખમીરવંતી નિડર અને બાહોશ ઈરાકની પ્રજાનો આહોભાવ કેમ કરીનેય ભૂલાય તેમ નથી. છતાં સમયપત્રક પ્રમાણે દરેકને ચાલવું જ પડે. આજે અમારે ફરીથી દમિશ્ક સીરીયા) જવાનું હતું કારણ કે તા.૧૨-૫-૯૯ બુધવાર સવારે ૧૧ વાગે દમીશ્કથી દુબઈથી ફલાઈટ હતી અને દુબઈથી રાત્રે ૧૦ વાગે મુંબઈ જવાનું હતું એટલે એક તરફ વતન પાછા ફરવાનો ઉમંગ અને બીજી તરફ મુકદ્દસ ઝિયારત ગાહોથી વસમી વિદાયનો રંજ બન્નેને સાથે લઈને અમો દમિશ્ક આવવા ફરી બસમાં સવાર થયા. માર્ગમાં ચેક પોષ્ટ પર ફરી તપાસ થઈ ખાસા ચાર-પાંચ કલાક રોકાયા અને તા.૧૧-૫-૯૯ મંગળવારે સવારે દમિશ્ક હાસ્મીયા બિલ્ડીંગ પર આવી ગયા અમો વધારાનો સામાન અહીંજ મુકીને ગયા હતા. તે પહેલા જોઈ લીધો સમાન સલામત હતો. આજનો દિવસ દમિશ્કમાં પસાર કર્યો તા.૧૨-૫-૯૯ બુધવારે સવારે દમિશ્ક એરપોર્ટ પર જવા નિકળ્યા અને ૧૦-૩૦ વાગ્યાના સીરીયન એરના **EK 912** ની ફલાઈટથી દમિશ્કથી રવાના થયા બપોરે બે વાગે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા દુબઈનું એરપોર્ટ વિશ્વના એરપોર્ટમાં અગ્રીમસ્થાન ધરાવે છે. અંહિયા કોઈ ડયુટી નથી. અદ્યતન સાધનોથી સજજ આ એરપોર્ટ પર અમારે આઠ કલાક પસાર કરવાના હતા. એરપોર્ટ એટલું વિશાળ અને સુંદર હતું કે ટાઈમ પાસ કરવામાં જરા પણ કંટાળોના આવે અહિંના પ્રખ્યાત ફ્રી ડયુટી માર્કેટમાં ગયા. અહિંયા દરેક વસ્તુ મળે છે. ટાંકણીથી લઈને મોટરકાર સુધીની વસ્તુઓનું વેચાણ ચાલુ હોય છે. નમાઝ પઢવા માટે સગવડ છે. સમયસર નમાઝ અદા થઈ જતી હતી. બરાબર રાત્રે ૧૦ વાગે દુબઈથી મુંબઈ આવવા એર ઈન્ડીયાના **AI 754** ની ફલાઈટમાં સવાર થયા રાત્રે ૨-૦૦ વાગ્યે મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે ખબર પડી કે મુંબઈના એરપોર્ટનું નામ બદલાઈ ગયું

છે. જયારે હજ કરવા ગયા હતા ત્યારે સહારા નામ હતું અને આવ્યા ત્યારે શિવાજી મહારાજનું નામ જોડી દેવામાં આવ્યું જાણ્યું અમો આઠ માણસોમાં છ જણા તો મુંબઇના જ હતાં. ટુર ઓર્ગેનાઇઝર મહંમદહુસૈનભાઇએ તેમના ઘેર ફોન કરી દીધો હતો તેમને લેવા માટે તેમના દિકરા ટાટા સુમો લઇને આવવાના હતા. બાકીના મુંબઇવાળા માટે પણ સગવડ થઇ ગઇ હતી. મારે તો મુસાફર ખાનું શોધવાનું હતું કારણ કે મૈં રૂપાલ ફોન પર કહ્યું હતું કે હું તા. ૧૪/૫/૯૯ મુંબઇ ઉતરીશ પણ અમને ૧૨ તારીખની ફલાઇટમાં જગ્યા મળી ગઇ એટલે ફરી બીજી વખત જાણ કરીને કોઇને વિમાસણમાં નાંખવા નથી. હું એક દિવસ કોઇપણ જગ્યાએ રોકાઇ જઇશ કારણ કે અમને લેવા રૂપાલથી લગભગ ૬૦ માણસો એક લકઝરી લઇને આવવાના હતાં. એટલે મહંમદ હુસૈનભાઇ મને તેમના મકાન નજીકના ઘાચી મુસાફરખાના જેમાં આમો આવ્યા ત્યારે પણ ત્યાંજ રોકાયા હતા એજ સ્થળે લઇ ગયા લગભગ ચાર વાગ્યા હશે મુસાફરખાનું તો આખુ ભરચક્ક હતું બધા ઘસઘસાટ સુઇ રહ્યાં હતાં ખોલીને જોયું તો રૂપાલની જ ટુર હતી. તેમને તો એમજ કે બાપુ તો ૧૪ તારીખે આવશે મેં જગાડયા તેઓ બધા જ એકદમ ચોંકી ગયા પછી તો સ્વજનોને મળવાની ખુશીનો પાર હોય ખરો? તા. ૧૩ ગુરૂવાર ૧૪ શુક્રવાર અને ૧૫ શનિવાર સુધી બધા મુંબઇમાં ફર્યા તા. ૧૫-૩-૯૯ થી ૧૬-૫-૯૯ સુધીની મારી આ હજ અને ઝિયારતની યાત્રાના ૬૦ દિવસો અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી બુઝુર્ગોની દુઆથી હેમખેમ પસાર થયા. તા. ૧૬/૫/૯૯ રવિવારે બપોરે અમો રૂપાલ પરત આવી ગયા. અલહમ્દો લિલ્લાહ.

## અમારી ઝિયારત ટુરના સાથીઓ

(૧) અલહાજ મહંમદહુસૈનભાઇ બુમેડીયા-મુંબઇ (ટુર ઓર્ગેનાઇઝર દયારે હબીબ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ મુંબઇ)
(૨) અલહાજ ઈબ્રાહીમભાઇ નાગરીયા મુંબઇ
(૩) હજીયાણી સલમાબાનું નાગરીયા મુંબઇ
(૪) હજીયાણી ફરનાઝબાનુ નાગરીયા મુંબઇ
(૫) અલહાજ મોહમ્મદ સઈદ કાપડીયા મુંબઇ
(૬) અલહાજ મોહમ્મદ ઈરફાન કાપડીયા મુંબઇ
(૭) અલહાજ સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલ)
(૮) હજીયાણી રેહાનાખાતુન ડી. કાદરી (રૂપાલ)

## - અમારી હજ ટુરના સાથીઓ -

(૧) અલહાજ ગુલામરસુલ મુસેભાઇ કાપડીયા (દલાલ) કડી (ટુર ઓર્ગેનાઇઝર ખ્વાજા ગરીબ નવાઝ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કડી.)
(૨) અલહાજ મૌલાના હાફેઝ મોહમ્મદ શરીફ પેશઈમામ સાહેબ (ઘાંચીવાડ મસ્જીદ કલોલ)
(૩) અલહાજ બસર ગુલામરસુલ ઈસ્માઇલભાઇ કલોલ
(૪) હજીયાણી મુમતાજબેન ગુલામરસુલ બસર કલોલ
(૫) હજીયાણી બેબી મીન્હાજબાનું ગુલામરસુલ બસર (ઉ.વ.૧૧) કલોલ
(૬) અલહાજ બાબો સમીર ગુલામરસુલ બસર (ઉ.વ.૯) કલોલ (ઉપરોક્ત બન્ને બાળકો અમારી હજ ટુરના સૌથી નાની વયના હાજી હતા)
(૭) અલહાજ મલેક દાદાભાઇ રસુલભાઇ કલોલ

(૮) હજીયાણી મલેક છોટીબીબી દાદાભાઇ કલોલ
(૯) હજીયાણી મલેક નુરબીબી રસુલભાઇ કલોલ
(૧૦) હજીયાણી મલેક શરીફાબીબી અકબરભાઇ કલોલ
(૧૧) અલહાજ પટેલ કાસમભાઇ યાકુબભાઇ વિરમગામ
(૧૨) હજીયાણી પટેલ રૂકૈયાબેન કાસમભાઇ વિરમગામ
(૧૩) અલહાજ વેપારી શરીફભાઇ હસુભાઇ વિરમગામ
(૧૪) અલહાજ ભઠીયારા મો. હનીફ ગનીભાઇ વિરમગામ
(૧૫) હજીયાણી તાઇ કુલસુમબેન હૈદરભાઇ વિરમગામ (હજીયાણી કુલસુમબેન અમારી ટુરમાં સૌથી મોટી ઉમરના હતાં.)
(૧૬) અલહાજ ઇબ્રાહીમભાઇ મોતીભાઇ કુરેશી-જેનાબાદ
(૧૭) હજીયાણી કુરેશી ફાતમાબેન ઇબ્રાહીમભાઇ જેનાબાદ
(૧૮) અલહાજ કુરેશી નાથુભાઇ ઉમરઅલી જેનાબાદ
(૧૯) હજીયાણી કુરેશી દાદબાઇબેન નાથુભાઇ જેનાબાદ
(૨૦) અલહાજ મનસુરી ગુલાબભાઇ હાજીભાઇ કડી
(૨૧) હજીયાણી સોનીયા અમીનાબેન ઉસ્માનભાઇ કડી
(૨૨) અલહાજ અજમેરી ઉસ્માનભાઇ ગાજીભાઇ ધંધુકા
(૨૩) અલહાજ સમા બાવાભાઇ અસ્માલભાઇ વેકરીયા
(૨૪) મર્હુમ અલહાજ અછવા ઉમરભાઇ સુલેમાનભાઇ મહેસાણા (હજથી આવ્યા બાદ એક મહીના પછી વફાત પામ્યા)
(૨૫) અલહાજ સૈયદ દાદામિયાં એસ. કાદરી-રૂપાલ
(૨૬) હજીયાણી સૈયદા રેહાનાખાતુન ડી. કાદરી-રૂપાલ

## પીરે તરીકત અલહાજજ સૈયદ
## દાદામિંયા શમ્સુદ્દિન કાદરી "મુહિબ" સાહેબ

### રૂપાલવાલાની સંપાદિત કિતાબોની યાદી

(૧) ધરથી કબર સુધી
(૨) મન્સબે રસુલ
(૩) ઈમામે આઝમ
(૪) શહિદે આઝમ
(૫) કયામત કયારે ?
(૬) રહેમતની ઋતુ
(૭) ફઝાઈલે દુરૂદ શરિફ
(૮) બહારે અકીદત
(૯) ઈસ્લામી તાઅલીમ
(૧૦) જલ્વ એ હુદ
(૧૧) બે જરૂરી વાતો
(૧૨) નઝરાના
(૧૩) ફૈઝે કાદરીયાહ
(૧૪) નાઅત સંગ્રહ
(૧૫) શહિદ હાજીપીર
(૧૬) નફીલ ઈબાદતો
(૧૭) અલ્લાહની રસ્સી યાને દામને રસુલ
(૧૮) ઈસ્લામની ઓળખ
(૧૯) લગ્ન પહેલા અને લગ્ન પછી
(૨૦) ઈમાનની દૌલત
(૨૧) મહેફીલે મીલાદ
(૨૨) ઈમાની તારલા ભાગ-૧ અને ભાગ-૨
(૨૩) ચાલીસ હદીસ
(૨૪) રોજીંદી જરૂરી દુઆઓ
(૨૫) હઝરત પીર દાદા મહાવલી (રહેમતુલ્લાહ અલયહ)
(૨૬) નસીમે સહર
(૨૭) હુદ સ્મૃતિકા (સોવેનિયર)
(૨૮) હિજાઝ ની વાદી અને ફુરાતનો કીનારો

નોંધ : - ઉપરોકત કિતાબોમાં ફકત નં ૨૮ સિવાય તમામનો સ્ટોક ખલાસ છે. જેની નોંધ લેવા વિનંતી

*ઈન્શા અલ્લાહ હવે પ્રગટ થશે*

**ખ્વાજા-એ-આઝમ**

(રદીયલ્લાહો અન્હો)

# પાની પીયો તો યાદ કરો પ્યાસ ઈમામ કી
# યારો યે સબીલ હે શહિદો કે નામ કી

## સબીલ ન્યાજે હુસૈન

ચાલુ સાલે સૌરાષ્ટ્રમાં વરસાદ ઓછો થતા માણસો પાણી માટે અનેક જાતની યાતનાઓ ભોગવી રહ્યા છે. તે બાબતને ધ્યાનમાં લેતા કમિટીની બીજા માળની ઓફીસ નીચે નગર પાલીકાની હદમાં તેની કાયમી પરવાનગી લઈને બોરીંગ કરાવતા ૬૫ ફૂટના અંતરે પાણી મળી આવેલ છે.

૨૧ રમજાન શરીફ હી. ૧૪૨૦ તા. ૩૦-૧૨-૯૯ ગુરૂવારના અમીરૂલ મોઅમેનીન હઝરત અલી શેરે ખુદા (રદી અલ્લાહો તઆલા અન્હો)ના યૌમે શહાદતના દિવસે ફ્રીઝ મુકીને બારે માસ માટે સબીલ ન્યાજે હુસૈન ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

યાદ રહે કે ૧૦ મોહર્રમ હી. ૧૩૮૭ સને ૧૯૬૭ના હઝરત બોદલ શાહ પીર (રહેમતુલ્લાહ અલયહૈ) ના મઝારે પાક પાસે ફકત ઠંડુ પાણી પીવડાવીને આ કમીટીની નેક સ્થાપના કરવામાં આવેલ બરાબર ૩૩ વર્ષે કાયમી ઓફીસ મળતા કાયમના માટે સબીલ ન્યાજે હુસૈનનું આયોજન શરૂ કરવામાં આવેલ છે. આ જવલંત સફળતા બદલ અલ્લાહ તઆલાનો લાખ લાખ શુક્રીયાહ અદા કરીને આ તકે કમિટી ખુશી અનુભવેછે.

લી. વ્યવસ્થાપક

**સુન્ની મુસ્લિમ કમિટી - ગોંડલ.**